પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨

તા. ૧૯-૧-૨૦૨૬, સોમવાર

વર્ષઃ ૧૪, અંક : ૨૬૬

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

મે લાગણીના જન્માક્ષર જોયા છે, મે માણસના મનનાં હસ્તાક્ષર જોયા છે, જિંદગી સાચવીને જીવજો મિત્રો, કેમકે ગ્રહો કરતા વધારે માણસોને નડતા જોયા છે.




### ટ્રમ્પે 'લક્ષ્મણ રેખા' ઓળંગતા ચો તરફ અંધાધૂંધી

# ગ્રીનલેન્ડ ઉપર અમેરિકાનો ડોળો : ૮ યુરોપિયન દેશો ટ્રમ્પ ટેરીફ સામે 'ટેરીફ યુદ્ધ' છેડશે

## યુરોપિયન યુનિયન પણ લડી લેવાના મૂડમાં, ૮ દેશોના નેતાઓએ બેઠક બોલાવી વ્યૂહરચના ઘડી, ગ્રીનલેન્ડની હાલત વેનેઝુએલા જેવી નહિ થવા દેવા ઘમાસાણ

### તણાવથી રશિયા અને ચીનને ફાયદો થઈ શકે છે

યુરોપિયન યુનિયન વિદેશ નીતિના વડા કાજા કલ્લાસે તાજેતરમાં કહ્યું હતું કે અમેરિકા અને યુરોપ વચ્ચે વધતા મતભેદોથી ચીન અને રશિયાને ફાયદો થશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, કલ્લાસે કહ્યું હતું કે, ''જો ગ્રીનલેન્ડની સુરક્ષા જોખમાય છે, તો તેને નાટો જોડાણની અંદર ઉકેલી શકાય છે. આ રીતે ટેરિફ લાદવાથી યુરોપ અને યુનાઈટેડ સ્ટેટ્સ બંને ગરીબ થશે અને સહિયારી સમૃદ્ધિને નુકસાન થશે.''

**અબતક, નવી દિલ્હી**

ટ્રમ્પે વેનેઝુએલાને હસ્તગત કર્યા બાદ હવે તેનો ડોળો ગ્રીનલેન્ડ ઉપર છે. ટ્રમ્પે લક્ષ્મણ રેખા ઓળંગતા યુરોપિયન યુનિયન હવે ધુઆપુઆ થઈ ગયું છે. ટ્રમ્પે ટેરીફ ઝીકવાની ધમકી જાહેર કરતા સામે યુરોપિયન યુનિયને પણ ટેરીફની ચીમકી ઉચ્ચારી છે.

યુરોપિયન યુનિયન યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે કાર્યવાહી કરવાની યોજના બનાવી રહ્યું છે. આ બાબતે રવિવારે એક બેઠક યોજાઈ હોવાનું જાણવા મળ્યું છે. આ બેઠક દરમિયાન, ટ્રમ્પને સાથી દેશો પર ટેરિફ લાદવા અથવા યુએસ સામે બદલો લેવાથી રોકવા પર ચર્ચા થઈ. ઉલ્લેખનીય છે કે, યુએસએ તાજેતરમાં આઠ યુરોપિયન દેશો પર ટેરિફની જાહેરાત કરી હતી.

યુરોપિયન નેતાઓ ગુરુવારે બ્રસેલ્સમાં એક સમિટમાં વિકલ્પો પર વિચાર કરશે. આમાંથી એક યુએસ આયાત પર ૯૩ બિલિયન યુરો પેકેજ છે, જે છ મહિનાના સસ્પેન્શન પછી ૬ ફેબ્રુઆરીએ આપમેળે ફરી શરૂ થશે. બીજું એન્ટિ-કર્સિયન ઈન્સ્ટ્રુમેન્ટ છે. આ જાહેર ટેન્ડર, રોકાણ અથવા બેંકિંગ પ્રવૃત્તિઓની ઍક્સેસને પ્રતિબંધિત કરી શકે છે, અને ડિજિટલ સેવાઓ સહિત સેવાઓમાં વેપારને પણ પ્રતિબંધિત કરી શકે છે, જ્યાં યુએસને બ્લોક પર મજબૂત ફાયદો છે. સૂત્રોને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે ટેરિફ પેકેજને વધુ ટેકો મળે તેવું લાગે છે. યુરોપિયન યુનિયનના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાએ કહ્યું કે સભ્યો સાથેની ચર્ચામાં તેમણે ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ માટે સમર્થન જોયું.

ગ્રીનલેન્ડ પર અમેરિકાના નિયંત્રણનો વિરોધ કરતા આઠ યુરોપિયન દેશો પર ૧૦ ટકા ટેરિફ લાદવાની ચર્ચા થઈ હતી. આ જાહેરાતથી ગુસ્સે થઈને, યુરોપિયન નેતાઓ અને રાજદ્વારીઓએ ચેતવણી આપી છે કે આ પગલું અમેરિકા-યુરોપ સંબંધોને નબળા બનાવી શકે છે અને ''ખતરનાક નકારાત્મક તબક્કા'' તરફ દોરી શકે છે.

ટ્રમ્પે શનિવારે જાહેરાત કરી હતી કે ડેનમાર્ક, નોર્વે, સ્વીડન, ફ્રાન્સ, જર્મની, બ્રિટન, નેધરલેન્ડ અને ફિનલેન્ડ પર ૧૦ ટકા આયાત ટેરિફ લાદવામાં આવશે. ટ્રમ્પ ગ્રીનલેન્ડ, ડેનમાર્કના અર્ધ-સ્વાયત્ત પ્રદેશ, નાટો જોડાણના સભ્યને, યુએસ રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્વપૂર્ણ માને છે અને સતત તેના નિયંત્રણ માટે હાકલ કરે છે.

ટ્રમ્પના આ પગલાની યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ ટીકા થઈ છે. યુએસ સેનેટર માર્ક કેલીએ જણાવ્યું હતું કે સાથી દેશો પર ટેરિફ લાદવાથી અમેરિકનો માટે વધુ ખર્ચ થશે અને અમેરિકાની વૈશ્વિક સ્થિતિને નુકસાન થશે. યુરોપમાં ટ્રમ્પના નજીકના સાથી ગણાતા ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પણ આ નિર્ણયને ''ભૂલ'' ગણાવ્યો હતો.

(અનુ. આઠમા પાને)

### ગરજે ગધેડાને...!!!

## શાંતિનું નોબેલ ઈચ્છતા ટ્રમ્પઃ ગાઝાની શાંતિ માટે ભારતને નોતરું આપ્યું

દુનિયા આખી જાણે છે કે ડોનાલ્ડ ટ્રમ્પની રાજનીતિ 'પહેલા



તોડો અને પછી સાંધો' જેવી રહી છે. જે માણસે પોતાની આખી કારકિર્દીમાં વિશ્વને 'પીસ' (ટુકડા) માં વહેંચવામાં કોઈ કસર નથી છોડી, તે હવે અચાનક ગાઝામાં 'પીસ' (શાંતિ) ના વેપારી બનીને નીકળ્યા છે.

આ હાઈ-પ્રોફાઈલ બોર્ડના અધ્યક્ષ પોતે ડોનાલ્ડ ટ્રમ્પ રહેશે અને તેમાં જેરેડ કુશનર, બ્રિટનના પૂર્વ પીએમ ટોની બ્લેર, અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો અને વર્લ્ડ બેંકના પ્રેસિડેન્ટ અજય બંગા જેવા દિગ્ગજોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારત ઉપરાંત પાકિસ્તાન, ઈજિપ્ત, તુર્કી અને કેનેડા જેવા દેશોને પણ આમાં જોડાવા નોતરું અપાયું છે. જોકે, આ શાંતિના વેપારમાં ટ્રમ્પે એક મોટી શરત પણ મૂકી છે; બ્લૂમબર્ગના અહેવાલ મુજબ આ બોર્ડની લાંબા ગાળાની સદસ્યતા માટે સભ્ય દેશોએ અંદાજે ૧ બિલિયન ડોલર(અંદાજે ₹૮,૩૦૦ કરોડથી વધુ) નું યોગદાન આપવું પડી શકે છે.

વહીવટી માળખામાં 'બોર્ડ ઓફ પીસ' વ્યૂહાત્મક નિર્ણયો લેશે, જ્યારે 'નેશનલ કમિટી' અને 'એક્ઝિક્યુટિવ બોર્ડ' ગ્રાઉન્ડ લેવલ પર કામ કરશે. ગઈકાલ સુધી ટેરિફ અને વેપારના નામે ભારત સામે લાલ આંખ કરતા ટ્રમ્પ આજે ભારત સામે લાલ જાજમ બિછાવી રહ્યા છે, કારણ કે તેમને ખબર છે કે ભારતની મજબૂત વૈશ્વિક છબી અને સહયોગ વિના તેમનો આ 'શાંતિનો શો' સફળ થવો મુશ્કેલ છે. મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપવા માટે ભારતની ભૂમિકા અત્યંત નિર્ણાયક હોવાથી ટ્રમ્પ હવે ભારતની શરણમાં આવ્યા છે.

### અમારો દેશ વેચાણ માટે નથીઃ ગ્રીનલેન્ડમાં ઐતિહાસિક વિરોધ

શનિવારે, ગ્રીનલેન્ડની રાજધાની નુઉકમાં હજારો લોકો યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતર્યા હતા. ટ્રમ્પના ગ્રીનલેન્ડ ''ખરીદવા'' અથવા તેને અમેરિકામાં જોડવાની વાત કરનારા નિવેદન પર વિરોધીઓએ ગુસ્સો વ્યક્ત કર્યો. રાષ્ટ્રધ્વજ લહેરાવીને, લોકોએ ડાઉનટાઉન નુઉકથી યુએસ કોન્સ્યુલેટ સુધી બરફથી ઢંકાયેલી શેરીઓમાં કૂચ કરી. પ્રદર્શન દરમિયાન ''ગ્રીનલેન્ડ વેચાણ માટે નથી'' અને ''આપણી સાર્વભૌમત્વનો આદર કરો'' જેવા નારા ગુંજ્યા. પોલીસના જણાવ્યા અનુસાર, ગ્રીનલેન્ડના ઈતિહાસમાં આ સૌથી મોટો વિરોધ હતો, જેમાં નુઉકની લગભગ એક ચતુર્થાંશ વસ્તીએ ભાગ લીધો હતો. આ જાહેર આક્રોશથી સ્પષ્ટ થયું કે ગ્રીનલેન્ડના લોકો કોઈપણ બાહ્ય દબાણને સ્વીકારવાના મૂડમાં નથી.

### સમગ્ર વિશ્વમાં રોકાણકારોમાં ભયનું વાતાવરણ ઉભું થયું

વૈશ્વિક નાણાકીય બજારો ફરી એકવાર અસ્થિરતાનો અનુભવ કરી રહ્યા છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર યુરોપિયન દેશો પર ટેરિફ લાદવાની ધમકી આપીને રોકાણકારોની ચિંતા વધારી છે. ટ્રમ્પના નિવેદનથી શેરબજાર, ચલણ બજાર અને કોમોડિટી બજારોમાં સાવચેતીભર્યું વાતાવરણ ઉભું થયું છે. નિષ્ણાતો માને છે કે આ વિવાદ એવા સમયે ઉભરી આવ્યો છે જ્યારે રોકાણકારો પહેલેથી જ ભૂ-રાજકીય તણાવ અને વેપાર નીતિની અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યા છે. ટ્રમ્પે કહ્યું છે કે જો યુએસને ગ્રીનલેન્ડ ખરીદવાની મંજૂરી આપવામાં નહીં આવે, તો તેઓ આઠ યુરોપિયન દેશોની આયાત પર વધારાના ટેરિફ લાદશે. યોજના હેઠળ, ૧ ફેબ્રુઆરીથી ૧૦ ટકા આયાત ડ્યુટી લાદવામાં આવશે, જે ૧ જૂન સુધીમાં કરાર ન થાય તો ૨૫ ટકા સુધી વધી શકે છે. આ યાદીમાં ડેનમાર્ક, નોર્વે, સ્વીડન, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, ફિનલેન્ડ અને યુકેનો સમાવેશ થાય છે. આ જાહેરાતથી યુરોપિયન સરકારો તેમજ વૈશ્વિક બજારોને આંચકો લાગ્યો છે.આ આઠ યુરોપિયન દેશોએ ગ્રીનલેન્ડના સમર્થનમાં સંયુક્ત નિવેદન જારી કર્યું છે. દરમિયાન, આઈરિશ વડા પ્રધાને સંકેત આપ્યો છે કે જો યુએસ ટેરિફ ખરેખર લાગુ કરવામાં આવે તો યુરોપિયન યુનિયન બદલો લઈ શકે છે. નિષ્ણાતો કહે છે કે આનાથી યુએસ-યુરોપિયન વેપાર તણાવ ફરીથી વધવાનો ભય છે. અગાઉ આવી અથડામણોને કારણે બજારમાં તીવ્ર ઘટાડો અને રોકાણકારોમાં ગભરાટ ફેલાયો હતો.

### અમે બ્લેકમેઈલિંગથી ડરવાના નથીઃ ડેનમાર્કના વડાપ્રધાન

ગ્રીનલેન્ડ મુદ્દાને ટેકો ન આપવા બદલ યુરોપિયન દેશો પર ટેરિફ લાદવાના અમેરિકાના નિર્ણય અંગેનો વિવાદ વધુ ઘેરો બન્યો છે. ડેનિશ વડા પ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેને તેને યુરોપને ડરાવવાનો અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો પ્રયાસ ગણાવ્યો છે. મેટ્ટે જણાવ્યું હતું કે યુરોપને આ રીતે બ્લેકમેઈલ કરવામાં આવશે નહીં. ગ્રીનલેન્ડના ભવિષ્ય અંગે નિર્ણય લેવાનો અધિકાર ફક્ત ત્યાં રહેતા લોકોને જ છે અને આ અધિકારનું રક્ષણ કરવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પે ડેનમાર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, નોર્વે, સ્વીડન અને યુકે પર નવા ટેરિફની જાહેરાત કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે આ દેશો ગ્રીનલેન્ડને જોડવાની અમેરિકાની યોજનાનો વિરોધ કરે છે. તેથી, ૧ ફેબ્રુઆરીથી આ દેશો પર નવા કર લાદવામાં આવશે. ટ્રમ્પના ટેરિફ લાદવાના નિર્ણય અંગે યુરોપમાં ગુસ્સો જોવા મળી રહ્યો છે. મેટ્ટે ફ્રેડરિકસેને સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું, ''અમે સહકાર ઈચ્છીએ છીએ. અમે સંઘર્ષ ઈચ્છતા નથી. બાકીના ખંડમાંથી મને મળી રહેલા સંદેશાઓથી હું ઉત્સાહિત છું અને કહી શકું છું કે યુરોપને બ્લેકમેઈલ કરવામાં આવશે નહીં. તે વધુ મહત્વપૂર્ણ છે કે આપણે યુરોપિયન સમુદાયનું નિર્માણ કરનારા મૂળભૂત મૂલ્યો પર મજબૂત રીતે ઊભા રહીએ.'' ટ્રમ્પના વર્તનને વિશ્વ વ્યવસ્થા અને નાટો લશ્કરી જોડાણના ભવિષ્ય માટે ખતરો ગણાવવામાં આવ્યો છે. રવિવારે બ્રસેલ્સમાં યુરોપિયન રાજદૂતોની બેઠક બાદ, યુરોપિયન કાઉન્સિલે આગામી દિવસોમાં યુરોપિયન નેતાઓની સમિટ બોલાવવાની વાત કરી છે.

### સમયને એરણે સોનું જ ''શુદ્ધ'' સાબિત થાય છે

## વૈશ્વિક અફરાતફરીના માહોલમાં ગોલ્ડમાં હજુ પણ તેજીના તોખાર

### એમસીએક્સ પર ચાંદી રૂ.૩ લાખને પાર પહોંચીઃ સોનું પણ ૧.૪૪ લાખના ભાવને વટાવી ગયું

અમેરિકા અને યુરોપિયન યુનિયન વચ્ચે તણાવ વધ્યો છે. જેની સીધી અસર સોના અને ચાંદી ઉપર જોવા મળી રહી છે. સોમવારે ચાંદીના ભાવે નવો રેકોર્ડ બનાવ્યો. એમસીએક્સ પર માર્ચ ડિલિવરી માટે ચાંદીના ભાવમાં સવારે રૂ.૧૨,૦૦૦ થી વધુનો વધારો થયો. આ ઉછાળો તેને રૂ.૩૦૦,૦૦૦ પ્રતિ કિલોને વટાવી ગયો. ફેબ્રુઆરી ડિલિવરી માટે સોનામાં પણ નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો, જે રૂ.૨,૦૦૦ થી વધુનો વધારો દર્શાવે છે. આ વધારા સાથે, સોનાનો ભાવ રૂ.૧.૪૪ લાખ પ્રતિ ૧૦ ગ્રામને વટાવી ગયો.




સોના અને ચાંદીના ભાવમાં પણ ગયા અઠવાડિયે વધારો થયો. નોંધપાત્ર રીતે, સોના કરતાં ચાંદીના રોકાણકારોને વધુ ફાયદો થયો છે. સોમવારે, આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાનો હાજર ભાવ ઔંસ દીઠ ૪,૬૭૨.૫૦ ડોલર અને ચાંદી ૯૪.૦૬૫ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહી હતી. યુએસ સરકારના ગ્રીનલેન્ડને પોતાનામાં ભેળવી દેવાના નિર્ણય પછી બજારમાં અનિશ્ચિતતા વધી છે.

બજારના નિષ્ણાતો માને છે કે સોનાના ભાવમાં વધારો થવાનું સૌથી મોટું કારણ સલામત રોકાણોની વધતી માંગ છે. વિશ્વભરમાં એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સમાં નાણાંનો પ્રવાહ આવી રહ્યો છે, જે એક સકારાત્મક સંકેત છે. વધુમાં, ઈરાન સંબંધિત ભૂરાજકીય તણાવ અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનોએ બજારની અનિશ્ચિતતામાં વધારો કર્યો છે. યુએસ સુપ્રીમ કોર્ટના ટેરિફ સંબંધિત બાબતો પર અપેક્ષિત નિર્ણય પહેલા, રોકાણકારો જોખમ સામે રક્ષણ મેળવવા માટે સોના અને ચાંદી તરફ વળ્યા છે.

આ વર્ષે અત્યાર સુધીમાં, સોનાના ભાવમાં ૫% અને ચાંદીમાં ૧૫%નો વધારો થયો છે. પાછલા વર્ષ પર નજર કરીએ તો, સોનાના ભાવમાં લગભગ ૮૦%નો વધારો

(અનુ. આઠમા પાને)

## યુદ્ધના વાદળો ઘેરાતા શેર બજાર ઘડામ

### ઉઘડતા સપ્તાહે સેન્સેક્સમાં ૬૦૦થી વધુ અને નિફ્ટીમાં ૧૭૦ પોઈન્ટથી વધુનો કડાકો

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધના વાદળો ઘેરાવા લાગ્યા છે. ગ્રીનલેન્ડ કબ્જે કરવા ડોનાલ્ડ ટ્રમ્પના ધમપછાડાના કારણે ભારતીય શેર બજાર ઉંધા માથે પટકાયું હતુ. સતત વધી રહેલી રાજકીય અનિશ્ચિતતા, ડોલર સામે રૂપીયાનું ધોવાણ, બૂલીયન બજારમાં સતત મજબૂતાઈના કારણે ભારતીય શેર બજારને કળ વળતી નથી. આજે ઉઘડતી બજારે મુંબઈ શેર બજારના બંને આગેવાન ઈન્ડેકસમાં જોરદાર ઘટાડા જોવા મળ્યા હતા સેન્સેકસે ૮૩ હજારની સપાટી તોડી હતી.



આજે ઉઘડતી બજારે સેન્સેકસમાં ૬૦૦થી વધુ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેકસ ૮૨૯૨૫.૯૬ સુધી નીચો સરકી ગયોહતો. જયારે ઉપલી સપાટી ૮૩૫૩૯.૯૩ રહી હતી જયારે નિફટીમાં ૧૮૦ પોઈન્ટનું ગાબડુ પડયું હતુ. નિફટી ૨૫૪૯૬.૨૫ ની નીચલી સપાટીએ પહોચી ગઈ હતી. જયારે ૨૫૬૫૩.૩૦ની ઉપલી સપાટી રહેવા પામી હતી.

બેંક નિફટી અને નિફટી મીડકેપ ૧૦૦માં પણ મોટા કડાકા બોલી ગયા હતા. અમેરિકી ડોલર સામે આજે ભારતીય રૂપીયામાં સામાન્ય મજબૂતી રહેવા પામી હતી. આ લખાય રહ્યું છે. ત્યારે સેન્સેકસ ૬૧૮ પોઈન્ટના ઘટાડા સાથે ૮૨૯૫૩ પોઈન્ટ પર અને નિફટી ૧૮૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૫૫૦૮ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે.

# બજેટ ૨૦૨૬: મોબાઈલ ઉત્પાદકો તેના મશીનના આયાતી પાર્ટ્સ ઉપર 'પ્રોત્સાહન' ઈચ્છે છે

## જો તેના પર પ્રોત્સાહન નહીં મળે તો ઉત્પાદનની બદલે મોબાઈલનું એસેમ્બલ વધુ પ્રમાણમાં થશે તેવી ભીતિ

**અબતક, નવી દિલ્હી**

ભારત સરકાર આગામી બજેટમાં મોબાઈલ ફોન બનાવવા માટે વપરાતા મોટા મશીનોના પાર્ટસ અને કોમ્પોનેન્ટ્સ પરની ઈન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચરને સુધારવાની માંગ પર ગંભીરતાથી વિચાર કરી રહી છે. આનાથી દેશમાં મોબાઈલ ઉત્પાદનની ગતિ જળવાઈ રહે અને વધુ આગળ વધી શકે, એવું અધિકારીઓએ જણાવ્યું છે.

આ માંગનું મુખ્ય કારણ છે ચીનના નવા નિયંત્રણો. ચીને હાઈ-એન્ડ મશીનરી (ઉચ્ચ ગુણવત્તાના મોટા મશીનો) અને રેર અર્થ (દુર્લભ ધાતુઓ) સાથે જોડાયેલા સાધનોની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. આનાથી ભારતીય કંપનીઓની સપ્લાય ચેઈનમાં ખલેલ પડી છે.

આ પહેલાં ભારતીય કંપનીઓ આ મશીનો ચીનથી આયાત કરતી હતી. હવે ચીનના પ્રતિબંધને કારણે તેઓ આ મશીનો ભારતમાં જ બનાવવા મજબૂર થઈ છે. પરંતુ સમસ્યા એ છે કે આ મશીનોના પાર્ટસ પર ૫%થી ૨૫% સુધીની આયાત ડ્યુટી લાગે છે, જ્યારે તૈયાર મશીનો પર કોઈ ડ્યુટી નથી. આનાથી સ્થાનિક ઉત્પાદન મોંઘું પડી રહ્યું છે અને કંપનીઓને નુકસાન થઈ રહ્યું છે.



જો આ સમસ્યા ઝડપથી ઉકેલાશે નહીં, તો ભારત માત્ર મોબાઈલનું એસેમ્બલી (જોડવાનું કામ) કરતો રહેશે અને વધુ ઉન્નત ઉત્પાદન (વેલ્યુ ચેઈનમાં આગળ વધવું) નહીં કરી શકે. આનાથી રોકાણ ઓછું થશે, નોકરીઓ ઓછી બનશે અને લાંબા ગાળે દેશની સ્પર્ધાત્મકતા ઘટશે.

ઈન્ડસ્ટ્રીએ ગયા મહિને નાણાં મંત્રાલયને પત્ર લખ્યો છે અને સતત ચર્ચા કરી રહી છે. ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિએશનએ રેવેન્યુ સેક્રેટરી અરવિંદ શ્રીવાસ્તવને પત્ર લખીને કહ્યું છે કે, આ ડ્યુટી ઈન્વર્ઝનને સુધાર્યા વિના ભારત ફક્ત એસેમ્બલી મોડલમાં જ અટવાઈ જશે અને લાંબા ગાળે તેની તાકાત ઘટશે.

આઈસીઈએમાં એપલ, ગૂગલ, ડિક્સન, ટાટા, ફોક્સકોન જેવી મોટી કંપનીઓ તેમજ ઘણી નાની-મધ્યમ કંપનીઓ સભ્ય છે. તેમણે વિગતવાર રિપોર્ટ પણ સોંપ્યો છે, જેમાં ભારતની આયાત પરની નિર્ભરતા અને સ્થાનિક ઉત્પાદન વધારવાની જરૂરિયાત દર્શાવી છે.

આ ઉપરાંત, ઈલેક્ટ્રોનિક્સ કોમ્પોનેન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમના લક્ષ્યો પૂરા કરવા માટે પણ આ સુધારો જરૂરી છે. આ સ્કીમમાં કેપિટલ ઈક્વિપમેન્ટ (મોટા મશીનો)નું ઉત્પાદન મહત્વનો ભાગ છે.

ગયા વર્ષના બજેટમાં નાણાંમંત્રી નિર્મલા સીતારમણે ડ્યુટી રેશનલાઈઝેશન (કરવેરાને વ્યવસ્થિત કરવું) અને ઈન્વર્ટેડ ડ્યુટી સુધારવાની વાત કરી હતી, જેનાથી ઈન્ડસ્ટ્રીને આશા છે કે આ વખતે આ સમસ્યા હલ થશે.

એફઆઈસીસીઆઈ, સીઆઈઆઈ અને એમએઆઈટી જેવી અન્ય ઈન્ડસ્ટ્રી સંસ્થાઓએ પણ વિગતવાર રજૂઆતો કરી છે. તેઓ કહે છે કે ઈલેક્ટ્રોનિક્સ કેપિટલ ઈક્વિપમેન્ટ બનાવવા માટે વપરાતા તમામ પાર્ટસ, કોમ્પોનેન્ટ્સ અને સબ-એસેમ્બલીઝ પર શૂન્ય ડ્યુટી કરવી જોઈએ. આનાથી નાના-મધ્યમ ઉદ્યોગોની ભાગીદારી વધશે, ટેક્નોલોજી ટ્રાન્સફર થશે અને સ્થાનિક ઉત્પાદન મજબૂત બનશે.આ સુધારો થાય તો ભારત મોબાઈલ ઉત્પાદનમાં વધુ મજબૂત બનશે અને વિદેશી નિર્ભરતા ઘટશે. ઈન્ડસ્ટ્રી હવે આગામી બજેટની રાહ જોઈ રહી છે.

## શૈક્ષણિક રમકડાંની જાદુઈ દુનિયા

# ખેલ ખેલમાં બૌધિક વિકાસ: રમકડાં બની ગયા "શિક્ષક"

**શૈક્ષણિક રમકડાંની મદદથી બાળકોમાં સર્જનાત્મકતા સાથે બૌધિક વિકાસ થાય છે: વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શૈક્ષણિક રમકડાંની ભૂમિકા અતિ મહત્વની ગણાય: આજના યુગમાં ટીચિંગ લર્નિંગ મટીરીયલના ઉપયોગથી બાળકોમાં ટેલેન્ટનો વધારો થાય છે**

તબાલ મંદિરથી શરૂ થતી બાળકની શિક્ષણ યાત્રા પહેલા પણ ઘરનાં પર્યાવરણમાં રંગ-બેરંગી રમકડા સાથે તેમનો નાતો જોડાયેલો હોય છે. અલગ અલગ રંગો, આકારો, કદ સાથે નાનુ મોટું જેવી ઘણી સંકલ્પના તે ઘેરથી શિખીને શાળાએ મંગળ પ્રવેશ કરે છે.બાળકો આસપાસના વાતાવરણમાંથી વિવિધ વસ્તુઓ જોઈને અનુભવ કરીને શિખતો જ હોય છે. ગોળ રોટલી કે મમીની ગોળ બંગડી તેનું જીવંત ઉદાહરણ છે. પવર્તમાન યુગમાં તો અમેઝિંગ શૈક્ષણિક રમકડા ઉપલબ્ધ છે, ત્યારે તમે પોતે પણ નજીવા ખર્ચે એકમ વાઈઝ પાઠયક્રમના રમકડાં બનાવી શકો છો. જ્ઞાન સાથે ગમ્મત પ્રવૃતિ બાળકને બહુ જ ગમે છે. બાળકો માટે એનાટોમી શૈક્ષણિક રમકડા તેમનાં શરીરનાં અંગો



નામ, સ્થાન, કદ અને આકાર શિખવામાં મદદ કરે છે. આ રમકડાંની મદદથી જ તે સફળતાપૂર્વક શીખે છે અને સમજે પણ છે. એમાંય જો શિક્ષણ બાળકને જાતે રમકડા નિર્માણ કરવાનું કહે તો બાળક જાતે ચિરંજીવી શિક્ષણ મેળવે છે. આ એક જ પધ્ધતિથી મેળવેલ જ્ઞાન બાળકને યાદ રાખવાનું સરળ કરે છે. બાળકને બાકસના ખોખાની સળિયોની મદદથી ગાણિતક ગણતરીમાં સરવાળો કે બાદ બાકી ઝડપથી શિખવી શકો છો. મુર્ત કે અમૂર્ત વસ્તુના માધ્યમથી શિક્ષણના દરેક એકમ સળરતાથી શિખવી શકાય છે. શૈક્ષણિક રમકડા સાથેની શિખવાની પ્રક્રિયા અસરકારક સાથે આનંદમયી બને છે. બાળકોને શિખવામાં રસ પડે છે, પ્રવૃતિ કરવી ગમે છે જેની તેના રસ, રૂચિ, વલણો, બરોબર જળવાય છે.

નાનું બાળક દર સેકન્ડે નવું અને રસપ્રદ કંઈક શીખે છે. શૈક્ષણિક રમકડાં તેના મગજને વિકસાવવા સાથે ઈન્દ્રિયોનો વિકાસ પણ કરે છે. હાથની આંગળીઓની મદદથી થતી વિવિધ ક્રિયાઓ, પકડ કે વણાંક બાબતે તે જાગૃત થાય અને એકાગ્રતા સાથે શૈક્ષણિક પ્રવૃતિમાં સહઅભ્યાસિક પ્રવૃતિમાં જોડાય છે. બાળકના અભ્યાસ ક્રમના તમામ વિષયોમાં તમો આ શૈક્ષણિક રમકડાનો ઉપયોગ કરી શકો છો. બાળકની મેમરી તાર્કિક અને રચનાત્મક વિચારસરણીમાં સુધારો કરે છે. સમજમાં સરળ પ્રત્યાયન કૌશલ્યો ખીલવી શકો છો. નવી શિક્ષણ નિતિ-૨૦૨૦માં પ્રારંભિક બાળ શિક્ષણના પાંચ વર્ષમાં માતૃભાષા સાથે તેમની વિવિધ કૌશલ્ય ખિલવણી ઉપર ભાર મુકાયો છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

બાળકની સંર્વાગી વિકાસની પ્રક્રિયામાં દ્રશ્ય શ્રાવ્ય સાધનો સાથે શૈક્ષણિક રમકડાનું વિશેષ મહત્વ છે. આને કારણે જ બાળક ઝડપથી શીખે છે, તે ઉપરાંત લાકડાના કટીંગ સાથેના નાના ભાગને ચોકકસ જગ્યામાં ફિટ કરીને સંપૂર્ણ રાજય બનાવવાનું કહો તો તે ખુબ જ રસથી કરશે. આ પ્રવૃતિ કરતી વખતે તેમનામાં એકાગ્રતા સાથે કદ, આકાર સાથે સંકલ્પના પણ સિધ્ધ થશે અને ઉપર લખેલ નામ પણ વાંચવા કે બોલવા પ્રેરાય છે. આ પ્રક્રિયામાં બાળકનું મગજ, હ્રદય, હાથ, આંગળીઓ અને આંખનો ઉપયોગ થાય છે. તેથી ફક્ત આટલી પ્રક્રિયાથી તે ચિરંજીવી શિક્ષણ મેળવે છે. આવી જ રીતે દરેક પાઠયક્રમની વિવિધ પ્રવૃતિ પ્રોજેકટનું ટાઈમ ટેબલ બનાવો તો બાળક કયારેય નબળું ના રહે.

ધોરણ ૧ થી ૮ માં ભણતા છાત્રો માટે તમામ વિષયોના એકમો શિખવવા માટે શૈક્ષણિક રમકડામાં મણકા ઘોડી, ફલેશ કાર્ડ, મૂર્ત, અમૂર્ત વસ્તુઓ ચાર્ટ, નકશા, વિજ્ઞાનનાં પ્રયોગના સાધનો વિજ્ઞાન મેળા માટે બનાવેલ વિવિધ પ્રોજેકટ સાથે સાવ નજીવા દરે બનાવેલ રમકડા ઘણાં જ ઉપયોગી બને છે. સમય પત્રક શિખવવા પુંઠામાંથી બનાવેલ ઘડિયાળ તેને સમય જોતા શિખવી શકે છે. ગુજરાતી, ગણિત, પર્યાવરણ, હિન્દી, અંગ્રેજી, વિજ્ઞાન, સામજીક વિજ્ઞાન જેવા તમામ વિષયોમાં આ શૈક્ષણિક રમકડાના ઉપયોગ માત્રથી બાળક વધુ ઝડપે રસ ભેર શીખે છે.

શિક્ષણમાં વાંચન, ગણના અને લેખન આ ત્રણ પાસા પાયાનું શિક્ષણ છે. ધો. ૨ ના અંતે કે ધો. ૨ માં આ ત્રણેય વસ્તુમાં નિપુણ થવું જરુરી છે. બાળક માટે ટીચર માટે આ અઘરી પ્રક્રિયા છે, પણ જો શૈક્ષણિક રમકડાનો ફલેશ કાર્ડ કે મણકા ઘોડીના ઉપયોગથી સાવ સરળતાથી બાળકને ત્રણેયનું જ્ઞાન આપી શકો. કકાના બધા ફલેશ કાર્ડ નીચે ગોઠવી દઈને બાળકને વારાફરતી એક એક અક્ષર બોલીને લાવવાનું કહેતા તે લાવે છે, જેમાં તેની એકાગ્રતા સાથે સમજીને સાંભળવું અને આંખોથી જોઈને તે જ અક્ષર ઉપાડવા જેવી તમામ વસ્તુઓ શીખી છે. આવું જ ગણિત અને વાંચનમાં કરી શકો છો. એક બાળકને (મ) બીજાને (ગ) અને ત્રીજાને (ર) ના ફલેશ કાર્ડ પહેરાવીને ઉભા રાખો અને બાળકને બોલાવો તો બધા બાળકો મગર શબ્દ બોલે છે, જેથી સમુહમાં બધા બાળકોને આ શૈક્ષણિક પ્રવૃતિમાં જોડીને વાંચન ગણન અને લેખન મજબુર કરી શકો છો.

ફૂલોના ચાર્ટ, પ્રાણીઓનો ચાર્ટ, વાહન વ્યવહાર વિવિધ વ્યવસાયો, જીવજંતુઓ, દેશ નેતાઓ, તહેવારો, ઈલેકટ્રોનિક સાધનો સંગીતના સાધનો રમત ગમતના સાધનો જેવા વિવિધ ચાર્ટના માધ્યમથી કે તેના



મોડેલ દ્વારા તમો પર્યાવરણ સાથે જનરલ નોલેજનું જ્ઞાન ગમ્મત સાથે બાળકને આપી શકો છો. વિવિધ કલરોની સમજ વખતે તેમને પહેરેલ કપડાનો કલર પણ જોડી શકો છો. આંગણાના પશુ-પંખી સાથે જંગલનાં પશુ-પંખી સાથે પાણીમાં રહેનારા પ્રાણી સાથે વિવિધ જંતુઓનું જ્ઞાન તમે ફકત ચાર્ટ દ્વારા વ્યકિતગત દેખાડીને કે સમુહમાં બતાવીને સમજાવી શકો છો. આવી જ રીતે વાહનો-વ્યવહારો, દેશ નેતા તહેવારો અને સંગીતના વિવિધ સાજ વિશે પણ સરળતાથી શીખવી શકો છો.

શાળાનું બિલ્ડીંગ અને વર્ગખંડ પણ એકલર્નીંગ સિસ્ટમનો ભાગ છે. બારીના ખોલ બંધથી બનતા વિવિધ ખુણાઓનું જ્ઞાન બાળકને આપી શકો તો વર્ગખંડની બારીમાંથી દેખાતી તમામ વસ્તુઓની યાદી બનાવીને પૃથ્થકરણ ની પ્રવૃત્તિ પણ કરાવી શકો છો. અત્યારનું બાળક વિશિષ્ટ જ્ઞાન લઈને શાળાએ આવે છે ત્યારે શિક્ષણને દરરોજ નવું નવું આપવા માટે આ શૈક્ષણિક રમકડા ખુબ જ ઉપયોગી થઈ પડશે, મોટા ધોરણોમાં ભારેખમ વિષયોને આ શૈક્ષણિક રમકડા હળવા કરી દે છે સાથે સમજવામાં સરળ બનાવે છે. બાળ મનોવિજ્ઞાન પણ બાળકને ચિત્ર, વાર્તા, સંગીત અને રમકગમત સાથે રમકડાની અગત્યતાની વાત કરે છે. બાળક પ્રવૃતિ દ્વારા સૌથી વધુ શિખી શકે છે. તેથી શાળા સંકુલોએ શિક્ષકોએ આ બાબતે પુરતી તકેદારી સાથે દરેક એકમમાં તેને અનુરુપ શૈક્ષણિક રમકડાંનો ઉપયોગ થાય તે જોવું જરૂરી છે.

### આજના યુગમાં "ટીચિંગ લર્નિંગ મટીરીયલ" વગર શિક્ષણ આપવું મુશ્કેલ બને

આજના યુગમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં વિવિધ પ્રકારની પદ્ધતિઓનો અમલ થાય છે, જો ભાર વગરના ભણતરની સંકલ્પના સિધ્ધ કરવી હશે તો દ્રશ્ય શ્રાવ્ય સાધનો અને શૈક્ષણિક રમકડાંનો ઉપયોગ કરવો અતિ આવશ્યક છે. મનોવિજ્ઞાન આધારિત શિક્ષણ આપવું હશે, તો બાળકના મનને સમજીને રમતા રમતા, પ્રવૃતિ કરતાં ભણાવવા પડશે. શૈક્ષણિક રમકડાંના માધ્યમથી જ વિદ્યાર્થીઓને આનંદમય શિક્ષણ આપી શકાય. આ પદ્ધતિ દ્વારા બાળકોના રસ રુચિ જળવાતા તે દરેક એક્ટિવિટીમાં ભાગ લે છે. આ પદ્ધતિથી શિક્ષણ ચિરંજીવી બને છે. આજની આપણી શિક્ષણ વ્યવસ્થામાં ટીચિંગ લર્નિંગ મટીરીયલ વગર શિક્ષણ આપવુ કે ભણાવવું મુશ્કેલ બને છે.

**શિક્ષણનાં કોઈપણ એકમને સરળતાથી શીખવા માટે શૈક્ષણિક રમકડાં જરૂરી: રમકડાં જાતે નિર્માણ કરવાથી બાળકો ચિરંજીવી શિક્ષણ મેળવે છે: આ પધ્ધતિથી મેળવેલ શિક્ષણ છાત્રને ઝડપથી યાદ રહી જાય છે**

# ગોંડલ: બ્રહ્મસેવા ટ્રસ્ટ દ્વારા જરૂરીયાતમંદ લોકોને અન્નપુર્ણા જોળી અર્પણ કરાય

**અબતક,**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ માં રાજ રાજેશ્વર મહાદેવ મંદિર પંચવટી સોસાયટી ખાતે મકર સંક્રાંતિના પર્વ નિમિતે બ્રહ્મ સેવા ટ્રસ્ટ દ્વારા ગોંડલમાં વસતા બ્રહ્મ પરિવારના ગંગા સ્વરૂપ બહેનો અને આર્થિક નબળી પરિસ્થિતિ વાળા પરિવારો ને અન્નપૂર્ણા જોળી (રાશન કીટ) અર્પણ કરવામાં આવી હતી. જોળીમાં એક અનામી દાતા તરફથી બ્રહ્મ પરિવારોને ખજૂર



અને કનૈયા મમરા વાળા દિલીપભાઈ મારકણા તરફથી મમરાના પેકેટનું અનુદાન મળેલ હતું. બૃમ્હ સેવા ટ્રસ્ટ દ્વારા ચાર વર્ષ થી અન્નપૂર્ણા જોળીનું બ્રહ્મ પરિવારોમાં વિતરણ કરવામાં આવી રહ્યું છે. અજયભાઈ રાવલ, મહેશભાઈ પંડ્યા ,કિશોરભાઈ દવે, યશવંતભાઈ રાવલ, અભયભાઈ યાજ્ઞિક, ઘનશ્યામભાઈ પંડ્યા એડવોકેટ અતુલભાઈ શુકલ, મનોજભાઈ જોશી પ્રણવભાઈ જોશી, રાહુલભાઈ વ્યાસ,હર્ષદભાઈ ઉપાધ્યાય, દિપેન્દ્રભાઈ ઠાકર વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઉજ્જૈનમાં યોજાશે હિન્દુ મહાસંમેલન: પ્રદેશ અધ્યક્ષ રણછોડ ભરવાડ અમરેલીના પ્રવાસે



**'હિન્દુ હી આગે' સંમેલન અંગે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રદેશ અધ્યક્ષે આપી માહિતી**

**અબતક,**
**પ્રદિપ ઠાકર, અમરેલી**

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી રણછોડભાઈ ભરવાડ હાલ અમરેલી જિલ્લાના પ્રવાસે છે. આ પ્રવાસ દરમિયાન તેમની સાથે સંગઠનના વિવિધ પાંખોના અગ્રણી પદાધિકારીઓ પણ જોડાયા હતા.

અમરેલી મુકામે આયોજિત બેઠકોમાં રણછોડભાઈ ભરવાડ અને અન્ય મહાનુભાવોએ 'હિન્દુ રક્ષા નિધિ' માટે વિશેષ ચર્ચા કરી હતી. આ ઉપરાંત, જિલ્લામાં અલગ-અલગ જગ્યાએ નવા હનુમાન ચાલીસા કેન્દ્રો શરૂ કરવા માટે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. સંગઠનનો મુખ્ય ઉદ્દેશ્ય દેશભરમાં હનુમાન ચાલીસા કેન્દ્રો દ્વારા હિન્દુ સંગઠનને વધુ મજબૂત બનાવવાનો છે. આગામી કાર્યક્રમોની રૂપરેખા આપતા જણાવવામાં આવ્યું હતું કે, ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીના રોજ મધ્યપ્રદેશના ઉજ્જૈન ખાતે 'હિન્દુ હી આગે' સંમેલન યોજાશે. આ સંમેલનમાં દેશભરમાંથી જિલ્લા સ્તરથી ઉપરના તમામ પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અદયક્ષ પ્રવિણભાઈ તોગડીયા આ સંમેલનમાં માર્ગદર્શન પૂરું પાડશે. પ્રવાસના ભાગરૂપે રણછોડભાઈ ભરવાડે અમરેલી શહેરના વેપારીઓ અને ઉદ્યોગપતિઓની મુલાકાત લીધી હતી અને હિન્દુ રક્ષા નિધિ અભિયાનમાં જોડાવા આહવાન કર્યું હતું.

# સોમનાથ: માંધાતા દેવના પ્રાગટય દિનની શોભાયાત્રામાં શહેરીજનો ઉમટયાં

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

મકરસંક્રાતના પાવન પર્વ કોળી સમાજના ઈષ્ટદેવ માધાતા મહારાજની જન્મ જયંતી પ્રસંગે કોળી સમાજ દ્વારા પ્રભાસ પાટણ ખાતે ભવ્ય શોભાયાત્રા શાંતિનગરના સિધ્ધેશ્વર મહાદેવ મંદિરથી વાજતે ગાજતે ધર્મનો જય જયકાર કરતા મોટા કોળી વાળા. દરજી વાળા. રામરાખ ચોક .ભરડાપોળ થઈ રામદેવપીર ડેરીએ અને વેગડા ભીલ સ્થાનકે ધ્વજારોહણ કર્યું હતું શોભાયાત્રા ના માર્ગમાં ઠેર ઠેર પાણી માધાતા ગ્રુપ આયોજિત કાર્યક્રમમાં કોળી સમાજના પ્રમુખ દિનેશભાઈ બામણીયા. .માંધાતા પ્રમુખ હિતેશભાઈ



બારીયા ઉપપ્રમુખ કેતનભાઈ પરમાર કોળી સેનાના પ્રમુખ દેવેન્દ્ર સોલંકી ભિડીયા કોળી સમાજના પ્રમુખ લક્ષ્મીકાંતભાઈ સોલંકી એ જહેમત ઉઠાવી હતી.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૯-૦૧-૨૦૨૬ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાત ની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કાવા જાંબુન)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દર્શના પંડ્યા)
૦૪:૩૦ થી ૦૪:૫૦ સ્પે.સ્ટોરી (ડેન્ટલ સ્ટોરી)
૦૪:૫૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૦-૦૧-૨૦૨૬ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા(પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૨૦-૧ -૨૦૨૬ મંગળવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા શુદ બીજ
**નક્ષત્ર** શ્રવણ
**યોગ** સિધ્ધિ **કરણ:** બાલવ
**સુર્યોદય** ૭.૨૯ **સુર્યાસ્ત:** ૬.૨૭
**ચંદ્ર રાશી** મકર મંગળવારે રાત્રે ૧.૩૫થી કુંભ
**રાશિ અક્ષર** ખ.જ./ગ.શ.સ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૭ થી ૧.૨૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૩૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | | ૨ | | | |
| | | | | ૭ | | | | ૯ |
| ૩ | | ૮ | | | | | ૪ | ૧ |
| | | | | ૧ | | ૨ | | ૫ |
| | ૫ | ૪ | | ૬ | | | | |
| | | ૩ | ૭ | | ૮ | | | |
| | | | | | | | ૫ | ૭ |
| | | | ૮ | | | ૪ | | |
| | | | | | ૬ | | ૧ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૩૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૪ | ૬ | ૮ | ૩ | ૧ | ૫ | ૭ |
| ૫ | ૭ | ૩ | ૨ | ૧ | ૪ | ૬ | ૮ | ૯ |
| ૧ | ૮ | ૬ | ૯ | ૭ | ૫ | ૨ | ૩ | ૪ |
| ૪ | ૩ | ૯ | ૮ | ૨ | ૬ | ૭ | ૧ | ૫ |
| ૭ | ૧ | ૨ | ૫ | ૩ | ૯ | ૮ | ૪ | ૬ |
| ૬ | ૫ | ૮ | ૧ | ૪ | ૭ | ૩ | ૯ | ૨ |
| ૮ | ૯ | ૧ | ૪ | ૬ | ૨ | ૫ | ૭ | ૩ |
| ૩ | ૬ | ૫ | ૭ | ૯ | ૧ | ૪ | ૨ | ૮ |
| ૨ | ૪ | ૭ | ૩ | ૫ | ૮ | ૯ | ૬ | ૧ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૦.૧.૨૦૨૬, મંગળવાર, સંવંત ૨૦૮૨, મહા સુદ બીજ, શ્રવણ નક્ષત્ર, સિધ્ધિ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મકર (ખ,જ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : વિચારોનું આદાન પ્રદાન કરી શકો, મનોમંથન કરી શકો, કાર્ય માટે નવી યોજના બનાવી શકો.
**વૃષભ** (બ,વ,ઉ) : તમારા કાર્યમાં ઈશ્વરી સહાય મળે, ધાર્યા કામ પર પડી શકો, નાના યાત્રા પ્રવાસ કરી શકો.
**મિથુન** (ક,છ,ઘ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, મિત્રોની મદદ મળી રહે, વિચારોમાં પરિવર્તન જોવા મળે.
**કર્ક** (ડ,હ) : સંયુક્ત સાહસોમાં સારું રહે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, શુભ દિન.
**સિંહ** (મ,ટ) : તમને વારંવાર દુઃખ હશે, અમુક સંબંધોમાં યોગ્ય પ્રતિભાવ ના મળે, નકારાત્મક વિચારો દૂર કરી આગળ વધશો તો લાભ થશે.
**કન્યા** (પ,ઠ,ણ) : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને આગળ સારું રહે, વિદેશ બાબત વિચારી શકો, મધ્યમ દિવસ.
**તુલા** (ર,ત) : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, નવી વસ્તુ વસાવી શકો, લાભ દાયકદિવસ.
**વૃશ્ચિક** (ન,ય) : ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદથી કાર્ય સિદ્ધ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : સામાજિક કૌટુંબિક કાર્ય કરી શકો, તમારા વિચારોની સરાહના થાય, દિવસ શુભ રહે.
**મકર** (ખ,જ) : તમારી જાતને સમજવાની તક મળે, એકાંતથી લાભ થાય, મનોમંથન કરવું જરૂરી બને.
**કુંભ** (ગ,સ,શ) : વાણી વર્તનમાં વિશેષ કાળજી રાખવી પડે, કોઈને તમારાથી દુઃખના થાય તે કાળજી રાખજો, દિવસ મધ્યમ રહે.
**મીન** (દ,ચ,ઝ,થ) : મિત્રો સાથે હળવાશની પળો વિતાવી શકો, અણધાર્યા લાભ થઈ શકે, ખુશીનો માહોલ રહે, આનંદદાયક દિવસ.

તંત્રી લેખ

# સ્ટાર્ટઅપમાં ગુજરાતનો ડંકો

રાજ્ય સરકારની પ્રોત્સાહક નીતિઓના પરિણામે ગુજરાત નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' બન્યું છે.

વર્ષ ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૨ બાદ તાજેતરમાં જ જાહેર થયેલા વર્ષ ૨૦૨૪ના સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પણ ગુજરાત અવ્વલ રહ્યું છે.સ્ટાર્ટઅપ્સને વેગ આપવા વિશેષ પહેલ કરીને રાજ્યમાં 'સ્ટાર્ટઅપ પોલિસી' અમલમાં મૂકી છે

ગુજરાત ઔદ્યોગિક નીતિ હેઠળ રાજ્ય સરકારે ૪૩૦થી વધુ સ્ટાર્ટઅપ્સને અંદાજે રૂ. ૬૫ કરોડની નાણાકીય સહાય આપી છે. આજે ગુજરાતમાં ૧૬ હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે, જેમાં ૨૦૦થી વધુ ઈન્ક્યુબેટર્સ અને શૈક્ષણિક સંસ્થાઓ, ૮૫૦થી વધુ મહિલાઓની આગેવાની હેઠળના સ્ટાર્ટઅપ્સ તથા શહેરી-ગ્રામીણ વિસ્તારોમાં ૩૫૦થી વધુ પાયાના સ્ટાર્ટઅપ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નવા વિચારોને પ્રોડક્ટમાં રૂપાંતરિત કરવા માટે રાજ્યમાં ૧૮૦થી વધુ ઈન્ક્યુબેટર્સ અને નોડલ સંસ્થાઓ પણ કાર્યરત છે.રાજ્યના વિદ્યાર્થીઓમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે 'સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦' હેઠળ ૫ વર્ષ માટે રૂ. ૩૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ યોજના સ્કૂલથી લઈને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીઓને આર્થિક મદદ પૂરી પાડશે. માત્ર અમદાવાદ કે ગાંધીનગર જ નહીં, પણ સુરત, વડોદરા, રાજકોટ અને જામનગર જેવા શહેરો પણ હવે સ્ટાર્ટઅપના મુખ્ય કેન્દ્રો બન્યા છે. રાજ્ય સરકાર આગામી સમયમાં અન્ય શહેરોમાં પણ નવા આઈ હબ કેન્દ્રો સ્થાપવાનું આયોજન કરી રહી છે. રાજ્ય સરકારની વિશેષ પહેલના પરિણામે ગુજરાત ઉદ્યોગ સાહસિકતાનું આદર્શ રાજ્ય બન્યું છે અને યુવા વર્ગને નવી તકો મળી રહી છે.

# ગીરગઢડા : ધોકડવા ગામમાં બુટલેગરનો આતંક: અગ્રણી વેપારી પર હુમલા સામે વેપારીઓનો રોષ

## દોષિતો સામે કડક કાર્યવાહી કરવા ગ્રામજનોની માંગ



**અબતક મનુ કવાડ ગીરગઢડા**

ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામમાં બુટલેગરો દ્વારા ખુલ્લેઆમ દારૂ વેચાણ થતું હોવાના આક્ષેપો વચ્ચે એક અગ્રણી વેપારી પર હુમલાની ઘટનાએ ભારે ચકચાર જગાવી છે.આ બનાવના વિરોધમાં આજે ગામના વેપારીઓએ પોતાના વેપાર-રોજગાર બંધ રાખી ગામમાં રેલી કાઢી આક્રોશ વ્યક્ત કર્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ધોકડવા ગામના શાક માર્કેટ પાસે આવેલી હીરાબા કરીયાણા એન્ડ જનરલ સ્ટોરના માલિક ચીમનભાઈ બળદાણીયા ની દુકાનની બાજુમાં આવેલી ગલીમાં અસમાજિક તત્વો દ્વારા દારૂનું ખુલ્લેઆમ વેચાણ કરવામાં આવતું હતું. તેવા આક્ષેપ વેપારી દ્વારા કરવામાં આવ્યા હતા આ બાબતે ચીમનભાઈએ બુટલેગરને દારૂ વેચવાની ના પાડતા ઉશ્કેરાયેલા બુટલેગરે સ્થળ છોડ્યું હતું. બાદમાં પોતાના સાગરીતોને સાથે લઈ વેપારીની દુકાને પહોંચી ચીમનભાઈ પર હુમલો કર્યો હતો.

આ હુમલાની જાણ થતા અન્ય વેપારીઓ, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તેમજ ગામના આગેવાનો શાક માર્કેટ પાસે એકત્ર થયા હતા.વેપારીઓએ પોલીસની કામગીરી પર પ્રશ્નો ઉઠાવી પોતાના વેપાર બંધ રાખ્યા હતા અને ગામમાં રેલી કાઢી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે વેપારી પર થયેલા હુમલાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

આ ઘટનામાં ''ઉલ્ટા ચોર કોટવાળને દંડે તેમ બુટલેગરે જ વેપારી વિરુદ્ધ પોલીસમાં અરજી કરતા વેપારીઓમાં વધુ રોષ જોવા મળ્યો હતો.ઘટનાને લઈ સમગ્ર ગામમાં તણાવપૂર્ણ માહોલ સર્જાયો છે અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# રાજુલા નાગરિક બેન્કના પ્રમુખપદે વિજયભાઈ કોટીલા બિનહરીફ ચૂંટાયા

## વેપારી આગેવાનો દ્વારા પ્રમુખ - ઉપપ્રમુખનું સન્માન કરાયું

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા નાગરિક બેન્કમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા પૂર્ણ થઈ છે. જેમાં પ્રમુખ તરીકે વિજયભાઈ કોટીલા તથા ઉપપ્રમુખ તરીકે કશ્યપ શેઠને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા છે.આ બેન્કની ચૂંટણી પ્રક્રિયામાં તારીખ ૨૮-૧૨-૨૦૨૫ના રોજ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા, પરંતુ પ્રમુખ અને ઉપપ્રમુખની સત્તાવાર વરણી બાકી હતી. જે પ્રક્રિયા પૂર્ણ થતા પ્રમુખ-ઉપપ્રમુખ તરીકે સત્તાવાર વરણી જાહેર કરવામાં આવી.



વરણી જાહેર થયા બાદ શહેરના વેપારીઓ અને આગેવાનો દ્વારા નવ નિયુક્ત પ્રમુખ-ઉપપ્રમુખનું સન્માન કરી આવકારવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બેન્કના વિકાસ અને સભ્યોના હિતમાં નવા નેતૃત્વ દ્વારા કામગીરી વધુ મજબૂત બનશે તેવી આશા વેપારીઓએ વ્યક્ત કરી હતી સાથે સાથે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા પણ પ્રમુખ અને ઉપપ્રમુખને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સમાજરત્ન સ્વ. મનોજભાઈ પારેખ સ્મૃતિ અર્થે

# ધોરાજી: મનમોહનજી વૈદ્યના મુખ્ય વક્તાપદે બુધવારે 'ભારતની ભારતીય અવધારણા' વ્યાખ્યાન

**અબતક, રાજકોટ**

ધોરાજીની વિવિધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના આધારસ્તંભ અને અનેક ક્ષેત્રોમાં પાયાનું પ્રદાન કરનાર શ્રદ્ધેય સ્વ. મનોજભાઈ હ. પારેખની સ્મૃતિમાં આગામી ૨૧ જાન્યુઆરી ૨૦૨૬, બુધવારના રોજ 'પરિવાર મિલન' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સ્વ. મનોજભાઈ ધોરાજી પાંજરાપોળ અને ગૌશાળાના પ્રમુખ, આદર્શ એજ્યુકેશન સોસાયટીના મંત્રી, જેસીઆઈ ધોરાજીના સેક્રેટરી તેમજ રાજકોટ નાગરિક સહકારી બેંકના ડિરેક્ટર તરીકે સેવા આપી ચૂક્યા હતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના



શિશુકાળથી સ્વયંસેવક અને ભારત વિકાસ પરિષદના સ્થાપક ટ્રસ્ટી તરીકે તેમનું જીવન હંમેશા સમાજ માટે માર્ગદર્શક રહ્યું છે. આ સ્મૃતિ કાર્યક્રમમાં શિશુઓ અને બાળકો માટે અલગથી વિશેષ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેથી સમગ્ર પરિવાર આ દિવ્ય મિલનનો ભાગ બની શકે.આ પ્રસંગે 'ભારતની ભારતીય અવધારણા' વિષય પર વિશેષ વ્યાખ્યાન યોજાશે, જેમાં મુખ્ય વક્તા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય કાર્યકારિણી સદસ્ય મનમોહનજી વૈદ્ય ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમ આદર્શ સ્કૂલ, ધોરાજી ખાતે રાત્રે ૦૯:૦૦ થી ૧૦:૩૦ દરમિયાન યોજાશે. કાર્યક્રમના અંતે સૌ સાથે મળીને અલ્પાહાર લેશે. કાર્તિકેય મનોજભાઈ પારેખ, વિરલ કાર્તિકેય પારેખ અને આદર્શ સ્કૂલ પરિવાર દ્વારા આ આત્મીય મિલનમાં સહપરિવાર હાજર રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ભગવાન શિવની આરાધના દરેક સમસ્યાનું સમાધાન: શાસ્ત્રી રાજુભાઈ દવે

## ખંભાળીયામાં મઘુંદુંદ પરિવાર આયોજીત શિવકથામાં શ્રોતાઓ થયા ભાવસભર

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

જામખંભાળીયામાં યજમાન નિલેશચંદ્ર જયંતિલાલ મઘુંછુંદ કુતિયાણાવાળા પરિવાર આયોજીત શિવકથામાં શિવની આરાધના અંગે આચાર્ય રાજેશભાઈ દવેએ જણાવ્યું કે,સંસારમાં તમામ લોકો સુખી હોતા નથી મોટાભાગે વ્યક્તિ કોઈ ને કોઈ કારણથી મુંજવણ અનુભવે છે કોઈને સંતાનની કમી હોય છે તો કોઈને દાંપત્ય જીવનની તકલીફ હોય છે તો કોઈનો સંસાર મંડાતો નથી કોઈ દારીદ્રતાથી પીડાય છે કોઈને તેમની હેસીયત પ્રમાણે જે પ્રાપ્ત થવું જોઈએ એ મળતું નથી આવી ચિંતાઓને કારણે વ્યક્તિ દરમ દર ભટકી અને પીડા નિવારણ માટે સુજાવ મેળવે છે પરંતુ દાયકાઓ વિત્યા પછી પણ કોઈ સંતોષકારક રસ્તો ન મળવાથી વ્યક્તિ હતાશામાં ધકેલાઈ જાય છે



જ્યારે રુદ્રાક્ષ નો મહિમા પણ કમ નથી જે વ્યક્તિ એ રુદ્રાક્ષ ધારણ કર્યો હોય એ વ્યક્તિ ભલે ખૂબ જ પાપી હોય છતાં પણ તેમને યમના દુતોએ પરસે કરવો નહીં એ મુજબ યમરાજાની દુતો ને આજ્ઞા છે રુદ્રાક્ષ એ ભગવાન શિવની અશ્રુબિંદુઓનું પ્રતીક છે

# ખંભાળીયાના જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા માર્ગ સલામતી સમિતિની જાન્યુઆરી-૨૦૨૬ માસની બેઠળ નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયાની અધ્યક્ષતામાં ખંભાળીયાના જિલ્લા સેવા સદન ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં જાન્યુઆરી માસને રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી અંતર્ગત હેલમેટ વિતરણ, રેડીયમ રિફ્લેકટીવ ટેપ ડ્રાઈવ, રોડ સેફટી સંદેશવાળા પતંગ વિતરણ, સેફ્ટી પોઈન્ટ વગેરે દ્વારા માર્ગ સલામતી જાગૃતિ માટેના આયોજનોની વિગતોથી સભ્યોને માહિતગાર કરવામાં આવ્યા હતા. વધુમાં માર્ગ સલામતી માસ અંતર્ગત 'સડક



સુરક્ષા - જીવન રક્ષા' થીમ આધારિત આગામી સમયમાં શરૂ થનાર આયોજનોની ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા માર્ગ સલામતીની પરિસ્થિતિની સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન અપાયું હતું તેમજ અકસ્માત નિવારણ માટે જરૂરી પગલા લેવા સબંધિત અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી.

આ બેઠકમાં પ્રાંત અધિકારી અમોલ આવટે, કે.કે. કરમટા, નાયબ પોલીસ અધિક્ષક વિસ્મય માનસેતા અને સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહયા હતા.

# સોમનાથ-વેરાવળ પાટણ નગરપાલિકાનો આજે સ્થાપના દિવસ

## સાત દાયકાની ગૌરવભરી યાત્રા, સમૃદ્ધ ભૂતકાળ અને ઉજ્જવળ ભવિષ્યની આશા

**અબતક જયેશ પરમાર સોમનાથ**

સોમનાથ-વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાનો સ્થાપના દિવસ દર વર્ષે ૧૯ જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે. નગરપાલિકાએ સાત દાયકાથી વધુ સમયગાળા દરમિયાન વિકાસ, લોકશાહી શાસન અને નાગરિક સેવાઓના ક્ષેત્રે ગૌરવભર્યો ઈતિહાસ રચ્યો છે અને આવનારા સમયમાં વધુ ઉજ્જવળ ભવિષ્યની આશા સાથે આગળ વધી રહી છે.




ઈતિહાસ પર નજર કરીએ તો જુનાગઢ સ્ટેટ દ્વારા તારીખ ૧ સપ્ટેમ્બર ૧૯૩૪ના રોજ વેરાવળને શહેર સુધરાઈનો દરજ્જો આપવામાં આવ્યો હતો. તે સમયે સુધરાઈના પ્રમુખ તરીકે વેરાવળ પોર્ટ ઓફિસરની નિમણૂક કરવામાં આવી હતી અને અન્ય સભ્યો પણ સ્ટેટ દ્વારા નિમણૂક પામ્યા હતા. દેશની આઝાદી બાદ ૧૯૫૦માં વેરાવળને પ્રજાકીય શહેર સુધરાઈનો દરજ્જો મળ્યો અને લોકશાહી રીતે ચૂંટાયેલા સભ્યો દ્વારા સંચાલન શરૂ થયું.તારીખ ૧૯ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ વકીલ હીરાચંદ કે. ગાંધી નગરપાલિકાના પ્રથમ ચૂંટાયેલા પ્રમુખ બન્યા હતા. તે સમયગાળામાં વેરાવળ શહેરનો વિસ્તાર ૯.૦૬૫ ચોરસ કિમી હતો અને વસ્તી અંદાજે ૭૫,૫૨૦ હતી. ઐતિહાસિક વસ્તી ગણતરી મુજબ ૧૮૯૧માં વસ્તી ૧૫,૩૩૯ અને ૧૯૦૧માં ૧૬,૬૭૫ હતી, જ્યારે આજના સમયમાં સોમનાથ-વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાની વસ્તી પોણા બે લાખની આસપાસ પહોંચી ગઈ છે.

૧૯૭૧માં પ્રભાસ પાટણ નગરપાલિકાનું વેરાવળ સાથે જોડાણ થતાં સોમનાથ-વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાનો અસ્તિત્વમાં આવ્યો. નગરપાલિકાના ઈતિહાસમાં અનેક ઉતાર-ચઢાવ આવ્યા છે. પાલિકા અનેક વખત સુપરસીડ થઈ છે તેમજ ૧૭ વખત વહીવટદાર શાસન પણ અમલમાં આવ્યું છે. રાજકીય દૃષ્ટિએ પણ નગરપાલિકાએ અનોખો ઈતિહાસ રચ્યો છે, જ્યારે રાજ્યભરમાં એકસાથે યોજાયેલી ચૂંટણીમાં ભાજપની લહેર વચ્ચે એકમાત્ર વેરાવળમાં જાગૃતિ મંચનો બહુમતીથી વિજય થયો હતો.

નગરપાલિકાએ ઐતિહાસિક પ્રસંગો પણ નોંધપાત્ર રીતે ઉજવ્યા છે. સોમનાથ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે તત્કાલીન ભારતના રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદનું સન્માન હાલના ગાર્ડન ખાતે કરવામાં આવ્યું હતું, જે નગરપાલિકાના ઈતિહાસમાં ગૌરવપૂર્ણ ક્ષણ તરીકે યાદ કરવામાં આવે છે.

# સાયલા: લોમેવધામ ધજાળા ખાતે કાઠી ક્ષત્રિય સમાજના તેજસ્વી તારલાને સન્માનીત કરાયા

## શ્રેષ્ઠ વક્તા અને મોટીવેશન સ્પીકર શૈલેષ સગપરિયાએ વિદ્યાર્થીઓ ને શાળા કોલેજની પરીક્ષા જ નહીં જીવનની પરીક્ષામાં વાસ્તવિક ઉદાહરણો આપી કઈ રીતે સિદ્ધ થઈ શકે તેવી સમજણ આપી

**અબતક, રણજીત ધાંધલ, ચોટીલા**

સાયલાના ધજાળા લોમેવધામ ખાતે સાયલા-ચુડા તાલુકાનો પ્રથમ કાઠી ક્ષત્રિય સમાજના વિદ્યાર્થીઓના અને તાજેતરમાં સરકારી નોકરીઓમાં સફળ બનેલા પ્રેરણાદાયી, યુવાઓનું સન્માન કરીને સન્માન સમારોહ યોજાયો. સમાજનો આ પ્રથમ કાર્યક્રમ ધજાળા લોમબાપુના સાનિધ્યમાં લોમેવધામ ના મહંત ભરતબાપુ ભગત,લીંબડી ધારાસભ્ય- પૂર્વ કેબિનેટ મંત્રી કિરીટસિંહજી રાણા, શૈલેષ સગપરિયા - શ્રેષ્ઠ વક્તા અને મોટીવેશન સ્પીકર, તેમજ સંતો - મહંતો -તથા કાઠી ક્ષત્રિય સમાજના




કલાસ વન ટુ અધિકારીઓ ,ડોક્ટરો ,નિવૃત શિક્ષકો તેમજ દ. સત્યજીતકુમાર ખાચર - પ્રમુખ ગુજરાત કાઠી ક્ષત્રિય સમાજ તથા મુનાભાઈ વિંછીયા - સૂર્ય યુવા ગૃપ - નવા સુરજદેવળ તાલુકા પંચાયત સદસ્ય , સાયલા-ચુડા તાલુકા કાઠી ક્ષત્રિય સમાજ માર્કેટીંગ યાર્ડ સદસ્ય, સાયલા-ચુડા તાલુકા કાઠી ક્ષત્રિય સમાજ સરકારી કર્મચારીઓ - સુરેન્દ્રનગર જીલ્લા કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણીઓ સરપંચઓ - સાયલા-ચુડા તાલુકા કાઠી ક્ષત્રિય સમાજ ની પ્રેરક ઉપસ્થિતીમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પરસ્પર સાથ-સહકારથી સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારીને સમાજને શુદ્રઢ બનાવવા યુવાઓને અપીલ કરી હતી. આ સમારોહમાં સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા ચુડા તાલુકાના રહેતા કાઠી ક્ષત્રિય સમાજના વર્ષ ૨૦૨૫-૨૬માં શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરનારા, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

રાજકોટ જિલ્લામાં 'કોરાટ' લહેર

# પ્રદેશ ભાજપ મહામંત્રી પ્રશાંત કોરાટને ઢોલ-નગારાના તાલે વધાવાયા, કાર્યકરોએ ખભે બેસાડી જશ્ન મનાવ્યો

## ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત મહામંત્રી પ્રશાંત કોરાટે શાપર વેરાવળ અને ગોંડલ સહિત વિસ્તારોની મુલાકાત લીધી:ઢોલ-નગારાના તાલે અને કુમકુમ તિલક કરી ગગનભેદી નારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત મહામંત્રી અને જેતપુરના વતની પ્રશાંતભાઈ કોરાટ રાજકોટ જિલ્લાના પ્રવાસે પધારતા તેમનું શાપર-વેરાવળ અને ગોંડલ ખાતે ભાજપ પરિવાર તથા સ્થાનિક અગ્રણીઓ દ્વારા અભૂતપૂર્વ અને ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.પ્રદેશ સંગઠનમાં યુવાઓના વધતા દબદબાના પ્રતીક સમાન પ્રશાંત કોરાટનું સ્વાગત કરવા માટે રાજકોટના સિનિયર નેતાઓ, ધારાસભ્યો અને અસંખ્ય કાર્યકર્તાઓ ઉમટી પડ્યા હતા.પ્રશાંત કોરાટ જેવા પોતાની કારમાંથી નીચે ઉતર્યા, કે તરત જ





ઉત્સાહિત કાર્યકરોએ તેમને પોતાના ખભે બેસાડી દીધા હતા. ઢોલ-નગારાના તાલે અને ગગનભેદી નારાબાજી સાથે તેમને સ્ટેજ સુધી લાવવામાં આવ્યા હતા. મહિલા મોરચાના આગેવાનોએ પરંપરાગત રીતે કુમકુમ તિલક કરી અને પુષ્પવર્ષા કરીને તેમને વધાવ્યા હતા. પ્રશાંત કોરાટે આગામી કોર્પોરેશનની ચૂંટણી અંગે વાત કરતા જણાવ્યું હતું કે, ભાજપ સંગઠન મજબૂત છે અને આગામી ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવશે. શાપર-વેરાવળ ખાતે આયોજિત સ્વાગત સમારોહમાં શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન, લોધિકા-કોટડા સાંગાણી તાલુકાના આગેવાનો, શાપર-વેરાવળના સરપંચ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉદ્યોગપતિઓના પ્રતિનિધિઓ અને ભાજપના કાર્યકર્તાઓએ પ્રશાંતભાઈને પુષ્પહાર પહેરાવી આવકાર્યા સંબોધનમાં પ્રશાંત કોરાટે જણાવ્યું હતું કે, સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે દરેક કાર્યકર્તા અને સમાજના દરેક વર્ગનો સહયોગ અનિવાર્ય છે. તેમણે આગામી સમયમાં સંગઠનાત્મક કાર્યોને વેગ આપવા અપીલ કરી હતી.ગોંડલ શહેર ભાજપ પરિવાર દ્વારા આશાપુરા ચોકડી ખાતે ભવ્ય સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ રમેશભાઈ ધડુક, પૂર્વ નગરપતિ અશોકભાઈ પીપળીયા, શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા, શહેર ભાજપ મહામંત્રી જેકીભાઈ પરમાર અને બીપીનભાઈ નિમાવત સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં ગોંડલ નગરપાલિકાના સદસ્યો અને ભાજપ પરિવારના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને નવનિયુક્ત મહામંત્રીને શુભેચ્છાઓ પાઠવી હતી.

# જસદણના કનેસરા ગામે રત્ન કલાકારની હત્યામાં પિતાને આજીવન કેદ

## ખેતીની ઉપજને લઈને ઝઘડો થતા લાકડી વડે મારમારી પુત્રને મોતને ઘાટ ઉતાર્યો હતો: પુત્રની હત્યા પોતાના જ પતિએ કરી હોવાની પરિણીતાની દલીલ

**અબતક, રાજકોટ**

જસદણ તાલુકાના કનેસરા ગામે ત્રણ વર્ષ પૂર્વે ખેતીની ઉપજના પ્રશ્ને પિતા-પુત્ર વચ્ચે થયેલી માથાકૂટમાં ઉશ્કેરાયેલા પ્રૌઢે રત્ન કલાકારને લાકડી વડે મારમારી મોતને ઘાટ ઉતારવાના ગુનાનો કેસ ચાલી જતા રાજકોટની અદાલતે ખેડૂતને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ જસદણ નજીક આવેલા કનેસરા ગામે રહેતા બટુકભાઈ ચનાભાઈ કુકડીયા અને તેના પુત્ર મહેશ કુકડીયા વચ્ચે ખેતીના ઉપજના પ્રશ્ને બંને વચ્ચે થયેલી માથાકૂટમાં ઉશ્કેરાયેલા બટુક ચના કુકડીયાએ લાકડી વડે મારમારી મોતને ઘાટ ઉતાર્યા અંગેની મૃત્તકના માતા રેખાબેને ભાડલા પોલીસ મથકમાં તા.૧૦/૦૩/૨૦૨૩ના રોજ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી બટુક કુકડીયાની ધરપકડ તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યા હતા. બાદ તપાનીશ દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવતા



મૃતક



આરોપી

રાજકોટની અદાલતમાં કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ જિલ્લા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી લેખિત દલીલમાં મૃત્તક અને આરોપી બંનેનું લોહીનું એ-ગ્રુપ છે. જે લાકડી પર છે. જ્યારે ફરિયાદી રેખાબેને પોતાના પુત્રની હત્યા પોતાના જ પતિએ કરી હોવાનું જણાવેલ છે. આરોપી બટુક રખડું જીવન જીવતો હોય અને પુત્ર પાસે પૈસાની માંગણી કરી કુટુંબને હેરાન કરતો હતો અને પુત્ર સાથે ઝઘડા પણ કરતો હતો. આ પ્રકારનો પત્ની જ આક્ષેપ કરતા હોય જે ખોટો માનવાનું કોઈ કારણ નથી. આથી સજા કરવા દલીલ કરી હતી. જે દલીલ ધ્યાને લઈ અધિક સેશન્સ જજ આઈ.બી. પઠાણે આરોપી બટુક ચના કુકડીયાને પુત્રની હત્યામાં આજીવન સજા અને રૂ.૨૫,૦૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# ગાંધીધામ: ગાંજાના જથ્થા સાથે બેલડી ઝડપાઈ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**




ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસે "SAY NO TO DRUGS" મિશન અંતર્ગત ખોડીયારનગરમાં રેઈડ કરીને ૧૨.૨૭૫ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડયા છે. પકડાયેલ આરોપીઓમાં રમેશ રામાભાઈ દેવીપૂજક અને ભીખાભાઈ રતનભાઈ દેવીપૂજકનો સમાવેશ થાય છે. પોલીસે ₹૬.૧૩ લાખની કિંમતનો ગાંજો, એક્ટિવા, મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ ₹૭,૪૮,૫૩૫નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓ વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી પોલીસે તપાસ હાથ ધરી છે. આ સફળ કામગીરી એ ડીવીઝન પીઆઈ એમ.ડી.ચૌધરી તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવેલ છે.

# ગોંડલમાં સ્ક્રેપના ધંધાર્થી સાથે બે ભાઈએ કરી રૂ.૨૮.૬૯ લાખની ઠગાઈ

## વંથલીના કોયલીનો અને જેતપુરમાં ભંગારનો ધંધો કરતાં બારીયા બંધુએ વેપારી સાથે કર્યો વિશ્વાસમાં

**અબતક,રાજકોટ**

ગોંડલના ભંગારના ધંધાર્થી સાથે રૂ.૨૮.૬૯ લાખની છેતરપીંડીનો બનાવ સામે આવ્યો છે. વંથલીના કોયલીના વતની અને જેતપુરમાં ભંગારનો ધંધો કરતાં બારીયા બંધુએ વેપારીને વિશ્વાસમાં લઈ ખાલી ગાડીના વજનની ચિઠ્ઠમાં ઓછો વજન દેખાડી રૂપીયા પડાવતાં હતાં.

બનાવ અંગે જામવાડી ગામે જય પેટ ઈન્ટરનેશલ નામે પ્લાસ્ટીકના સ્ક્રેપનો ધંધો ધર્મેશકુમાર ચંદુલાલ ચાંગેલા (ઉ.વ.૪૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે હિતેષ ગોવિંદ બારીયા (રહે. કોયલી, વંથલી) અને અમીત બારીયા (રહે. ઉપલેટા) નું નામ આપતાં તાલુકા પોલીસે છેતરપીંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતુ કે, હીતેશભાઈ તથા અમીતભાઈને જેતપુર ખાતે ભંગારનો ડેલો આવેલ છે અને તમારે પ્લાસ્ટીક બોટલ સ્ક્રેપની જરૂર હોય તો આ બંને પ્લાસ્ટીક બોટલનો ભંગાર વેચાણ કરતા હોય છે અને તેઓ તમારા કારખાને આવવા માંગે છે, તમે બન્ને એકબીજા મળી લો, જો એકબીજાને અનુકુળ લાગે તો ધંધો કરજો.

સાતેક દીવસ બાદ બંને આરોપી કારખાને આવતા મુલાકાત થયેલી અને ધંધા બાબતે વાતચીત થયેલ હતી. મુલાકાત થયા બાદ બે ત્રણ દિવસ પછી હીતેશ બારીયા કારખાને એક બોલેરોમાં પ્લાસ્ટીકનો ભંગાર ભરી આવેલ જેથી આ ભંગારનો વજન કરાવી ખરીદ કરી લીધેલ અને ત્યારપછી બંને ભાઈઓ અવાર નવાર કારખાને પ્લાસ્ટીકનો સ્ક્રેપ વેચવા આવતા હતા.

દરમિયાન મે/૨૦૨૫ માં ફરીયાદી જે વ્રજ કોલ્ડ એન્ડ વે બ્રીજ માં વજન કરાવતા તેના માલીક હીનુલભાઈ ગજેરાએ આ વજન કાટો કરણભાઈ તથા દીનેશભાઈ નામના વ્યકતીઓને વેચી દીધેલ હોય ત્યારબાદ આ વજન કંટાનું નામ રાધેશ્યામ કોલ્ડ એન્ડ વે બ્રીજ રાખેલ છે. જે બાદ બંને શખ્સો જે પ્લાસ્ટીક નો સ્ક્રેપ ભરી કારખાને વેંચવા આવતા હતા ત્યારે ભંગાર ભરેલ વાહનનો વજન કરાવવા માટે રાધેશ્યામ વે બ્રીજ ખાતે જતા હતા. વજન કરાવીને ભંગાર અમારા કારખાને અન્ય ભંગાર સાથે ખાલી કરી આપતા હતા.આ ખાલી ગાડીનો વજન જોતા ૧૩૩૦ કિ.ગ્રા, જયારે તા.૧૧/૧૦ ના રોજ ખાલી વાહનનો વજન ૧૦૨૦ કિ.ગ્રા હોય અને બંને ખાલી કાટા ચીઠ્ઠીના વજનમાં ફેરફાર આવેલ જેથી વાહનના ડ્રાઈવરને ગાડીના વજન બાબતે પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે, અમે અમારા વાહનમાં ઘણા સમયથી કોઈ ફેરફાર કરેલ નથી. બંને શખ્સો કારખાને જયારે જયારે ભંગાર વેચેલ હોય તે વાહનોની ખાલી વજન કાંટાની ચિઠ્ઠીઓ જોતા આ નંબર વાળુ વાહન વધારે પડતુ ભંગાર ભરીને આવેલ હોય અને દરેક વખતે ખાલી વજન કાટા ચીઠ્ઠીના વજનમાં કાયદેસર વજન કરતા આશરે ૨૫૦ થી ૩૦૦ કિ.ગ્રા. જેટલો વજન ઓછો બતાવેલ હતો. જેથી હીતેષને વજન બાબતે પુછપરછ કરતા તેઓએ કહેલ કે, છેલ્લા પાંચેક મહીના થી હુ વજન કંટાની ચીઠ્ઠીમાં ખાલી ગાડીનો વજન ઓછો લખાવી અને તમોને કાંટા ચિઠ્ઠી આપેલ છે.જે બાદ કારખાને તપાસ કરતા બંનેએ ભંગાર મોકલેલ હોય તે વાહનો બાબતે તપાસ કરતાં અલગ અલગ વાહનો ભંગાર ભરી આવેલ હોય અને આ વાહનના વજન બાબતે તપાસ કરતા ખાલી ગાડીના વજનમાં ફેરફાર કરી કાયદેસરના વજન કરતા ઓછો બતાવી ચીઠ્ઠી આપી પુરા વજનના રૂપીયા લઈ ગયેલ હોવાનું જણાય આવેલ હતુ. જે બંને આરોપીએ સ્વીકારેલ કે, અમે વજનમાં ફેરફાર કરી વધુ પૈસા લીધેલ છે, તમારા વધારે લીધેલ પૈસા/રૂપીયા પાછા આપી દશું તેમ વાત કરેલ હતી. જે બંનેએ વિશ્વાસ કેળવી વેપાર દરમ્યાન આશરે રૂ.૨૮,૬૪,૫૮૫ ની રકમ જઈ છેતરપીંડી આચરેલ છે. બનાવ બાબતે પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

# આટકોટ નજીક બોલેરોના ચોરખાનામાંથી રૂા.૧.૧૧ લાખનો શરાબ સાથે ચારની ધરપકડ

## દારૂ, વાહન, ચાર મોબાઈલ, રોકડ મળી રૂા.૬.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના આટકોટ નજીક ગોંડલ ચોકડી પાસે એલસીબીએ દરોડો પાડી બોલેરોના ચોરખાનામાંથી રૂા.૧.૧૧ લાખની કિંમતનો ૪૨૨ બોટલ વિદેશી દારૂના જથ્થા સાથે ચાર પરપ્રાંતીય શખ્સની ધરપકડ કરી રૂા.૬.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથધરી છે. વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં દારૂબંધીનો કડક અમલ કરવા એસ.પી. વિજયસિંહ ગુર્જરે આપેલી સૂચનાને પગલે એલસીબીના પીઆઈ વી.વી.ઓડેદરા સહિતના સ્ટાફે પેટ્રોલીંગ હાથધર્યું હતું ત્યારે ભાવનગર તરફથી વિદેશી દારૂ ભરીને જીજે-૦૩-એફ.કે.-૧૬૪૪ નંબરની બોલેરોમાં એમ.પી.ના અલીરાજપુર જિલ્લાના લાલા સુરસીમ બગેલ, દીપુ મગન, મુકેશ અંતર બામણીયા અને ઈક્રમ રઘુ અવાશીયા આવી રહ્યા હોવાની મળેલી બાતમીના આધારે પીએસઆઈ એચ.સી.ગોહિલ અને આર.વી.ભીમાણી સહિતના સ્ટાફે આટકોટ ચોકડી પાસે વોંચ ગોઠવી હતી ત્યારે ઉપરોકત નંબરની પૂરપાટ ઝડપે આવતી કારને અટકાવી તલાસી લેતા જેમાં બોલેરોના ચોરખાનામાં છૂપાવેલો રૂ.૧.૧૧ લાખની કિંમતનો ૪૨૨ બોટલ દારૂ સાથે ચારેય શખ્સોની ધરપકડ કરી દારૂ, વાહન, રોકડ અને મોબાઈલ મળી રૂ.૬.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વિશેષ તપાસ આટકોટ પોલીસ મથકનો સ્ટાફ ચલાવી રહ્યા છે.

# ગાંધીધામ: ગૌવંશના માંસ સાથે ઝડપાયેલા શબીરના જામીન નામંજુર

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ બી ડીવીઝનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ આરોપીઓ શબીર નુરમામદ મણેક અને અન્ય બે મહિલાઓ પોતાના ઘરમાં ૧૯૦ કીલો માંસ સાથે હાજર મળી આવ્યા હતા. જે અનુસંધાને શબીર નુરમામદ માણેક દ્વારા સેશન્સ કોર્ટ ગાંધીધામ સમક્ષ રેગ્યુલર જામીન અરજી કરી હતી. જેમાં આરોપીની જામીન અરજીની સુનાવણી દરમ્યાન ગાંધીધામ પુર્વ કચ્છના સરકારી વકીલ રાજકુમાર ટી. લાલચંદાણી હાજર રહ્યા હતા અને આરોપીએ કરેલા ગુન્હાને ધ્યાને લઈ જોરદાર દલીલો કરી હતી જેને નામદાર સેશન્સ કોર્ટ ગાંધીધામના એ.એમ.મેમણ દ્વારા ગ્રાહ્ય રાખી અરજી નામંજૂર કરવામાં આવી હતી.

# સુરેન્દ્રનગર: રૂ.૪.૧૯ કરોડનો શરાબ નાશ કર્યો

## પાંચ પોલીસ મથક દ્વારા ૫૯,૮૬૮ બોટલો દારૂ બીયર પકડાયો



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર પોલીસ ડિવિઝનની હદમાં આવતા અલગ અલગ પાંચ પોલીસ મથકની હદમાં ઝડપાયેલ કરોડો રૂપિયાની કિંમતના ઈંગ્લીશ દારૂ અને બીયર સહિતના મુદ્દામાલનો બુલડોઝર ફેરવી પોલીસ દ્વારા નાશ કરવામાં આવ્યો હતો.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર જીલ્લામાં ઈંગ્લિશ દારૂની હેરાફેરી અને કટીંગ સહિતના બનાવો વધી રહ્યાં છે ત્યારે પોલીસ દ્વારા રેઈડ કરી ઈંગ્લીશ દારૂ સહિતનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવે છે. જેમાં સુરેન્દ્રનગર પોલીસ ડિવિઝનની હદમાં આવતા અલગ અલગ પાંચ પોલીસ સ્ટેશન એ-ડિવિઝન, બી-ડિવિઝન, જોરાવરનગર, વઢવાણ અને લખતર પોલીસ મથકની હદમાં ઝડપાયેલ ઈંગ્લીશ દારૂ અને બીયરની કુલ ૫૯,૮૬૮ બોટલો કિંમત રૂ.૪.૧૯ કરોડના મુદ્દામાલનો વઢવાણના વાઘેલા ગામ પાસે આવેલ સરકારી ખરાબાની જમીનમાં બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો. આ તકે વઢવાણ ડેપ્યુટી કલેક્ટર, મહિલા એએસપી, નશાબંધી અધિકારી, મામલતદાર, તમામ પોલીસ મથકના પી.આઈ., પીએસઆઈ સહિતના પોલીસ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ભાયાવદર: વોન્ટેડ વ્યાજખોર પિતા પુત્રની ધરપકડ

**અબતક, રાજકોટ**



ભાયાવદર પોલીસ સ્ટેશનમાં અગાઉ વ્યાજ અને ગેરકાયદે હથિયારમાં ભાયાવદરમાં રહેતા બળવંતસિંહ લખુભા ચુડાસમા અને જયરાજસિંહ બળવંતસિંહ ચુડાસમા વિરુદ્ધ ગુન્હા દાખલ થયા હતા.જેમાં બંને શખ્સો પોલીસથી બચવા નાસતા ફરતા હતા તેને શોધવા ધોરાજી મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજનહ માર્ગદર્શન હેઠળ તેમની ટીમના

પીએસઆઈ પી એન ત્રિવેદી અને કોન્સ્ટેબલ ભવ્યરાજસિંહ સહિતનો સ્ટાફ ટેકનિકલ સોર્સ અને હ્યુમન સોર્સના આધારે તેઓને શોધતા હતા કે દરમિયાન તેઓને જાણ થઈ હતી કે , વોન્ટેડ બંને શખ્સો હાલમાં સુપેડી ગામે છે જેથી પોલીસ સુપેડી ગામે પહોંચી ભાયાવદર બસ સ્ટેન્ડ પાસે રહેતા બળવંતસિંહ લખુભા ચુડાસમા અને જયરાજસિંહ બળવંતસિંહ ચુડાસમાની ધરપકડ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# સિહોરના મોટા સુરકા ગામે કુવામાં ડૂબી જવાથી યુવકનું મોત

**અબતક, આનંદ રાણા, શિહોર**

સિહોર તાલુકાના મોટા સુરકા ગામે હિપાભાઈ જોટાણાની વાડીમાં ભાગીયા તરીકે કામ કરતા ઈશ્વરભાઈ રામસંગભાઈ નાયકા ઉ.વ.૪૦, રહે. ખાખરીયા, તા. જાંબુઘોડા, જી. પંચમહાલ વાડીના કુવામાં ડુબી જતાં સિહોર નગરપાલિકા ફાયર ટીમ તથા ભાવનગર મહાનગરપાલિકા ફાયરવિભાની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી સ્થાનિક પોલીસ અને રેવન્યુ વિભાગના અધિકારીઓના સહયોગથી સિહોર- ભાવનગર ફાયર વિભાગની સંયુક્ત ટીમ દ્વારા રેસ્ક્યુ કામગીરી હાથ ધરતા ભારે જહેમત બાદ કુવામાંથી ઈશ્વરભાઈના ડેથ બોડીને બહાર કાઢવામાં આવેલ તથા સિહોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ડેથ બોડીને પી. એમ. અર્થે ખસેડવામાં આવી હતી.

# રતનપર વિસ્તારમાં પાણીની લાઈન તુટયા બાદ યોગ્ય રીતે રીપેરીંગ ન કરાતા સ્થાનીક લોકોને હાલાકી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર તેમજ વઢવાણ શહેરમાં મનપાની હદમાં આવતા વિસ્તારોમાં તંત્રની બેદરકારીને કારણે અવાર નવાર લોકોને હાલાકી પડી રહી છે. ત્યારે રતનપર વિસ્તારમાં મનપા તંત્ર દ્વારા પાણીની લાઈન તુટયા બાદ યોગ્ય રીતે રીપેરીંગની કામગીરી ન થતા લોકોને હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ રતનપર વિસ્તારમાં આવેલ નીલકંઠ સ્કૂલ પાસે પાણીની લાઈન તૂટી જતા આસપાસમાં આવેલ અવધ ટાઉનશિપ, ધર્મનંદન ટાઉનશિપ સહિતના વિસ્તારોના લોકો અને વાહન ચાલકોને હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો હતો. જે અંગેની જાણ થતા મનપા તંત્ર દ્વારા લીકેજ પાણીની લાઈનનું રિપેરિંગ કરવામાં આવ્યું હતુ. પરંતુ યોગ્ય રીતે રીપેરીંગ કરવામાં નહી આવતા હજુ પણ રોડ પર ખાડા અને પાણી ભર્યું રહ્યું છે. જેના કારણે આ વિસ્તારમાં રહેતા સ્થાનિક રહીશો અને વાહન ચાલકો સહિત સ્કૂલ વાહનને મુશ્કેલી પડી રહી છે. તેમજ અકસ્માત થવાનો પણ ડર સતાવી રહ્યો છે. આથી મનપા તંત્ર દ્વારા વ્યવસ્થિત રીતે રીપેરીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# ચોટીલા નાયબ કલેક્ટર મકવાણાનો ખનીજ ચોરી પર સપાટો

## રેતી ભરેલું ડમ્પર મળી રૂ.૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાંથી પસાર થતા અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પરથી ભૂમાફીયાઓ દ્વારા મોટાપાયે ગેરકાયદેસર ખનીજ સંપત્તિનું વહન થતું હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જેને ધ્યાને લઈને ચોટીલા ડેપ્યુટી કલેક્ટર એચ.ટી.મકવાણાએ ચોટીલા-જસદણ નેશનલ હાઈવે પર દુધેલી ગામ પાસે ઓવરલોડ રેતી ભરેલ ડમ્પરને ઝડપી લીધું હતું અને રેતી તેમજ ડમ્પર સહિત ફૂલ રૂ.૫૦,૦૦,૦૦૦ ( રૂપિયા પચાસ લાખ )નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને તમામ મુદ્દામાલ ચોટીલા મામલતદાર કચેરી ખાતે સીઝ કરવામાં આવ્યો હતો. તેમજ ઝડપાયેલ ડમ્પરના માલિક. દુમાદીયા રાજુભાઈ સોમાભાઈ રહે.નવી મોરવાડ તા.ચુડા વાળા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સમસ્ત લુહાર યુવક મંડળના તૃતીય સમૂહ લગ્નનું આયોજન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢના સમસ્ત લુહાર યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા વિશ્વકર્મા જયંતીના દિવસે તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ ના શુભ દિવસે તૃતીય સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રસંગે સમાજની ૭ દીકરીઓ નવજીવનની શરૂઆત કરશે. મંડળ દ્વારા દીકરીઓને કરિયાવરમાં ૧૨૫ થી વધુ ઉપયોગી વસ્તુઓ ભેટ આપવામાં આવશે.

જૂનાગઢના કૈલાશ ફાર્મ, ખલીલપુર રોડ ખાતે યોજાનાર આ સમૂહ લગ્નનો બપોરે ૩:૦૦ કલાકે જાન પ્રસ્થાન સાથે પ્રારંભ થશે, જ્યારે વિદાય સમારંભ રાત્રે ૯:૦૦ કલાકે યોજાશે. જે દરમિયાન સાંજે ૬:૦૦ કલાકે સમસ્ત લુહાર સમાજ માટે સમૂહ ભોજન નું પણ આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ કલ્પેશભાઈ ચોહાણ તેમજ મંત્રી કિશનભાઈ જીલ્કાએ સમસ્ત જ્ઞાતિજનોને આ પ્રસંગે ઉપસ્થિત રહી નવદંપતિઓને આશીર્વાદ પાઠવવા આમંત્રિત કર્યા છે.

# ધ્રાંગધ્રા ભગવતધામ ગુરૂકુળમાં સામૂહિક પૂજાથી સંસ્કારસભર શિક્ષણની અનોખી પરંપરા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા સ્થિત ભગવતધામ ગુરુકુળમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ધાર્મિક અને સંસ્કારસભર શિક્ષણને વિશેષ મહત્વ આપવામાં આવે છે ગુરુકુળમાં દરરોજ વહેલી સવારથી જ વિદ્યાર્થીઓને ઉઠાડી નિયમિત રીતે સામૂહિક પૂજા અર્ચનાનું આયોજન કરવામાં આવે છે આ આયોજનમાં સ્કૂલના તમામ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે સ્વામી દિવ્ય દર્શન દેખરેખ હેઠળ વિદ્યાર્થીઓને હિન્દુ ધર્મની સંસ્કૃતિ અને પરંપરા મુજબ સ્વામિનારાયણ ભગવાન સહિત વિવિધ દેવતાઓની પૂજા, પાઠ અને પ્રાર્થના કરાવવામાં આવે છે આ નિયમિત આધ્યાત્મિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં શિસ્ત, સદાચાર, એકાગ્રતા અને આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન થાય છે સવારની સામૂહિક પૂજાના આ આયોજનથી વિદ્યાર્થીઓમાં હકારાત્મક વિચારો, આદરભાવ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના વિકસે છે, જે તેમના ભવિષ્ય માટે મજબૂત પાયો રચી રહ્યું છે.

# કંડલા પોર્ટમાં ૧૨૫ એમએનટી કાર્ગો હેન્ડલીંગ નવો રેકોર્ડ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**




દીનદયાલ પોર્ટ ઓથોરિટી (ડીપીએ), કંડલાએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં અત્યાર સુધીની સૌથી ઝડપી ૧૨૫ મિલિયન મેટ્રિક ટન (MMT) કાર્ગો હેન્ડલિંગ કરીને નવો ઈતિહાસ રચ્યો છે.

આ સિદ્ધિ સાથે કંડલા પોર્ટે મેજર પોર્ટ્સમાં પોતાનું અગ્રીમ સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે. વર્તમાન નાણાકીય વર્ષ પૂર્ણ થવાના આડે હજુ ૭૨ દિવસ જેટલો સમય બાકી છે, ત્યારે કંડલા પોર્ટ આ વર્ષે કાર્ગો હેન્ડલિંગમાં નવો રેકોર્ડ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું હોવાનો સત્તાવાળાઓએ દાવો કર્યો હતો. કંડલા પોર્ટના અભૂતપૂર્વ પ્રદર્શનમાં ઓપરેશનલ એક્સેલન્સ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કાર્યક્ષમ આયોજન અને તમામ હિતધારકો વચ્ચેના સુમેળભર્યા સંકલનનું પ્રતિબિંબ છે તેમ જણાવતાં સમગ્ર પોર્ટ પરિવારને અભિનંદન પાઠવીને દીનદયાલ પોર્ટ ઓથોરિટીના ચેરમેન સુશીલ કુમાર સિંહે પોર્ટ યુઝર્સ, ટ્રેડ યુનિયનો, અધિકારીઓ, કર્મચારીઓ અને શ્રમિકોના સહકાર, સમર્પણ અને સામૂહિક પ્રયાસો માટે આભાર વ્યક્ત કર્યો હતો.

# વાંકાનેર તાલુકાના અંતરિયાળ વિસ્તારોને મુખ્ય માર્ગો સાથે જોડવા જરૂરી: સાંસદ કેશરીદેવસિંહજી ઝાલા

## સાંસદે રાતાવીરડાથી વીરપર સુધીના નવ નિર્મિત રોડના કામનું નિરિક્ષણ કરી ગુણવત્તા ચકાસી



**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર: છેવાડાના ગામડાઓ સુધી પાકા રસ્તાની સુવિધા પહોંચાડવાના સંકલ્પ સાથે વાંકાનેર તાલુકાના રાતાવીરડા ગામથી વિરપર સુધીના આરસીસી રોડનું નિર્માણ કાર્ય પૂરજોશમાં શરૂ કરવામાં આવ્યું છે. રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહજી ઝાલાના વિશેષ પ્રયત્નોથી મંજૂર થયેલા આ રોડના કામની પ્રગતિ અને ગુણવત્તાની સમીક્ષા કરવા માટે તેઓએ રૂબરૂ સ્થળ મુલાકાત લીધી હતી.

સાંસદ કેસરીદેવસિંહજી ઝાલાએ રાતાવીરડા-વિરપર રોડના કામના સ્થળે પહોંચીને એન્જિનિયરો અને કોન્ટ્રાક્ટરો પાસેથી ટેકનિકલ વિગતો મેળવી હતી. રસ્તાના નિર્માણમાં વપરાતી સામગ્રી અને ધોરણોની ચકાસણી કરતા તેમણે સ્પષ્ટ સૂચના આપી હતી કે, રોડનું કામ ઉચ્ચ ગુણવત્તા સાથે અને નિયત સમય મર્યાદામાં પૂર્ણ થવું જોઈએ જેથી ચોમાસા દરમિયાન કે અન્ય સમયે ગ્રામજનોને અવરજવરમાં મુશ્કેલી ન પડે.

આ મુલાકાત દરમિયાન મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. સાંસદે ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધીને ગામના પડતર પ્રશ્નો અને જરૂરિયાતો વિશે ચર્ચા કરી હતી. ગ્રામીણ સ્તરે માળખાકીય સુવિધાઓ મજબૂત બને તે માટે તેઓ હંમેશા તત્પર રહેશે તેવી ખાતરી પણ આપી હતી.

રાજ્યસભા સાંસદ દ્વારા કરવામાં આવેલા આ નિરીક્ષણથી ગ્રામજનોમાં પણ આનંદની લાગણી પ્રસરી છે. વાંકાનેર તાલુકાના અંતરિયાળ વિસ્તારોને મુખ્ય માર્ગો સાથે જોડવા અને પાકા રસ્તાઓની સુવિધા આપવાની નેમ સાથે સાંસદ સતત કાર્યરત હોવાનું આ તકે જણાવાયું હતું.

# મેફેડ્રોન ડ્રગ્સ સાથે જામનગરના બે શખ્સની ધરપકડ, બે ફરાર

## ક્રાઈમ બ્રાંચે કાર સહિત રૂ. ૬.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો ચારેય આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

**અબતક, ઋષી મહેતા**

મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસે મહેન્દ્રનગર ચોકડી નજીક અર્ટિગા કારમાં મેફેડ્રોન ડ્રગ્સ લઈ જતા જામનગરના બે ઈસમોને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી ૫૦ ગ્રામ ૧૩ મિલીગ્રામ મેફેડ્રોન પાવડર સહિત કાર અને મોબાઈલ મળી કુલ રૂ. ૬,૫૫,૮૯૦/-નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. આ કેસમાં બે અન્ય આરોપીઓના નામ ખુલતા તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.



મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જીલ્લામાં નાર્કોટીક્સ અને માદક પદાર્થોની હેરાફેરી પર અંકુશ લાવવા કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવતા મોરબી એલસીબી, પેરોલ-ફર્લો સ્ક્વોડની ટીમ કાર્યરત હોય, તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળી હતી કે જામનગરના બે ઈસમો સફેદ રંગની અર્ટિગા કાર નં. જીજે-૦૩-એનપી-૪૭૯૨માં ગેરકાયદેસર મેફેડ્રોન ડ્રગ્સ લઈ હળવદ તરફથી મોરબી થઈ જામનગર તરફ જઈ રહ્યા છે. મળેલ માહિતીના આધારે મોરબી મહેન્દ્રનગર ચોકડીથી માળીયા ફાટક તરફ જતા રોડ ઉપર સમર્પણ હોસ્પિટલ નજીક વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન અર્ટિગા કાર પસાર થતાં તેને રોકી તલાશી લેતા તેમાં માદક પદાર્થ મેફેડ્રોન પાવડર વજન ૫૦ ગ્રામ ૧૩ મિલીગ્રામ કિ.રૂ.૧,૫૦,૩૯૦/- મળી આવતા પોલીસે તુરંત કારમાં સવાર બંને આરોપીઓ તૌસીફમીંયા હુશેનમીંયા બુખારી ઉવ.૩૫ રહે. નવાગામઘેડ જામનગર અને ઈકબાલભાઈ મુસાભાઈ ચાવડા ઉવ.૪૫ રહે. બેડેશ્વર રોડ જામનગર વાળાની ધરપકડ કરી હતી. પકડાયેલ આરોપીની પૂછપરછ દરમ્યાન બંનેએ અન્ય બે આરોપી શરીફ રહે. જસ્શા જી.પાટણ અને સાંચોર નજીકથી ડ્રગ્સ પહોંચાડનાર સફેદ સ્કોર્પિયો કારના ચાલક એમ બે આરોપીઓના નામની કબૂલાત આપતા પોલીસે તેમને વોન્ટેડ જાહેર કર્યા છે.

આ સાથે પોલીસે મેફેડ્રોન ડ્રગ્સ, અર્ટિગા કાર, ત્રણ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૬,૫૫,૮૯૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઉપરાંત ચારેય આરોપીઓ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાવી મોરબી ક્રાઈમ બ્રાંચે વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

# આમરણ ગામે જુગાર રમતા પાંચ પકડાયા,એક ફરાર



**અબતક, ઋષી મહેતા**

મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે આમરણ ગામે રેઈડ કરી તીનપત્તિનો જુગાર રમતા ૫ પત્તાપ્રેમીની રોકડા રૂ.૧,૫૯,૩૦૦/- સાથે અટક કરી છે. રેઈડ દરમિયાન પોલીસને દૂરથી જોઈ એક ઈસમ ભાગી છૂટ્યો હતો. હાલ પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મોરબી એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે, આમરણ જીવાપર રોડ આમરણ ગામની સીમમાં ચેકડેમ પાછળ ખરાબામા જાહેરમાં બાવળની કાંટમાં અમુક લોકો ગંજીપતાના પાના અને પૈસા વતી પૈસાની હારજીતનો તીન પતીનો જુગાર રમતા હોય, જેથી મળેલ માહિતી આધારે ઉપરોક્ત સ્થળે રેઈડ કરતા જ્યાંથી જુગાર રમતા દેવદાનભાઈ મોમૈયાભાઈ કુંભરવાડીયા, અસ્લમમીંયા સુલતાનમીંયા બુખારી, ધીરજભાઈ વાલજીભાઈ બોપલીયા, પ્રવિણભાઈ રાઘવજીભાઈ લીખીયા તથા ગૌતમભાઈ અમૃતભાઈ લીખીયા તમામ રહે.આમરણ તા.જી.મોરબીવાળાને રોકડા રૂ.૧,૫૯,૩૦૦/- સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા, રેઈડ દરમિયાન આરોપી નીજામ ફારૂકમીંયા બુખારી રહે.આમરણ તા.જી.મોરબીવાળો નાસી જતા તેને ફરાર દર્શાવી પોલીસે તમામ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પુરૂષનો મૃતદેહ મળ્યો વાલી-વારસની શોધખોળ

**અબતક, ઋષી મહેતા**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અ.મોતની નોંધની વિગત મુજબ, મોરબીથી કંડલા બાયપાસ તરફ નવલખી ફાટક પાસે સિલ્વર સોસાયટીના પાછળ આવેલા ખુલ્લા મેદાનમાંથી તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ સાંજના અરસામાં એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ઉંમર અંદાજે ૫૦થી ૫૫ વર્ષ હોવાનું માનવામાં આવે છે. મૃતક રંગે ઘઉંવર્ણનો છે, તેની ડાબી આંખની નીચે તલનું નિશાન જોવા મળે છે. મૃતદેહે રાખોડી રંગનો આખી બાયનો લાઈનીંગવાળો સ્વેટર અને કાળા રંગનું પેન્ટ પહેરેલું છે. માથાના વાળ સફેદ-ભૂરા રંગના હોવાનું નોંધાયું છે.

હાલ આ મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે મૃતકના વાલી-વારસની શોધખોળ શરૂ કરી છે. આ સાથે પોલીસ દ્વારા અપીલ કરાઈ છે કે, જો કોઈ વ્યક્તિને મૃતક અંગે કોઈ માહિતી હોય તો, મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ટેલિફોન: ૦૨૮૨૨-૨૩૦૧૮૮ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

# હળવદ નજીક કારમાંથી વિદેશી દારૂની ૧૪૪ બોટલ ઝડપાઈ

## એલસીબીએ દરોડો પાડી રૂ. ૪.૫૮ લાખનો મુદામાલ કબ્જે કર્યો: ચાલક ફરાર



**અબતક, ઋષી મહેતા**

હળવદ તાલુકાના જુના દેવળીયા ગામે સ્કૂલ પાછળના જાહેર રોડ પરથી મોરબી ક્રાઈમ બ્રાંચે સ્વીફ્ટ કારમાં હેરાફેરી કરાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. જ્યારે કારચાલક પોલીસ કાર્યવાહી જોઈ કાર રેઢી મૂકીને ફરાર થઈ ગયો હતો. આ સાથે પોલીસે વિદેશી દારૂની ૧૪૪ બોટલ તથા કાર સહિત કુલ રૂ.૪,૫૮,૪૦૦/- નો મુદામાલ કબ્જે કરી આગળની તપાસ ચલાવી છે. મોરબી એલ.સી.બી./પેરોલ-ફર્લો સ્કવોડની ટીમ હળવદ તાલુકાના જુના દેવળીયા ગામની સ્કૂલ પાછળ જાહેર રોડ પર પેટ્રોલિંગમાં હોય તે દરમ્યાન વાહન ચેકીંગ કાર્યવાહીમાં હોય તે દરમિયાન સ્વીફ્ટ કાર રજી.નંબર જીજે-૦૩-એફડી-૨૩૯૭ના ચાલક દ્વારા કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતો હોય ત્યારે કારચાલક પોલીસ કાર્યવાહી જોઈ કાર રોડ ઉપર રેઢી મૂકીને ફરાર થઈ ગયો હતો. ત્યારે ક્રાઈમ બ્રાંચ દ્વારા કારની ઝડતી તલાસી લેતા તેમાથી વિદેશી દારૂ ગ્રીન લેબલ વિસ્કીની ૧૪૪ નંગ બોટલ કિ.રૂ.૧,૫૮,૪૦૦/- મળી આવી હતી. જેથી પોલીસે સ્વીફ્ટ કાર કિ.રૂ.૩ લાખ સહિત રૂ. ૪,૫૮,૪૦૦/- નો મુદામાલ જપ્ત કરી, આરોપી ફરાર કાર ચાલક તેમજ તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી તપાસની તજવીજ હાથ ધરી છે.

# જાંબુડીયા ગામે ઈંડાની કેબીને દેશી દારૂ લેવા ગયેલા મજૂર ઉપર પિતા-પુત્રએ હુમલો કર્યો

**અબતક, ઋષી મહેતા**

મોરબી તાલુકાના જાંબુડીયા ગામની સીમમાં આવેલ મારબો મેક્સ સિરામિક કારખાનાની કોલોનીમાં રહેતા મૂળ મધ્યપ્રદેશ રાજ્યના વતની અંબારામ ખીમાજી પરમાર ઉવ.૪૨એ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ છેલ્લા બે વર્ષથી પરિવાર સાથે કારખાનામાં મજૂરી કોન્ટ્રાક્ટ ચલાવે છે. ગત તા. ૧૫/૦૧/૨૦૨૬ના રોજ સાંજના સમયે તેઓ કારખાનાની બાજુમાં આવેલ ઈંડાની કેબીન પર દેશી દારૂ લેવા ગયા હતા. ત્યારે ત્યાં હાજર દુકાનદાર આરોપી મહેશભાઈ રહે. જાંબુડીયા વાળાએ દારૂ લેવા અંગે મનાઈ કરી બોલાચાલી શરૂ કરી હતી. વાત વધતા આરોપીએ પીડિતને ગાળો આપી ઢીકાપાટુ માર્યા હતા તેમજ લાકડી વડે જમણા પગે હુમલો કર્યો હતો. ત્યારબાદ આરોપીનો દીકરો ચન્દ્રકાંતભાઈ પણ સ્થળ પર આવી પીડિત સાથે ગાળાગાળી કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્યારે મારની ઘટનાથી ડરી પીડિત પોતાના રૂમમાં જતો રહ્યો હતો અને બાદમાં કારખાનામાં સારવાર લીધી હતી.

માર મારવાની ઘટના અંગે કારખાનામાં વાત કરતા કારખાનાના શેઠ જયભાઈ અને અશોકભાઈ દુકાનદાર આરોપીને સમજાવવા જતા આરોપીઓએ ફરીથી ગાળાગાળી અને ઝઘડો કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સમગ્ર મામલે મોરબી તાલુકા પોલીસ મથકમાં આરોપી પિતા-પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવતા, પોલીસે ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# વાંકાનેરના વાલાસણ ગામે મહિલાની હત્યાના આરોપીને આજીવન કારાવાસ

## આરોપી મૃત્તકના પિતા ભુવા પાસે જોવડાવા ગયેલો ત્યારે ઉશ્કેરાયેલને છરી વડે હુમલો કરી મહિલાનું ઢીમ ઢાળી દીધું'તું

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના વાલાસણ ગામે વર્ષ ૨૦૨૦માં બનેલા ચકચારી હત્યાકાંડના કેસમાં મોરબીના સેસન્સ જજ પી.વી. શ્રીવાસ્તવની કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. આ કેસમાં વિક્રમ ગોરધનભાઈ ફુલતરીયા નામના આરોપીને આજીવન કારાવાસની સજા તેમજ રૂ. ૨૬,૦૦૦/- નો દંડ ફટકારવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, વાલાસણ ગામે રહેતા પુજાબેન રમણીકભાઈ ફુલતરીયાના પિતા કુળદેવીના ભુવા હોવાથી આરોપી વિક્રમભાઈ તેમના ઘરે દાણા જોવડાવવા ગયો હતો. તે સમયે પુજાબેનના પિતા રમણીકભાઈ ઘરની છત ઉપર સુતેલા હોવાનું કંચનબેને આરોપીને જણાવતાં તે ઉશ્કેરાઈ ગયો હતો. બાદમાં આરોપીએ છરી વડે પુજાબેન, કાજલ તથા કંચનબેન ઉપર ઘાતકી હુમલો કર્યો હતો, જેમાં ત્રણેયને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે ત્રણેયને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં કંચનબેનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પુજાબેન રમણીકભાઈ ફુલતરીયા દ્વારા તા.૨૩/૦૮/૨૦૨૦ના રોજ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે આરોપીની અટકાયત કરી કેસ કોર્ટમાં રજૂ કર્યો હતો.



સરકારી વકીલ વિજય જાની



પીએસઆઇ આર.પી.જાડેજા

ત્યારે ઉપરોક્ત કેસમાં સરકારી વકીલ વિજય જાનીની કાયદાકીય દલીલ તેમજ વાંકાનેર તાલુકા પોલીસ મથકના તે સમયના પીએસઆઇ આર.પી.જાડેજા દ્વારા તપાસ દરમિયાનના મૌખિક તેમજ દસ્તાવેજી પુરવાઓને ધ્યાનમાં લઇ કોર્ટે આરોપીને આઇપીસી કલમ ૩૦૨ મુજબ દોષિત ઠેરવી આજીવન કારાવાસ તેમજ રૂ.૨૬,૦૦૦/-ના દંડ સહિતની સજા સંભળાવી છે.

# ચરાડવા ગામે કોમન પ્લોટમાં બાવળ કાઢવા બાબતેની બબાલમાં મહિલાનો હાથ ભાંગી નાખ્યો

**અબતક, ઋષી મહેતા**

હળવદ તાલુકાના ચરાડવા ગામે ગોપાલનગર સોસાયટીમાં રહેતા વનીતાબેન જયંતીભાઈ ભુદરભાઈ ચાવડાએ આરોપી વસંતબેન રમેશભાઈ સોનાગ્રા, તુષાર રમેશભાઈ સોનાગ્રા, રમેશભાઈ હરજીભાઈ સોનાગ્રા તેમજ દિનેશભાઈ હરજીભાઈ સોનાગ્રા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૧૭ ના રોજ વનીતાબેનના મકાનની સામેના કોમન પ્લોટમાં કોઈએ બાવળ કાઢ્યા હોય જેથી વનીતાબેને પૂછ્યું કે, આ બાવળ કોને કાઢ્યા ? ત્યારે પડોશમાં રહેતા આરોપી વસંતબેન અને તેના દીકરા તુષારે ફરિયાદી વનીતાબેન સાથે બોલાચાલી બાદ ઝપાઝપી કરી વનીતાબેનને ધક્કો મારી નીચે પછાડી દીધા હતા. જે દરમિયાન અન્ય બંને આરોપીઓએ આવીને ફરિયાદીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ચાલ્યા ગયા હતા. ત્યારે આ હુમલામાં વનીતાબેનને હાથમાં ફ્રેકચર જેવી ઈજા પહોંચી હતી. હાલ હળવદ પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# સિરામિક સિટીમાં યુવકનો ગળેફાંસો ખાઈ આપઘાત

**અબતક, ઋષી મહેતા**

મોરબીના સીરામીક સિટીમાં રહેતા રાજેશભાઈ મેરામભાઈ જાખોત્રા ઉવ.૩૫એ ગઈકાલ તા.૧૮/૦૧ના રોજ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેનું મૃત્યુ નિપજ્યું હતું. ત્યારે મૃતકનો મૃતદેહ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં ફરજ પરના ડોક્ટરે પોલીસને જાણ કરતા, બી ડિવિઝન પોલીસે અ. મોતની નોંધ જારી આગળની તપાસ ચલાવી છે.

# પત્નીને બ્લેકમેઈલ કરી વીડિયો ફોટા વાયરલ કરવાની ધમકી આપી

## સોશિયલ મીડિયા મારફતે પરિચય આપ્યા બાદ બંને લગ્ન કર્યા હતા

**અબતક, ઋષી મહેતા**

મોરબીના ધુનડા રોડ ઉપર રહેતી રહેતી ૨૪ વર્ષીય યુવતીએ મહેસાણાના પિલુદ્રા ગામના તેના દસ્તાવેજી લગ્ન કરી લીધેલ પતિ સામે વીડિયો-ફોટા વાયરલ કરવાની, જાનથી મારી નાખવાની ધમકી અને વોટ્સએપ પર ગાળો આપવાની ફરિયાદ અત્રેના સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ બીએનએસ કલમ ૩૫૨ અને ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી શહેરના ધુનડા રોડ વિસ્તારની પરિણીતાએ પોલીસ સ્ટેશનમાં આરોપી હર્ષ ભરતભાઈ પ્રજાપતિ રહે.પિલુદ્રા મહેસાણા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે વર્ષ ૨૦૧૯ દરમિયાન સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ મારફતે તેમનો પરિચય ઉપરોક્ત આરોપી હર્ષ પ્રજાપતિ સાથે થયો હતો. મિત્રતા બાદ બંને વચ્ચે પ્રેમસબંધ બંધાયો હતો , . આ દરમિયાન આરોપીએ તેમના સાથેના કેટલાક વીડિયો પોતાના મોબાઈલમાં ઉતાર્યા હતા. જે બાદ તા.૨૦ મે ૨૦૨૪ના રોજ ચાંદખેડા ખાતે દસ્તાવેજ ઉપર સહી કરીને લગ્ન કર્યા હતા. ત્યારબાદ આરોપી હર્ષ પ્રજાપતિ યુવતીને વારંવાર ફોન કરી જાનથી મારી નાખવાની તેમજ વીડિયો-ફોટા વાયરલ કરવાની ધમકી આપતો હતો. તેમજ વોટ્સએપ પર ભુંડી ગાળો આપતો હતો.

આ સાથે પૈસાની માંગણી કરી યુવતી પાસેથી ૪૦ થી ૫૦ હજાર સુધીની રકમ પણ લીધી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. હાલ મોરબી સીટી એ ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જીલ્લામાં એક જ દિવસે અપમૃત્યુના અલગ-અલગ બનાવોમાં ચારના મોત

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લામાં એક જ દિવસ દરમિયાન ચાર અલગ-અલગ અપમૃત્યુના બનાવ સામે આવતા ચકચાર મચી ગઈ છે. પ્રથમ બનાવમાં ટંકારા તાલુકાના મોટા ખીજડીયા ગામે રહેતા મુળ રહે.પીપેળાગામ તા.ડઈ જી.ધાર રાજ્ય-મધ્યપ્રદેશના વતની કમલસિંગ ગુમાનભાઈ અજનારે ઉવ.૪૦ આર્થિક તંગી અને માતાના અવસાન બાદના ક્રિયાકર્મના ખર્ચાની ચિંતાના કારણે ગત તા.૧૪/૦૧/૨૦૨૬ના રોજ ઘરેથી નીકળી જઈ જુવાનસિંહ ઝાલાની વાડીના પાણી ભરેલા કુવામાં પડી આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ મામલે ટંકારા પોલીસે અ.મોત નોંધ કરી તપાસ શરૂ કરી છે.

વાંકાનેર શહેરના પેડક વાડી વિસ્તાર ગાત્રાળ રોડ ખાતે રહેતા કરશનભાઈ બેબાભાઈ સોલંકી ભીલ ઉવ.૪૭ નામના આધેડ માનસિક બીમારીથી પીડિત હોવાનું અને ભિક્ષાવૃત્તિ કરતા હોવાનું જાણવા મળ્યું છે. તેઓ બે-ચાર દિવસથી ઘરેથી ગાયબ હતા અને પેડક વાડી વિસ્તારમાં આવેલા કુવામાં પડી ડૂબી જતા તેમનું મોત થયું હતું.

હળવદ તાલુકાના નવા સાપકડા ગામે કડીયાકામે ન જવાથી પિતાએ ઠપકો આપતા પુત્ર નરેશભાઈ અશોકભાઈ પરમાર ઉવ.૨૭ એ પોતાના ઘરે રૂમમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. સમગ્ર મૃત્યુના બનાવમાં હળવદ પોલીસ દ્વારા અ.મોત નોંધી તપાસ ચલાવી છે.

આ ઉપરાંત ચોથા અપમૃત્યુના બનાવ અંગે મળતી વિગતો મુજબ હળવદ તાલુકાના નવા અમરાપર ગામની સીમમાં જુના અમરાપર પાસે માળીયા બ્રાન્ચ કેનાલમાંથી આશરે ૪૫થી ૫૫ વર્ષની વયના અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. કોઈ કારણસર કેનાલમાં પડી ડૂબી જવાથી મોત થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. પોલીસે લાશની ઓળખ મેળવવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે. હાલ પોલીસે અ. મોત રજીસ્ટર કરી તપાસની તજવીજ શરૂ કરી છે.

# શહેરના ભરચકક વિસ્તારોને દબાણયુકત કરવા મહાનગરપાલિકા મેદાને

## લાલબાગ દીવાલ, સર્કિટ હાઉસ, રવાપર રોડ સહિતના વિસ્તારમાંથી દબાણ દુર કરાયા, જાહેર માર્ગ પર ફેરી કરતા ૨૫ લોકો પાસેથી દંડ વસુલાયો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકાની એસ્ટેટ અને દબાણ શાખા દ્વારા મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં શહેરના વિવિધ વિસ્તારોમાં અનધિકૃત અને ગેરકાયદેસર રીતે કરવામાં આવેલા દબાણોને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં લાલબાગ દીવાલ, સર્કિટ હાઉસ, રવાપર રોડ સહિતના વિસ્તારોમાં રસ્તા ઉપર કરાયેલા દબાણો હટાવી શહેરના મુખ્ય માર્ગોને દબાણમુક્ત બનાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, મોરબી શહેરના જુના બસ સ્ટેન્ડ રોડ પાસે દુકાનોની બહાર રાખવામાં આવેલ માલસામાન જપ્ત કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. માર્કેટિંગ યાર્ડથી ઉમિયા સર્કલ તેમજ નટરાજ ફાટકથી સર્કિટ હાઉસ સુધીના માર્ગ પર કરવામાં આવેલા ગેરકાયદેસર દબાણ દૂર કરી ટ્રાફિક સમસ્યાનું નિવારણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન જાહેર માર્ગ પર ફેરી પ્રવૃતિ કરતાં આશરે ૨૫ જેટલા લોકોને દંડ ફટકારવામાં આવ્યો હતો.



આ ઉપરાંત પંચાસર રોડ નાકે લાકડાનું દબાણ દૂર કરવામાં આવ્યું તેમજ નાની વાવડી વિસ્તારમાં પણ દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નિયમિત શુક્રવારે ભરાતી અવધ વિસ્તારમાંની શુક્રવારી બજારને જાહેર માર્ગ પરથી દૂર કરી સમગ્ર માર્ગ ખુલ્લો કરાયો હતો. આ દરમિયાન અંદાજે ૨૨૫ ફેરી કરતા લોકોનો સામાન જપ્ત કરી જાહેર માર્ગ પરથી દૂર કરવામાં આવ્યો હતો, જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને અવરજવર કરવામાં સરળતા મળી રહેશે.

# કલસ્ટર-૧માં સફાઇ કામગીરીની સમીક્ષા કરતા મ્યુનીસિપલ કમિશનર સ્વપ્નિલ ખરે

## 'એક શાળા એકવાર' કાર્યક્રમ અંતર્ગત લીલાપર વિદ્યાર્થીઓને સ્વચ્છતા જાળવવા માર્ગદર્શન અપાયું

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકાના કમિશ્નર દ્વારા તા. ૧૨/૦૧/૨૦૨૬ના રોજ કલસ્ટર નં. ૧ની મુલાકાત લઈ સફાઈ કર્મચારીઓની હાજરીની ચકાસણી કરવામાં આવી હતી. આ દરમિયાન પંચાસર, વાવડી રોડ તેમજ વાવડી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ જીવીપી પોઈન્ટ અને હેન્ડકાર્ટ પોઈન્ટની પણ વિઝીટ કરવામાં આવી હતી. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા દર મંગળવારે હાથ ધરાતી અઠવાડીક સફાઈ ઝુંબેશ અંતર્ગત વાવડી પંચાયત મેઈન રોડ, ધોળેશ્વર રોડ, મહેન્દ્રનગર બસ સ્ટેન્ડથી રામ વાડી, ભડીયાદ રોડ, પોલીસ લાઈન



પાછળ, ઉમિયા સર્કલથી ભક્તિનગર સર્કલ, નવલખી રોડ, રવાપર ધુનડા રોડ તથા લીલાપર ગ્રામ પંચાયત સહિતના વિસ્તારોમાં ખાસ સફાઈ કામગીરી કરવામાં આવી હતી. આ ઉપરાંત એક શાળા એકવાર કાર્યક્રમ અંતર્ગત વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓને સુકા અને ભીના કચરાના વર્ગીકરણ, કચરાના સંગ્રહ, પરિવહન અને રિસાયકલિંગ તેમજ સ્વચ્છતા જાળવવામાં નાગરિકોની જવાબદારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વિકસે અને તેઓ આ સંદેશ પોતાના પરિવાર તથા સમાજ સુધી પહોંચાડે તે હેતુથી વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

# થાનઃ બહુચર્ચિત ઈનામી ડ્રો ટિકિટ કૌભાંડમાં અંતે આયોજકો અને મહંત સહિત સાત સામે ફરિયાદ

## આશરે ૬૨૦૦૦ ટિકિટોના વેંચાણના રૂા.૩.૦૯ કરોડની ઠગાઈઃ ચોટીલા નાયબ કલેકટર દ્વારા ધરપકડ વોરંટ ઈસ્યુ કર્યું

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

થાન તાલુકાના તરણેતર ખાતે બહુચર્ચિત ઈનામી ડ્રોની ટિકિટ નું વેચાણ કર્યા બાદ છેતરપિંડીનો બનાવ બન્યો હતો જેમાં કરોડો રૂપિયાની છેતરપિંડી થતા હોબાળો મચી જવા પામ્યો હતો. જે મામલે અંતે ખુદ થાન પોલીસ દ્વારા જ ઈનામી ટીકીટના આયોજકો સહિત ફૂલ ૦૭ શખ્શો સામે થાન પોલીસ મથકે કરોડો રૂપિયાની છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસે થી મળતી માહિતી મુજબ અલગ અલગ ગામોમાં રહેતા ૦૬ આયોજકો સહિતનાઓએ નિયમોનું ઉલ્લંઘન કરી કોઈપણ જાતની તંત્રની મંજુરી વગર ઉતરાયણ પર્વ પર શ્રી કૃષ્ણ ગૌ-શાળા તથા અનસોયા આશ્રમ-અમરાપરના લાભાર્થે ઈનામી લક્કી ડ્રો યોજનાની ટિકિટ બહાર પાડી હતી અને થાન, ચોટીલા સહિત જીલ્લા ભરના લોકોને એજન્ટો મારફતે ટિકિટોનું વેચાણ કર્યું હતું. આયોજકો દ્વારા એક ટિકિટના રૂ.૪૯૯ રાખવામાં આવ્યા હતા અને અલગ અલગ લક્ઝરિયસ કાર સહિત મોંઘાદાટ ઈનામોની લાલચ આપી હતી. જ્યારે ટિકિટના વેચાણ બાદ આયોજકો દ્વારા ગત તા.૧૫ જાન્યુઆરીના રોજ થાનના તરણેતર ખાતે ડ્રો રાખવામાં આવ્યો હતો આથી મોટી સંખ્યામાં લોકો દૂર દૂર થી ડ્રો ના સ્થળ પર ઉમટી પડયા હતા પરંતુ આયોજકો દ્વારા ડ્રો રદ કરી નાશી છુટયા હતા અને એજન્ટો સહિત ટિકિટ ખરીદનાર લોકોમાં રોષ જોવા મળ્યો હતો. જે સમગ્ર છેતરપિંડીનો મામલો પોલીસને ધ્યાને આવતા પોલીસે લેપટોપ અને ટિકિટ સહિતનો મુદામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં ભોગ બનનાર કોઈ એજન્ટ કે ટિકિટ ખરીદનાર દ્વારા અંતે ફરિયાદ ન કરતા થાન પોલીસે સમગ્ર છેતરપિંડી મામલે ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. જેમાં થાન પોલીસ મથકે ૦૬ આયોજકો (૧) હીરાભાઈ જે.ગ્રામભડિયા રહે.નાના માત્રા, તા.વિંછીયા (૨) લગધીરભાઈ કે.કારેલીયા રહે.કાનપર, તા.થાન (૩) સુરેશભાઈ આર.ઝરવરિયા રહે.નવાગામ, તા.ચોટીલા (૪) મેરાભાઈ એસ.ડાભી રહે.ચિત્રાખડા, તા.વાંકાનેર (૫) નરશીભાઈ ડી.સોલંકી રહે.વિજળીયા, તા.થાન અને (૬) રમેશભાઈ સી.ઝેઝરીયા રહે.અભેપર, તા.થાન અને (૭) રામદાસ મહાત્યાગી ઉર્ફે રામદાસ બાપુ, રહે. ઈન્દોર (મધ્યપ્રદેશ) વાળા સામે અલગ અલગ જગ્યાએ ઈનામી ટિકિટના વેચાણ માટે સ્ટોલ ઉભા કરી અંદાજે ૬૨,૦૦૦ ટિકિટોનું વેચાણ કરી રૂ.૩,૦૯,૩૮,૦૦૦ (અંકે રૂ.ત્રણ કરોડ નવ લાખ અને આડત્રીસ હજાર)ની છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે નાશી છુટેલ તમામ આયોજકોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચોટીલા ડેપ્યુટી કલેકટર દ્વારા પણ આ સમગ્ર કૌભાંડમાં આયોજકો સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરઃ કાર ચાલકે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતા સજાર્યો અકસ્માત

## કારમાં સવાર તમામ લોકોનો આબાદ બચાવઃ કાર ચાલક ઘવાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાં અકસ્માતના બનાવો વધી રહ્યા છે ત્યારે સુરેન્દ્રનગરના ધોળીધજા ડેમ રોડ પર સવારના સમયે કાર ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર તમામ લોકોનો આબાદ બચાવ થયો થયો હતો જ્યારે કાર ચાલકને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગરમાં રહેતો એક વેપારી પરિવારના ઘરમાં શુભપ્રસંગ હોવાથી પ્રિવેન્ડિંગ શૂટ માટે કાર લઈ ધોળીધજા ડેમ તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન ડેમ રોડ પર મેલડી માતાના મંદિર પાસે ભયજનક વળાંક અને સવારે ગાઢ ધુમ્મસના કારણે કાર ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો જેમાં કાર પલટી મારી રોડની સાઈડમાં ખાબકી હતી. જેમાં કારમાં સવાર ચાર વ્યક્તિનો આબાદ બચાવ થયો હતો જ્યારે કાર ચાલકને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ બનાવને પગલે લોકોના ટોળે ટોળા સ્થળ પર ઉમટી પડ્યા હતા અને કાર ચાલકને હોસ્પિટલ ખાતે પહોંચાડવાની તજવીજ હાથ ધરી હતી. જ્યારે આ અંગે સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ધોળીધજા ડેમ રોડ પર આવેલ આ વળાંક ભયજનક હોવાથી અવાર નવાર અહીં અકસ્માતના બનાવો બને છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા આ મામલે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# માળીયાહાટીનાના ગડુ ગામે વૃદ્ધના ઘરમાં ઘૂસી રૂ. ૮ લાખના દાગીનાની લુંટ ચલાવનારા સાત ઝબ્બે

## ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી ૧૩ તોલા સોનાના ધરેણા કબ્જે કર્યા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

માળીયા હાટીના તાલુકાના ગડુ ગામે ૪ ચોરે ભાંગતી રાતે ૭૦ વર્ષીય વૃદ્ધના ઘરમાં ઘૂસી, વૃદ્ધને માર મારી ઘરના લોખંડના કબાટમાં રાખેલ રૂ. ૮ લાખની કિંમતના ૧૩ તોલા સોનાના દાગીનાની લુટ આચરનારા ૭ આરોપીઓને પોલીસે ગણતરીની કલાકોમાં દબોચી લીધા છે.

પોલીસ માંથી પ્રાપ્ત વિગતો મુજબ, માળીયા હાટીના તાલુકાના ગડુ ગામે શાંતીનગરમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધ સતીશગીરી સેવાગીરી ગોસ્વામીનાં ઘરનાં ગ્રીલ વાળા મુખ્ય દરવાજાનું અંદરની બાજુનુ તાળુ તોડી, રાત્રિના અઢી વાગ્યાના અરસામાં ચાર અજાણ્યા ઈસમોએ મોઢા પર કપડું બાંધી ઘરમાં ગેર કાયદેશર પ્રવેશ કર્યો હતો, જે દરમિયાન વૃદ્ધ જાગી જતા, ૩ ઈસમોએ પકડી રાખી, થપ્પડો મારી, જે સંતાડ્યો હોય અને જે હોય તે આપી દે તેમ કહી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ફરીયાદીના ઘરના રૂમના લોખંડનાં કબાટમાં રાખેલ રૂ. ૮,૦૬,૦૦૦ ની કિંમતના અલગ અલગ ૧૩ તોલા સોનાના દાગીનાની લુંટ કરી આરોપીઓ નાશી ગયા હતા.

જે અંગે ચોરવાડ પોલીસ સ્ટેશનમાં સતીશગીરી સેવાગીરી ગોસ્વામી એ ફરિયાદ નોંધાવતા, જુનાગઢ એસટી સુબોધન ઓડેદરા ની સૂચનાથી ઠક્કરના માર્ગદર્શન હેઠળ ચોરવાડ ઈ.ચા. પો.ઈન્સ. એમ.એન. કાતરીયા એ ચોરીનો ભેદ ઉકેલવા વિવિધ ટીમો બનાવી, હ્યુમન અને ટેકનિકલ સોર્સની મદદથી મિલન વરજાંગભાઈ જોટવા, વસીમ ઓસમાણભાઈ કરમતી, રાજ મગનભાઈ ચૌહાણ, કાના લખમણભાઈ મેરોડા, અનિલ ઉર્ફે રાણો દમજીભાઈ સોલંકી, કમલેશ ચંદુભાઈ પરમાર, છગન બાબુભાઈ સોલંકી તપાસ આદરી સાત આરોપીઓને ગણતરીની કલાકમાં ઝડપી લઈ પૂછપરછ આદરી હતી. ૧૩ તોલા સોનાના ધરેણા કબ્જે કર્યા

પોલીસની પ્રાથમિક તપાસમાં પૂછપરછ દરમિયાન પકડાયેલ માળીયા હાટીના તાલુકાના પાતરા ગામનો આરોપી વસીમ ઓસમાણભાઈ કરમતી એ કબુલાત કરતા જણાવ્યું હોય કે, વૃદ્ધ એકલા રહેતા હતા અને તેની પાસે સોનાના દાગીના હોય જેથી પાંચ આરોપી સાથે કાવતરું ઘડી રેકી કરી લૂંટને અંજામ આપ્યો હતો.

# શાપરના પુલ નીચે પ્લાસ્ટિકની થેલીમાંથી બે માસનું બાળક મળ્યું !

## તાપણું કરનાર બે વ્યકિતને બાળકનો રડવાનો અવાજ આવતા પોલીસને જાણ કરીઃ માસૂમને ત્યજી દેનાર નિષ્ઠુર માતા-પિતા સામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શાપર પાટીયાના પુલ પાસે નાનુ બાળક રડતું હોય તેવો અવાજ આવતા અહીં તાપણુ કરી રહેલા બે વ્યકિતઓએ પોલીસ સ્ટેશને જઈ જાણ કરી હતી. બાદમાં પોલીસે અહીં પહોંચી જોતા પ્લાસ્ટિકની થેલીમાંથી બાળક મળી આવ્યું હતું જેને પ્રથમ શાપર બાદમાં રાજકોટની જનાના હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યું હતું.શાપર વેરાવળ પોલીસ મથકમાં હેડ કોન્સ. તરીકે ફરજ બજાવનાર રવિરાજસિંહ જાડેજાની ફરિયાદના આધારે બાળકને ત્યજી દેનાર માતા-પિતા સામે ગુનો નોંધાયો છે. ફરિયાદી રવિરાજસિંહે જણાવ્યું હતું કે, ગઈકાલે તે ઈન્વે ફરજમાં પોલીસ સ્ટેશને હાજર હતા દરમિયાન રાત્રીના ૧/૧૫ કલાકે બે માણસો પોલીસ સ્ટેશન આવ્યા હતા જેના નામ સંજયભાઈ ભીખુભાઈ દાફડા(રહે.હડમતાળા), અને દિપકભાઈ અમ્રુતભાઈ પરમાર(રહે. કોઠારીયા સોલ્વટ ત્રણ માળીયા) હોવાનું કહ્યું હતું. આ બંને વ્યકિતઓએ વાત કરી હતી કે, અને બંને એ જણાવેલ હોય કે અમો રાત્રીના શાપર પાટીયા પાસે તાપણ કરતા હોય એવામા શાપર પાટીયા પુલ નીચે કોઈ નાનુ બાળક રડતુ હોય નુ અવાજ આવે છે તેવી વાત કરતા ફરિયાદી તથા સાથેના કોન્સ. સંદિપભાઈ સોલંકી શાપર પાટીયા પુલ નીચે જતા શાપર પાટીયા પુલના પહેલા પીલોર પાસે નીચે એક લાલ કલરની પ્લાસ્ટિકની થેલી જોવા મળી હતી અને તેમા જોતા એક નવજાત નાનુ બાળક રડતુ હોય અને તેને ગુલાબી કલરનુ સ્વેટર તથા કાળા કલરની લેંગીસ પહેરેલ તેમજ દુધની બોટલ પડેલ હોય જેથી આજુબાજુમાં આ બાળકના વાલી વારસની તપાસ કરેલ પરતું બાળકના કોઈ વાલીવારસ મળી આવ્યા ન હતી. જેથી બાળકને શાપર સરકારી હોસ્પીટલ ખાતે લઈ જતા ત્યા ફરજ પરના તબીબે બાળક આશરે દોઢથી બે મહિનાનુ જીવિત હોવાનુ અને બાબો (પુરૂષ) હોવાનુ જણાવેલ અને ડોકટરે બાળકને વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પીટલ ખાતે રીફર કરેલ જેથી બાળકને રાજકોટ જનાના હોસ્પીટલ ખાતે સારવારમા લઈ જવામાં આવ્યું હતું.

પોલીસે બાળકના માતા-પિતા બાબતે તપાસ કરતા હજુ સુધી વાલીવારસ મળી આવ્યા ન હોય અને આ નવજાત બાળક આશરે દોઢથી બે મહિનાનુ હોય અને આ બાળકના માતા, પિતાએ બાળકને સંપુર્ણ ત્યજી દેવાના ઈરાદાથી શાપર પાટીયા પુલ નીચે એક પ્લાસ્ટીકની થેલીમાં રાત્રીના અસુરક્ષીત ત્યજી દિધેલ હોય જેથી આ બાળકના અજાણ્યા માતા-પિતા સામે ફરિયાદ નોંધવવામાં આવી છે.

# ધ્રાંગધ્રા નજીક ટ્રેલરે રિક્ષાને ઠોકરે લેતા પ્રોઢનું મોત, ચાર ઘાયલ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધાંગધ્રા માલવણ હાઈવે પર સતત અકસ્માતોની ઘટનાઓ વચ્ચે અકસ્માતે એક વ્યકિતનું જીવ લઈ લીધો રામદેવપુરથી ધાંગધ્રા તરફ જઈ રહેલી પેસેન્જર રીક્ષા રાજગઢ ગામ નજીક મુસાફરો લેવા માટે ઉભી હતી ત્યારે પાછળથી આવતા ટ્રેલર ચાલકે બેફામ ગતિએ રીક્ષા સાથે જોરદાર અથડામણ કરી હતી અકસ્માત એટલો ભીષણ હતો કે રીક્ષામાં સવાર રાજગઢના રહેવાસી ૫૫ વર્ષીય પુંજાભાઈ ચાવડાનું ઘટના સ્થળે જ મોત થયું હતું જ્યારે મહિલા સહિત ચાર લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી ઘટનાની જાણ થતા જ પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી અને રાહત બચાવ કામગીરી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી હતી ઘાયલોમાં સોની તલાવડીના ૬૫ વર્ષીય ગૌરીબેન વિરાણી અને હળવદ રોડના ૬૫ વર્ષીય ગીતાબેન રુદાતલાને ગંભીર હાલતમાં વધુ સારવાર માટે સુરેનૂદ્રનગર રિફર કરવામાં આવ્યા છે જ્યારે રામદેવપુરના ૬૦ વર્ષીય શામજીભાઈ પરમારને સામાન્ય ઈજાઓ થતાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી હાઈવે પર વધતા અકસ્માતોને લઈ સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે અને માર્ગ સલામતીના કડક પગલાં લેવા માંગ ઉઠી રહી છે

# વઢવાણ અગાઉના ઝઘડાનું મનદુઃખ રાખી યુવાનને માર માર્યો

## મહિલા સહિત ૫ શખ્સોએ લાકડી, ધારિયાનો હાથો તેમજ ગડદા પાટુનો મારમારી ઈજાઓ પહોંચાડી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં નજીવી બાબતે મારામારી તેમજ હુમલો કરવાના બનાવો વધી રહ્યા છે ત્યારે વઢવાણ માળોદ રોડ પર અગાઉના ઝઘડાનું મનદુઃખ રાખી એક શખ્સને લાકડી, ધારિયાનો હાથો તેમજ ગડદા પાટુનો મારમારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી અંગે એક મહિલા સહિત ૦૬ શખ્શો સામે ફરિયાદ નોંધાવતા વઢવાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસે થી મળતી માહિતી મુજબ વઢવાણ ધરમ તળાવ પાસે રહેતા ફરિયાદી જગમાલભાઈ મીઠાભાઈ જાહકીયાના પત્ની ચંદાબેન, ભાઈ રાજુભાઈ અને ભાભી ગીતાબેનને બાજુમાં રહેતા કનુભાઈ, તેમની બહેન અને દીકરીઓ સાથે ઝઘડો થયો હતો. જે બાબતનું મનદુઃખ રાખી ફરિયાદી જયારે માળોદ રોડ પર બાવળ કાપી રહ્યા હતા તે દરમિયાન કનુભાઈ સહિત પાંચ શખ્સોએ આવી એકસંપ થઈ ફરિયાદી સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો અને લાકડી, ધારિયાનો હાથો અને ગડદા પાટુનો મારમારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જે અંગે ભોગ બનનારે વઢવાણ પોલીસ મથકે પાંચ શખ્સો (૧) રમેશભાઈ રતુભાઈ (૨) જીવણભાઈ કનુભાઈ (૩) અનિલભાઈ (૪) કનુભાઈ રતુભાઈ અને (૫) મંજુબેન, તમામ રહે.વઢવાણ વાળા સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ધ્રાંગધ્રાઃ અજાણ્યા મૃતદેહની ઓળખ મેળવવા પોલીસ દ્વારા એ.આઈ.ની મદદ લીધી

## ડીસીડબલ્યુંના પાણીના ખાડા પાસે પુરૂષની લાશ પાંચ દિવસ પૂર્વે મળી 'તીઃ વાલીવારસે સિટી પોલીસનો સંપર્ક કરવો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા હરીપર રોડ ઉપર આવેલ સરકારી ગોડાઉન પાછળ ડી.સી.ડબ્લ્યુ. કંપનીના પાણીના ખાડા પાસે અજાણી હાલતમાં પુરુષની લાશ મળી આવી હતી મૃતક પુરુષની ઉંમર અંદાજે ૩૦ થી ૩૫ વર્ષની હોવાનું માનવામાં આવે છે મૃતકનું શરીર ગાઢ શ્યામ વર્ણનું છે. તેના જમણા હાથ પર ગુજરાતીમાં રવિ નામનું ટેટૂ કરાયેલું છે તેમજ જમણા હાથના બાવડા પર લીલા કલરના કાપડનો દોરો બંધાયેલો જોવા મળે છે. મૃતકના જમણા ગાલ પર કાળું કલરના દાગની નિશાની છે.

લાશની ઓળખ સુલભ બને તે માટે ધ્રાંગધ્રા સિટી પોલીસે આધુનિક ટેક્નોલોજીની મદદ લઈ એઆઈ (અંઈ) દ્વારા મૃતકનું ચહેરા પુનઃનિર્માણ (રીક્રિએશન) કરાવ્યું છે, જેથી તેના પરિવારજનો અથવા ઓળખીતાઓ તેને ઓળખી શકે. પોલીસ દ્વારા જાહેર કરાયેલ તસવીરોમાં અગાઉની સ્થિતિ અને એઆઈથી તૈયાર કરાયેલ ચહેરાની તસવીર રજૂ કરવામાં આવી છે સીટી પોલીસ ના તપાસ અધિકારી એ.યુ.મશી, પી.એસ.આઈ. (મોબાઈલ નંબર (૯૯૨૫૧ ૧૨૩૦૨) પોલીસે નાગરિકોને આ માનવતાભર્યા કાર્યમાં સહકાર આપવા અપીલ કરી છે, જેથી મૃતકને ઓળખ મળી શકે અને તેના પરિવારજનો સુધી માહિતી પહોંચાડી શકાય.

# ગીર સોમનાથ જિલ્લામાં ત્રણ સ્થળે વિદેશી દારૂના દરોડા

## વેરાવળ, ભાલપરા અને પીપળવા ગામેથી ૫૮૫૦૦ ના શરાબ સાથે ત્રણ ઝડપાયા

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

વેરાવળ ખારવા વાડા માં રહેતા સન્ની ઉર્ફે બેટરી બાબુભાઈ ગોહેલ એક થેલામાં વિદેશીદારૂ ની લઈને ડાભોર રોડ ઉપર બાપાસીતારામ ચોકડી પાસેથી નિકળવાનો હોય જે બાતમીના આધારે તેને રોકી તલાસી લેતા તેની પાસેથી વિદેશીદારૂ બોટલ નંગ ૨૮ રૂા. ૧૪૬૦૦ સાથે ઝડપી વધુ તપાસ હાથ ધરેલ છે.

વેરાવળ ના ભાલપરા ગામે હીતેન ઉર્ફે જાડો વિનોદભાઈ વણીક મંદિર પાસે વિદેશીદારૂ લઈને ઉભો હોય તેની બાતમી મળતા તેની અટકાયત કરી બોટલ નંગ ૧૫ રૂા. ૧૩૩૦૦ નો મુદ્દામાલ કબજે કરેલ હતો.સુત્રાપાડા તાલુકાના પીપળવા ગામે રહેતો જયેશ પુનાભાઈ સોલંકી કોડીનાર તરફથી આવતો હોય તેને ગાંગેથા ફાટક પાસે રોકી તલાસી લેતા વિદેશીદારૂ બોટલ નંગ ૪૮ રૂા.૧૫,૬૦૦ મોટરસાઈકલ ૧ રૂા.૧૫, ૦૦૦ કુલ રૂા. ૩૦, ૬૦૦ ના મુદામાલ સાથે અટકાયત કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

# ધ્રાંગધ્રાના રાયગઢ ગામે અગાઉ થયેલી માથાકુટની ફરિયાદ કરવા જઈ રહેલા પરિવાર પર રસ્તામાં હુમલો

## બે શખ્સોએ પાઈપ વડે મારમાર્યોઃ દંપતિ સહિત ત્રણ ઘવાયા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના રાયગઢ ગામમાં અગાઉ થયેલા વિવાદની ફરિયાદ કરવા જઈ રહેલા પરિવાર પર રસ્તામાં જ જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ચકચારી ઘટના સામે આવી છે ફરિયાદ કરવા જતા પિતા, પુત્ર અને માતા પર બે શખ્સોએ લોખંડના પાઈપ વડે માર મારી ગંભીર રીતે ઘાયલ કર્યા હતા.

જેમાં માતાની હાલત નાજુક બનતા તેમને વધુ સારવાર માટે સુરેનૂદ્રનગર રિફર કરવામાં આવ્યા હતા.

ધ્રાંગધ્રા તાલુકાના રાયગઢ ગામના રહેવાસી વિષ્ણુભાઈ કાળુભાઈ ચારોલાના પરિવાર સાથે આ ઘટના બની હતી અગાઉ સુરેશભાઈ સવાભાઈ ચારોલા અને રોહિતભાઈ હકાભાઈ ચારોલાએ તેમની કાર વિષ્ણુભાઈના ઘરની દીવાલ સાથે ભટકાડતા દીવાલ તૂટી પડી હતી આ બાબતે વિવાદ ઊભો થયો હતો તેમજ બંને શખ્સોએ વિષ્ણુભાઈની માતા સાથે ઝઘડો કર્યો હતો બાદમાં, વિષ્ણુભાઈના પિતા કાળુભાઈએ મામલો શાંત પાડવાનો પ્રયાસ કરતા તેમની સાથે પણ ઉગ્ર બોલાચાલી થઈ હતી આ સમગ્ર ઘટનાની ફરિયાદ નોંધાવવા માટે વિષ્ણુભાઈ તેમના માતા-પિતા સાથે બાઈક પર ધ્રાંગધ્રા તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન જસાપર ગામ નજીક ઈકો કારમાં આવેલા સુરેશભાઈ અને રોહિતભાઈએ તેમનો રસ્તો અટકાવી બાઈક રોકાવી હતી

ત્યારબાદ બંનેએ લોખંડના પાઈપ સાથે ત્રણે પર હુમલો કરી નિર્દય માર માર્યો હતો હુમલા દરમિયાન જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનો આરોપ કરવામાં આવ્યો છે હુમલા બાદ આસપાસના લોકોની મદદથી ત્રણે ઈજાગ્રસ્તોને તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં માતાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને વધુ સારવાર માટે સુરેનૂદ્રનગર મોકલવામાં આવ્યા હતા સારવાર બાદ વિષ્ણુભાઈએ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે સુરેશભાઈ સવાભાઈ ચારોલા અને રોહિતભાઈ હકાભાઈ ચારોલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આગળની તપાસ અને કાર્યવાહી શરૂ કરી છે.

# પડધરીના થોરીયાળી ગામે જુગાર રમતા સાત શખ્સોની ધરપકડ

## ગોંડલના મોવિયાની સીમમાં જુગાર રમતા ચાર ભાભલા ઝડપાયાઃરૂપિયા ૨.૧૨ લાખનો મુદ્દામાલ કબજે

**અબતક, રાજકોટ**



રાજકોટ જિલ્લામાં બે સ્થળોએ જુગારના દરોડા પાડવામાં આવ્યા છે જેમાં પડધરી તાલુકાના થોરીયાળી ગામે અને ગોંડલ તાલુકાના મોવિયા ગામે મળી જુગાર રમતા ૧૧ શખ્સોની ધરપકડ કરી રોકડ બાઈક મળી રૂપિયા ૨.૧૨ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં દારૂ અને જુગારક્ષશ બધી ડામી દેવા એસપી વિજયસિંહ ગુર્જરે આપેલી સૂચનાને પગલે પડધરી પોલીસ મથકના પીઆઈ એસ એન પરમાર સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે થોરીયાળી ગામની સીમમાં જુગાર રમતો હોવાની કોન્સ્ટેબલ યુવરાજસિંહ ગોહિલને મળેલી બાતમીને આધારે તાપે દરોડો પાડી એ એસ આઈ ભગીરથસિંહ જાડેજા રાજદીપસિંહ જાડેજા હેડ કોન્સ્ટેબલ તુષારસિંહ જાડેજા કુલદીપસિંહ ઝાલા સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા થોરીયાળી ગામનો શૈલેષ રામજી રાબડીયા, જોડિયાનો પ્રવિણસિંહ નટુભા જાડેજા, ભરતસિંહ ભગુભા જાડેજા, થોરિયાળીના કાનજી ગાંડુ પટોરીયા, લતીપરના પરેશ વાલજી મુગરા,અને ખોડાપીપરના કમલેશ વીરજી ગરસોદીયા ની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા ૭૨ હજાર અને મોબાઈલ અને બાઈક મળી રૂપિયા ૧.૭૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે ગોંડલ તાલુકાના મોવિયા ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતો હોવાની એલસીબી ને મળેલી બાતમીના આધારે પીએસઆઈ એચ.સી.ગોહિલ અને આર વી ભીમાણી સહિતના સ્ટાફે પાડી જુગાર રમતા અશ્વિન ચંદુ કાલરીયા વલ્લભ જીવા કાલરીયા બટુક કાબા ભાલોડી અને અરવિંદ વલ્લભ ચાંગેલાની ધરપકડ કરી જુગારના પટમાંથી ૩૫ ૬૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

# અમરેલી કોર્ટનો ઐતિહાસિક ચુકાદોઃ દુષ્કર્મ આચરનાર નરાધમને ૨૦ વર્ષની સખત કેદ

## દામનગર પંથકની માનસિક બિમાર સગીરાને હવસનો શિકાર બનાવી

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લામાં દામનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ માનસિક બીમાર સગીરાના અપહરણ અને દુષ્કર્મના ગુનામા સ્પેશિયલ પોકસો કોર્ટ, અમરેલી દ્વારા આરોપીને કડક સજા ફટકારવામાં આવી છે.

અમરેલીના દામનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં માનસિક રીતે અસ્વસ્થ સગીરાનું અપહરણ કરી તેની પર દુષ્કર્મ આચરવાનો ગંભીર ગુનો બન્યો હતો. આ કેસની તપાસ તત્કાલીન પોલીસ ઈન્સ્પેકટર આર.વાય. રાવલ દ્વારા અત્યંત ગંભીરતાપૂર્વક કરવામાં આવી હતી. નાયબ પોલીસ અધીક્ષક ચિરાગ દેસાઈ અમરેલી વિભાગ ના માર્ગદર્શન હેઠળ પોલીસે તમામ વૈજ્ઞાનિક અને કાયદાકીય પુરાવાઓ એકત્રિત કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

સરકારી વકીલ એમ.આર. ત્રિવેદીની ધારદાર દલીલોને ધ્યાને રાખી પોક્સો કોર્ટે ૨૬ વર્ષીય વડોદરાના રાહુલ પ્રવીણભાઈ નાયક નામના આરોપી ને તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૨૦,૦૦૦ નો દંડ ફટકાર્યો છે.

# દામનગરઃ સગીરાની છેડતીના ગુનામાં ૩ વર્ષની આરોપીને ત્રણ વર્ષની સજા

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલીના દામનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ સગીરાની છેડતીના ગંભીર ગુનામાં આરોપીને ૦૩ વર્ષની સખત કેદ અને રૂ. ૨૦,૦૦૦/- ના દંડની સજા ફટકારી છે.

દામનગર પોલીસ સ્ટેશનમાં આરોપી કિશનભાઈ શામજીભાઈ ઓગાણીયા ઉંમરઃ ૨૧ ઉપર આઈપીસીની કલમ ૩૫૪(એ), ૩૫૪(ડી)(૧), ૩૪૧, ૩૨૩ તથા પોક્સો એક્ટ કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તત્કાલીન સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. કોલાદરા દ્વારા આ કેસની ઊંડાણપૂર્વક તપાસ કરી અમરેલીની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. અને આ કેસમાં પી.આઈ. વી.એમ. કોલાદરા અને સરકારી વકીલ એમ.આર. ત્રિવેદીની ધારદાર દલીલો અને રજૂ કરેલા પુરાવાઓને આધારે કોર્ટે આરોપી કિસાનને તકસીરવાન ઠેરવી ત્રણ વર્ષની સખત કેદ અને ૨૦ હજારના દંડની સજા સંભળાવી છે.

# જૂનાગઢમાં સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ધાબળા, સાડી સહિતના કપડા અને કીટનું વિતરણ



**અબતક દર્શન જોશી, જૂનાગઢ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ સેવાને સદાય સમર્પિત એવા જૂનાગઢના સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ૫૦૦ જેટલા જરૂરિયાતમંદ વિધવા બહેનો, વિકલાંગ અને વૃદ્ધોને અનાજ સહિતની ૧૮ વસ્તુઓની કીટ તથા ઠંડીમાં રક્ષણ માટે ધૂસા-ધાબળા સહિત બહેનોને સાડી સહિતના કપડાનું વિતરણ કરાયું હતું. જુનાગઢની સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા મકરસંક્રાતિ નિમિત્તે આ વર્ષે પણ સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. અને ૫૦૦ થી વધુ જરૂરિયાતમંદ વિધવા બહેનો, વિકલાંગ અને વૃદ્ધોને અનાજ સહિત ૧૮ વસ્તુઓની કીટ અર્પણ કરવામાં આવી હતી. સાથોસાથે માનવ જ્યોતિ ટ્રસ્ટ-મુંબઈના સહયોગથી ઠંડીમાં રક્ષણ માટે ધૂસા-ધાબળા તથા કપડાનું વિતરણ કરાયું હતું. જે સેવા કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા તથા તેમની ટીમની ઉપસ્થિતમાં સપન્ન થયો હતો.

# ડુમિયાણીની બીઆરએસ કોલેજના વિદ્યાર્થીઓ આણંદ કૃષિ યુનિવર્સિટીની શૈક્ષણિક મુલાકાત

## ખેતી ક્ષેત્રની નવીન પદ્ધતિઓ, વૈજ્ઞાનિક તાલીમ અને ઉદ્યોગસાહસિક દ્રષ્ટિકોણનો પ્રત્યક્ષ અનુભવ

**અબતક કિરીટ રાણપરીયા ઉપલેટા**

ડૂમિયાણી ની બીઆરએસ કોલેજ વિદ્યાર્થીઓએ પ્રશ્ન ઓળખ તથા મેદાની અભ્યાસ કાર્યક્રમ અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. કોલેજના પ્રિન્સિપાલ ડો. એન. એચ. ઝાટકિયા, સંસ્થાગત નવીનતા ક્લબના સંયોજક આદિતીબેન એચ. પાઠક તથા સહ-સંયોજક એન. એમ. મારસોણીયાના માર્ગદર્શન હેઠળ કોલેજના કુલ ૨૫ વિદ્યાર્થીઓને ૨૧ દિવસની પ્રત્યક્ષ તાલીમ માટે મોકલવામાં આવ્યા હતા.આ તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓએ કૃષિ યુનિવર્સિટીના વિવિધ વિભાગોની મુલાકાત લઈ ત્યાં ચાલી રહેલી પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. જમીન અને પાણીના પરીક્ષણ, જમીનની ફળદ્રુપતા જાળવવાની પદ્ધતિઓ તથા પર્યાવરણ સંરક્ષણ માટે સજીવ ખેતીના મહત્વ અંગે પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી હતી.વિદ્યાર્થીઓએ મધમાખી ઉછેર, ફૂલછોડ તથા ઔષધીય વનસ્પતિની નર્સરી, કલમી રોપા તૈયાર કરવાની પદ્ધતિ, છોડ સંચાલન, ખેતીમાં યાંત્રિક સાધનો અને નવીન તકનીકનો ઉપયોગ, વિવિધ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, જમીનના નમૂના લેવાની રીત, ટિશ્યૂ કલ્ચર તેમજ ગ્રીન હાઉસ પદ્ધતિથી રોપા ઉછેર અને વિતરણ જેવી પ્રવૃત્તિઓ અંગે ઊંડાણપૂર્વક જાણકારી મેળવી હતી.


તસ્વીરઃ શહેઝાદ બાદશાહ

આ સમગ્ર તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને ખેતીવાડીના ક્ષેત્રમાં ઉદ્યોગસાહસિકતા કેવી રીતે વિકસાવી શકાય, નવી તકનીકનો યોગ્ય ઉપયોગ તથા વ્યવસાયિક દ્રષ્ટિકોણ કેવી રીતે આત્મસાત કરવો તે બાબતોનો પ્રત્યક્ષ અનુભવ થયો હતો. ૨૧ દિવસની આ તાલીમ અત્યંત ઉપયોગી અને સફળ સાબિત થઈ હતી, જેમાં કોલેજના સમગ્ર શૈક્ષણિક સ્ટાફે સક્રિય સહયોગ આપ્યો હતો.

### રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત

# ઉપલેટાઃ ડુમિયાણી ટોલ પ્લાઝા ખાતે વિના મૂલ્ય આરોગ્ય કેમ્પ યોજાયો

**અબતક કિરીટ રાણપરીયા, ઉપલેટા**

૩૭મા રાષ્ટ્રીય માર્ગ સલામતી મહિનાની ઉજવણીના ભાગરૂપે માર્ગ સલામતી અને જાહેર આરોગ્યને પ્રોત્સાહન આપવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ઉપલેટાના ડુમિયાની ટોલ પ્લાઝા ખાતે મફત આરોગ્ય તથા આંખ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પનું આયોજન ટોલ મેનેજર સંજય સીંધ, ઓમપાલ સીંધ, સેફટી ઈન્ચાર્જ શત્રુઘ્ન ઘડે, ઈન્સિડન્ટ મેનેજર રેનીશભાઈ જાફરાણી, મયુરભાઈ સોલંકી તથા ટીમના સહયોગથી સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. કેમ્પમાં રાષ્ટ્રીય રાજમાર્ગના વપરાશકર્તાઓ અને કર્મચારીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ઉપલેટા સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો. ખ્યાતિ કેશવાલા, ડો. હર્ષિત પોપટ, ડો. દયાસુ સૌન્વા તથા નર્સિંગ સ્ટાફ દીપક ચાવડાની ટીમ દ્વારા સંપૂર્ણ આરોગ્ય અને આંખોની તપાસ કરવામાં આવી હતી. આંખ તપાસ દરમિયાન જરૂરિયાતમંદોને મફત ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેનાથી દ્રષ્ટિ સુધારણા અને સલામત ડ્રાઈવિંગ પ્રથાઓને પ્રોત્સાહન મળ્યું હતું.



તસ્વીરઃ શહેઝાદ બાદશાહ

આ પહેલ દ્વારા માર્ગ અકસ્માતોને અટકાવવામાં સારા સ્વાસ્થ્યના મહત્વ પર ભાર મૂકાયો હતો અને સુરક્ષિત માર્ગો તથા સ્વસ્થ સમાજ માટેની મજબૂત પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# બગસરાઃ કવિ સ્નેહી પરમારને પીએચડીની પદવી એનાયત

## બાળ સાહિત્ય પર શોધ નિબંધ તૈયાર કરી તલસ્પર્શી સંશોધન કર્યું



**અબતક, સમીર વિરાણી, બગસરા**

ગુજરાતી ભાષાના જાણીતા કવિ સ્નેહી પરમારે તાજેતરમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી ગાંધીનગર ખાતે પાંચ વર્ષના સઘન સંશોધન પછી પીએચ. ડી નિમિત્તે શોધનિબંધ રજૂ કરી પીએચ. ડી. ની ડિગ્રી મેળવી છે. ગુજરાતી બાળ સાહિત્ય કે જેના પર બહુ ઓછું સંશોધન થયેલ છે તેમાં સંશોધન કર્યું છે. 'ગુજરાતી બાળકવિતાની ભાષાઃ એક અભ્યાસ' વિષય પર પાંચ વર્ષ જેટલા સમયગાળામાં સંશોધન કાર્ય પૂર્ણ કરેલ છે. ગુજરાતી બાળકવિતાની ભાષા જેવા વણખેડાયેલ વિષય પરનું આ સંશોધન આ પ્રકારનું આગવું સંશોધન લેખાય છે. સુધારકયુગ, પંડિત યુગ, ગાંધીયુગ, અનુગાંધીયુગ, આધુનિકયુગ, અનુઆધુનિક યુગ જેવા યુગવિભાજન સાથે દરેક કાળે બાળકવિતાની ભાષામાં કેવાં ફેરફાર આવ્યા તેનો તલસ્પર્શી અભ્યાસ આ સંશોધનમાં કરવામાં આવેલ છે.

# વેરાવળઃ નેશનલ રોડ સેફટી મંથ અંતર્ગત વાહન ચાલકોને ૨૦૦ હેલ્મેટનું વિતરણ

## આર.ટી.ઓ. દ્વારા હેલ્મેટ - સીટ બેલ્ટનું મહત્વ સમજાવી 'રાહવીર યોજના' અંગે માહિતગાર કરાયા




**અબતક, અતુલ કોટેચા, વેરાળ**

ગીર સોમનાથ આર.ટી.ઓ દ્વારા 'નેશનલ રોડ સેફ્ટી મંથ-૨૦૨૬' ની ઉજવણી કરવામાં આવી હતી અને હેલ્મેટ તથા સીટબેલ્ટનું મહત્વ સમજાવીને આશરે ૨૦૦ હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉજવણી અંતર્ગત આર.ટી.ઓ તેમજ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા વેરાવળ-જૂનાગઢ રોડના ડારી ટોલ પ્લાઝા ખાતે વાહન ચાલકોને સલામત પરિવહન અંતર્ગત અને રોડ અકસ્માત અટકાવાનાના હેતુસર રોડ સેફ્ટી અંગે માહિતી આપવામાં આવી હતી.આ માહિતી અંતર્ગત વાહન ચાલકોને ટ્રાફિક સિગ્નલ વિશે, રોંગસાઈડ ડ્રાઈવિંગ ન કરવા, રોડ સાઈનને અનુસારવા, હેલ્મેટ તથા સીટ બેલ્ટનું મહત્વ સમજાવીને આશરે ૨૦૦ હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત વાહન ચાલકોને ''રાહવીર યોજના'' અંગે માહિતી આપી રાહવીર યોજનાનો પ્રચાર પ્રસાર કરતી માર્ગ સલામતીની પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ધ્રાંગધ્રાઃ ગંજપીર દરગાહ ખાતે ઉર્ષ મુબારકની રૂહાની ભવ્ય ઉજવણી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રાના નરસીપરા બાવળી રોડ પર આવેલી અતિ પ્રાચીન અને રૂહાની ફૈઝથી ભરપૂર હઝરત ગંજપીર બાવા (રહ.) ની દરગાહ ખાતે ઉર્ષ મુબારક અકીદત અને અદબ સાથે મનાવવામાં આવ્યો હતો. ઉર્ષ મુબારકના અવસર પર આસપાસના વિસ્તારો સહિત દૂર દૂરથી અકીદતમંદો દરગાહ પર હાજર રહ્યા હતા ગઈકાલે રાત્રિના સમયે દરગાહ ખાતે સંદલ શરીફ અને વાયજ શરીફનું રૂહાની આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાવનગરના પ્રસિદ્ધ મસૂર મોલાના વાલીમોહંદ ચિસ્તી સાહેબે દિલને સ્પર્શી જાય તેવી તકરીર ફરમાવી હતી. ઉર્ષ મુબારકના પ્રસંગે ઝાયરીનો માટે નયાઝનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ નયાઝ ગ્રહણ કરી બરકત હાસિલ કરી હતી. સમગ્ર કાર્યક્રમ શાંતિ, સલામતી અને રૂહાની માહોલમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# ભાયાવદરના આંબેડકરનગરમાં નદી પરના કોઝ-વેનું ખાતમુહુર્ત

## હોસ્પિટલ અને શાળા-કોલેજ જવાનો માર્ગ સુગમ બનશે



**અબતક, હાર્દિક રાવલ, ભાયાવદર**

ભાયાવદરમાં સાંસદ સભ્ય મનસુખભાઈ માંડવીયાની ગ્રાન્ટમાંથી આંબેડકર નગર વિસ્તારમાં સિવિલ હોસ્પિટલ જવા માટે અને પ્રાથમિક શાળા કોલેજો એ જવા માટે અને સ્થાનિક લોકોને અવર-જવર કરવા માટે નદીનું પાણી નડતર રૂપ હતું તેના પર કોઝવે મંજુર કરાવી અને આજરોજ સામાજિક ન્યાય સમિતિ ચેરમેન નીરજભાઈ મકવાણા દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવે. આ તકે વોર્ડ નંબર ૫ ના સદસ્ય સરજુભાઈ માકડીયા, અતુલભાઈ વાછાણી તેમજ. પ્રવીણભાઈ ટાંક અને સામાજિક ન્યાય સમિતિના સદસ્ય સાગરભાઈ સોંદરવા તથા નગરપાલિકાના પૂર્વ સદસ્ય સોમાભાઈ મકવાણા. પ્રવીણભાઈ લધા તેમજ બહોળી સંખ્યામાં આગેવાનો માતાઓ બહેનો વડીલો યુવાનો હાજર રહ્યા હતા.

# સિહોરઃ વિપક્ષનેતા જયરાજસિંહ મોરીના જન્મદિવસની સેવાકીય ઉજવણી

**અબતક, આનંદ રાણા, સિહોર**

વિપક્ષનેતા જયરાજસિંહ મોરી ના જન્મદિવસ નિમિતે દિવસ દરમિયાન મિત્રો સાથે મળીને વિવિધ સેવાકીય કાર્યો કરીને યુવાઓને પ્રેરણાદાયી રૂપે વિશિષ્ટ ઉજવણી કરી હતી. વોર્ડ નંબર ૪ તથા વોર્ડ નંબર ૭ ની આંગણવાડી માં નાના ભૂલકાઓને લંચબોક્સ વિતરણ સાથે નાસ્તો કરાવ્યો હતો ત્યારબાદ સરકારી દવાખાને તેમ જ ભુતા હોસ્પિટલ ખાતે દર્દીઓ ને ફ્રૂટ વિતરણ કર્યું હતું. ત્યારબાદ કોંગ્રેસના મિત્રો દ્વારા કેક કટિંગ કરીને જયરાજસિંહ મોરીની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. સિહોર નગરપાલિકા ખાતે કર્મચારીઓ દ્વારા પણ વિપક્ષનેતા ની ઓફિસમાં કેક કાપી પુષ્પગુચ્છ આપી જયરાજસિંહ મોરીનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો. રામનાથ મહાદેવ મંદિરે લઘુરૂદ્ર પૂજા કરી પ્રસાદનું આયોજન કર્યું હતું.



# ધારીઃ ખીચા ગામના તનય જોશીનો કરાટે સ્પર્ધામાં ડંકો

**અબતક મેહુલ ત્રિવેદી, ધારી**

ધારી તાલુકાના ખીચા ગામના વતની જીગ્નેશભાઈ જોશી ના પુત્ર તનયે અમરેલી કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૬માં મેડલ પ્રાપ્ત કરીને ધારી બ્રહ્મ સમાજનું ગૌરવ વધારેલ છે. શિક્ષિત પરિવાર માંથી આવતા તનય ને નાનપણથી જ રમત ગમત પ્રત્યે અભિરુચિ ધરાવે છે ખાસ કરીને કરાટે તેની મનગમતી રમત છે. તેના શોખ ને જાણી તેના માતા પિતાએ નાનકડા તનયને આ માટે પૂરતું પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. તનેયની આ સિદ્ધિને લોકોએ બિરદાવી હતી નાનકડા તનેયે વાતચીતમાં જણાવ્યું હતું કે આગળ જતા રાજ્ય લેવલે પણ આવી પ્રતિયોગીતામાં ભાગ લઈને અમરેલી જિલ્લાનું નામ વધારવું છે



# ધોરાજીઃ જેસીઆઈ લાયન્સ ક્લબના સભ્ય બાદલ બાબરીયાનો આજે જન્મદિવસ



ધોરાજીના બાદલ બાબરીયા નો આજે જન્મદિવસ છે. તેઓ લઘુ ભારતી ઉદ્યોગ જુનાગઢ જિલ્લાના જવાબદારી તેમજ જેસીઆઈ ધોરાજી લાયન્સ ક્લબ જૂનાગઢના સભ્ય પાર્થ પોલીમર્સ પ્રાઈવેટ લિમિટેડ જુનાગઢના મેનેજર તરીકે ફરજ બજાવે છે બાબરીયા પરિવાર ધોરાજીના ટ્રસ્ટી તરીકે જવાબદારી સંભાળે છે તેમના માતા ગીતાબેન રાજુભાઈ બેન બનેવી શ્રદ્ધા સિદ્ધાર્થ તથા ધોરાજી ભાજપ અગ્રણી વિડી પટેલ તેમજ પરિવાર આગેવાનો મિત્રો જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# અમરેલીઃ રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓએ મેદાન માર્યું

## રાજસ્થાનના ચિત્તોડગઢ ખાતે યોજાયેલી સ્પર્ધામાં રજત પદક હાંસલ કર્યું



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

રાજસ્થાનના ચિત્તોડગઢ ખાતે યોજાયેલી અંડર-૧૪ ભાઈઓની નેશનલ હેન્ડબોલ સ્પર્ધામાં અમરેલીના ગજેરા કેમ્પસ વિદ્યાસભાના ખેલાડીઓએ ઝળહળતી સફળતા મેળવી છે. દેશભરના વિવિધ રાજ્યોની શ્રેષ્ઠ ટીમો વચ્ચે યોજાયેલી આ રસાકસીભરી સ્પર્ધામાં ગુજરાતની ટીમે ફાઈનલ સુધીની સફર ખેડીને રજત પદક પ્રાપ્ત કર્યો છે.

ગુજરાતની આ વિજેતા ટીમમાં ગજેરા કેમ્પસ વિદ્યાસભાના ડુડવે નરેશ (ધોરણ-૭, ગુજરાતી માધ્યમ) હુંબલ દિવ્યેશ (ધોરણ-૯, ગુજરાતી માધ્યમ) જળુ સિદ્ધરાજ (ધોરણ-૮, જ્ઞાનશક્તિ સ્કૂલ) આ ત્રણ પ્રતિભાશાળી ખેલાડીઓએ સ્થાન મેળવી સંસ્થા અને જિલ્લાનું નામ રોશન કર્યું છે.

ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલના આ ખેલાડીઓની સફળતા પાછળ અનુભવી કોચ ફાળો રહ્યો છે. નેશનલ કક્ષાએ મેડલ જીતીને પરત ફરેલા આ 'યોદ્ધાઓ'નું સંસ્થા ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ અને સમગ્ર કોચિંગ ટીમને અંતરપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

### આઠ વર્ષથી અવિરત પરંપરા

# સોમનાથ મંદિરે ૧૫૦ ફોટોગ્રાફરના પરિવારે કર્યું ધ્વજારોહણ



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

પ્રભાસપાટણ સ્થિત વિશ્વવિખ્યાત સોમનાથ મહાદેવ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્થાનિક ફોટોગ્રાફર પરિવારો દ્વારા પરંપરાગત અને ભવ્ય ધ્વજારોહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. સોમનાથ મંદિર પરિસરમાં ફોટોગ્રાફી કરી રોજી-રોટી કમાવતા ૧૫૦થી વધુ પરિવારોની આ સામૂહિક શ્રદ્ધા માત્ર ધાર્મિક વિધિ પૂરતી સીમિત ન રહી, પરંતુ એકતા, સમર્પણ અને જીવનજરૂરિયાત સાથે જોડાયેલી આસ્થાનું જીવંત ઉદાહરણ બની.

આ ધાર્મિક પ્રસંગે અવધુતેશ્વર મંદિરથી સોમનાથ મંદિર સુધી વિશાળ શોભાયાત્રા નીકળી હતી. ડીજેના તાલે, ભક્તિગીતો અને મહાદેવના જયઘોષ સાથે આગળ વધતી યાત્રામાં ફોટોગ્રાફર પરિવારો, તેમના પરિવારજનો, તેમજ સોમનાથ મંદિર આસપાસ રોજગાર મેળવનારા પાથરણાવાળા અને ચોપાટી વિસ્તારના વેપારીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર માર્ગ પર ભક્તિભાવ અને ઉત્સવનું અનોખું વાતાવરણ સર્જાયું હતું.

સોમનાથ ફોટોગ્રાફર એસોસિએશનના ઉપપ્રમુખ ભરત બામણિયાએ જણાવ્યું હતું કે છેલ્લા સાત વર્ષથી ફોટોગ્રાફરો પોતાની રોજગારીમાંથી ફંડ એકત્ર કરી આ ધાર્મિક આયોજન કરે છે. સોમનાથ મહાદેવ અમારી આસ્થા સાથે સાથે અમારી રોજીરોટીનો આધાર છે. તેથી મહાદેવના ચરણોમાં ધ્વજા અર્પણ કરી વિશ્વના કલ્યાણ અને અમારા વ્યવસાયમાં સમૃદ્ધિ માટે પ્રાર્થના કરીએ છીએ, તેમ તેમણે જણાવ્યું.

આ કાર્યક્રમમાં ફોટોગ્રાફરો ના આમંત્રણ ને માન આપી જિલ્લા કલેક્ટર એન.વી.ઉપાધ્યાય તેમના ધર્મપત્ની સાથે સોમનાથ ખાતે ધ્વજારોહણ ના પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સોમનાથ ફોટો ગ્રાફર એસો. ની આ પ્રવૃત્તિ ને બિરદાવી હતી.

# વન ડેમાં ઈનબેલેન્સ ટીમ ઈન્ડિયાની કિવિઝ સામે કારમી હાર!

## સ્ટાર ખેલાડીઓ વગરની ન્યૂઝીલેન્ડ સામે 'સિનિયર' ગણાતી ટીમ ઈન્ડિયાને ઓવર કોન્ફિડેન્સ નડ્યો?: અનુભવી બેટ્સમેનોનું ખરાબ પ્રદર્શન, કોહલીની સદી એળે ગઈ: સતત ૭ સિરીઝ હાર્યા બાદ ન્યુઝીલેન્ડની ટીમ ભારતમાં સિરીઝ જીતવામાં સફળ રહી

**અબતક, રાજકોટ**

ન્યુઝીલેન્ડ ક્રિકેટ ટીમે ભારતીય ધરતી પર નવો ઈતિહાસ રચ્યો છે. ઈન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી વનડે મેચમાં ન્યુઝીલેન્ડે ભારતને હરાવ્યું અને ૩ મેચની વનડે સિરીઝ ૨-૧થી જીતી લીધી.પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડે નિર્ધારિત ૫૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૩૩૭ રન બનાવ્યા. જવાબમાં ટીમ ઈન્ડિયા વિરાટ કોહલીની સદી છતાં ફક્ત ૨૯૬ રન જ બનાવી શકી. આ રીતે ન્યુઝીલેન્ડે મેચ ૪૧ રનથી જીતી અને કંઈક એવું હાંસલ કર્યું જે ભારતમાં પહેલાં ક્યારેય થયું ન હતું.

ન્યુઝીલેન્ડે પહેલી વાર ભારતમાં દ્વિપક્ષીય વનડે સિરીઝ જીતવાની સિદ્ધિ હાંસલ કરી છે. સતત ૭ સિરીઝ હાર્યા બાદ ન્યુઝીલેન્ડની ટીમ ભારતમાં સિરીઝ જીતવામાં સફળ રહી. આ પહેલા ન્યુઝીલેન્ડની ટીમે ભારતમાં ક્યારેય વનડે સિરીઝ જીતી ન હતી.

ન્યુઝીલેન્ડની ટીમે ૧૯૮૮-૮૯માં પહેલી વાર ઓડીઆઈ સિરીઝ માટે ભારતનો પ્રવાસ કર્યો હતો. ત્યારથી ન્યુઝીલેન્ડની ટીમ દ્વિપક્ષીય ઓડીઆઈ સિરીઝ રમવા માટે ૭ વખત ભારતનો પ્રવાસ કરી ચૂકી છે પરંતુ ક્યારેય સિરીઝ જીતી શકી નથી. હવે ૮મી સિરીઝમાં ન્યુઝીલેન્ડે સફળતા મેળવી છે.ન્યુઝીલેન્ડે હવે ૧૪ મહિનાની અંદર ભારતને ભારતીય ધરતી પર બીજી સિરીઝમાં હરાવ્યું છે. આ પહેલા ન્યુઝીલેન્ડે નવેમ્બર ૨૦૨૪માં ભારતીય ધરતી પર ૩ મેચની ટેસ્ટ સિરીઝમાં ટીમ ઈન્ડિયાને ૩-૦ થી વ્હાઈટવોશ કર્યો હતો. તે ટીમ ઈન્ડિયા માટે ઘરઆંગણે ન્યુઝીલેન્ડનો પ્રથમ ટેસ્ટ સિરીઝ જીત હતી. કિવીઓએ તેમની પ્રથમ વનડે સિરીઝ જીતીને નવો ઈતિહાસ રચ્યો છે.

### કોહલી-રાણાની ઈનિંગે ભારતની "આબરૂ" બચાવી

પહેલી જ મેચમાં વિરાટ કોહલીએ શાનદાર અડધી સદી ફટકારી હતી. તે ફક્ત ૭ રનથી પોતાની સદી ચૂકી ગયો હતો. આ પછી તે બીજી મેચમાં ફક્ત ૨૩ રન બનાવી શક્યો હતો પરંતુ ત્રીજી મેચમાં તક મળતા જ તેને ફરી એકવાર બેટથી શાનદાર પ્રદર્શન કર્યું. તેને ઈન્દોરના હોલકર સ્ટેડિયમમાં શાનદાર સદી ફટકારી.વિરાટ કોહલીએ ફક્ત ૯૧ બોલમાં પોતાની સદી પૂરી કરી, જે તેની ૫૪મી ઓડીઆઈ સદી છે. આ તેની ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૮૫મી સદી છે. આનાથી તે સૌથી વધુ ઈન્ટરનેશનલ સદી ફટકારનારા સચિન તેંડુલકરથી માત્ર ૧૫ સદી પાછળ છે. જો કોહલી આ ગતિએ સદી ફટકારતો રહે તો સચિનનો વર્લ્ડ રેકોર્ડ તૂટી શકે છે. ત્રીજા મેચમાં હર્ષિત રાણાએ કોહલીને સપોર્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે પણ ૪૪મી ઓવરમાં અડધી સદી ફટકાર્યા બાદ પેવેલિયન પાછો ફર્યો હતો.આ પછી ભારતીય ટીમ ૩૦૦ રન સુધી પહોંચે તે પહેલાં જ પડી ગઈ હતી. વિરાટ કોહલીએ ૧૦૮ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૧૨૪ રન બનાવ્યા હતા.

### રો-કોમાંથી "રો"નો "અસ્ત"?

રોહિત શર્માએ ૨૦૨૫ના અંતમાં સાઉથ આફ્રિકા સામેની ૩ મેચની ઓડીઆઈ સિરિઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને ન્યુઝીલેન્ડ સામેની સિરિઝમાં પણ તેમની પાસેથી આવા જ ફોર્મની અપેક્ષા રાખવામાં આવી હતી. પરંતુ રોહિત આ હાંસલ કરવામાં નિષ્ફળ ગયો, તેને ૩ મેચની ઓડીઆઈ સિરિઝમાં ૨૦.૩૩ની એવરેજથી માત્ર ૬૧ રન બનાવ્યા છે.

### વર્લ્ડ કપ ૨૦૨૭ પર નજર, નવા ખેલાડીઓને મળશે તક: ગીલ

ન્યુઝીલેન્ડ સામે ઘરઆંગણે પહેલી વનડે સિરીઝ ગુમાવ્યા બાદ કેપ્ટન શુભમન ગિલે કહ્યું કે, પહેલી મેચ પછી સિરીઝ ૧-૧થી બરાબર રહી હતી અને અમે જે રીતે રમ્યા તેનાથી અમે નિરાશ થયા હતા. કેટલાક ક્ષેત્રો છે જેના પર આપણે ધ્યાન કેન્દ્રિત કરવાની, વિચારવાની અને સુધારવાની જરૂર છે. વિરાટ જે રીતે બેટિંગ કરે છે તે હંમેશા પ્લસ પોઈન્ટ છે.હર્ષિત રાણાની પ્રશંસા કરતા શુભમન ગિલે કહ્યું કે, આ સિરીઝમાં હર્ષિત રાણાએ જે રીતે બેટિંગ કરી તે પ્રશંસનીય છે. ૮મા નંબરે બેટિંગ કરવી સરળ નથી. તેને પોતાની જવાબદારી સારી રીતે નિભાવી. આ સિરીઝમાં ઝડપી બોલરોએ જે રીતે બોલિંગ કરી તે પણ સારી હતી. વર્લ્ડકપને ધ્યાનમાં રાખીને અમે નીતિશને તકો આપવા માગીએ છીએ. અમે તેને ઘણી ઓવરો આપવા માગીએ છીએ અને જોઈએ છીએ કે કયા કોમ્બિનેશન અમારા માટે કામ કરે છે.

# વિજય હઝારે ટ્રોફી: મોટો જુમલો ખડકી માનસિક દબાણ હેઠળ સૌરાષ્ટ્રને કચડી વિદર્ભ ચેમ્પિયન

## અથર્વ તાયડેની શાનદાર સદી અને ચુસ્ત બોલિંગના કારણે વિદર્ભે સૌરાષ્ટ્રને ૩૮ રને હરાવીને પહેલી વખત વિજય હજારે ટ્રોફી જીતી ઈતિહાસ રચ્યો

**અબતક, રાજકોટ**

વિદર્ભ ક્રિકેટ ટીમે પ્રથમ વખત વિજય હજારે ટ્રોફી ૨૦૨૫-૨૬નો ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો. હાઈ સ્કોરિંગ ફાઈનલમાં, વિદર્ભે સૌરાષ્ટ્રને ૩૮ રનથી હરાવ્યું, ૨૦૨૪-૨૫ સીઝનની નિરાશાનો બદલો લીધો. ફાઈનલમાં પ્રથમ બેટિંગ કરતા, વિદર્ભે ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૩૧૭ રનનો વિશાળ સ્કોર બનાવ્યો. તેના જવાબમાં સૌરાષ્ટ્ર ૨૭૯ રનમાં ઓલઆઉટ થયું. અથર્વ તાયડેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો જ્યારે અમન મોખડેને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યો.

ધ્રુવ શોરી કમરના દુખાવાને કારણે મેચ પહેલા બહાર થયા હોવા છતાં વિદર્ભની બેટિંગ પર કોઈ અસર પડી ન હતી. અથર્વ તાયડે અને અમન મોખાડેએ સ્થિર શરૂઆત કરી, પહેલી વિકેટ માટે ૮૦ રનની પાર્ટનરશીપ કરી. મોખાડે ૩૩ રન બનાવીને આઉટ થયો.ત્રીજા નંબર પર બેટિંગ કરવા આવતા યશ રાઠોડે મુખ્ય ભૂમિકા ભજવી, જેનાથી અથર્વ તાયડેને મુક્તપણે રમવાની તક મળી. અથર્વ તાયડેને ઈનિંગની શરૂઆતમાં ૨ જીવનદાન પણ મળ્યા, જેનો તેને પૂરો ફાયદો ઉઠાવ્યો. પોતાની અડધી સદી પૂર્ણ કર્યા પછી, તેને ગિયર્સ બદલી નાખ્યા અને સદી પૂર્ણ કરવા માટે મોટા શોટ રમ્યા. પરંતુ અંતિમ ઓવરોમાં અંકુર પંવાર અને ચેતન સાકરિયાની ચુસ્ત બોલિંગને કારણે વિદર્ભ છેલ્લી ૫ ઓવરમાં ફક્ત ૩૬ રન જ બનાવી શક્યું.૩૧૭ રનના ટાર્ગેટનો પીછો કરતી વખતે સૌરાષ્ટ્રને શરૂઆતમાં જ નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો. પરંતુ પ્રેરક માંકડે ૮૮ રન બનાવીને ટીમની જીત માટેની આશા જગાવી રાખી. કેપ્ટન હર્ષ દુબેએ ૩૮મી ઓવરમાં પ્રેરક માંકડને એલબીડબલ્યુ આઉટ કરીને મેચનું પરિણામ પલટી નાખ્યું. આ વિકેટ ૯૩ રનની મહત્વપૂર્ણ પાર્ટનરશીપનો અંત લાવી.ત્યારબાદ સૌરાષ્ટ્રની આશા ચિરાગ જાની પર ટકેલી, પરંતુ વિદર્ભના ઝડપી બોલરોએ અંતિમ ઓવરોમાં બોલિંગ કરી. દર્શન નાલકંડેના શાનદાર ધીમા બોલ પર ચિરાગ જાનીની વિકેટ પડી, જેનાથી સૌરાષ્ટ્રની ઈનિંગ વિખેરાઈ ગઈ. ત્યારબાદ યશ ઠાકુર અને નચિકેત ભુતેએ ઝડપી વિકેટો લઈને વિદર્ભનો ઐતિહાસિક જીત અપાવી.

### અથર્વ તાયડેની શાનદાર સદી

વિદર્ભની જીતનો પાયો યુવા બેટ્સમેન અથર્વ તાયડેએ નાખ્યો હતો, જેને શાનદાર ૧૨૮ રન બનાવ્યા હતા. આ તેની લિસ્ટ એ કરિયરની ત્રીજી સદી હતી. અથર્વ તાયડેને યશ રાઠોડનો સારો સપોર્ટ મળ્યો, જેને ઈનિંગને મજબૂત કરી.

# યુએઈ પ્રેસિડન્ટ શેખ મોહમ્મદ ભારતની મુલાકાતે:બન્ને દેશો વચ્ચેના પરસ્પર હિતો પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા

## વેપાર, રોકાણ, સંરક્ષણ સહયોગ, ઊર્જા અને વિશ્વ સાથે જોડાયેલા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર કરાર થશે

**અબતક, રાજકોટ**

યૂએઈ ભારતનો ત્રીજો સૌથી મોટો વ્યાપારિક ભાગીદાર છે. બંને દેશો વચ્ચે ૬ લાખ કરોડ રૂપિયાથી વધુનો વેપાર છે. આમાં યુએઈ ભારતમાંથી ૨ લાખ કરોડ રૂપિયાની આયાત કરી છે. ભારતને યુએઈ સાથે નાણાકીય ખાધ છે. એટલે કે ભારત યુએઈ પાસેથી આયાત વધુ કરે છે અને નિકાસ ઓછી ત્યારે સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન આજે એક દિવસની મુલાકાતે ભારત આવ્યા છે. આ દરમિયાન તેઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી.બંને નેતાઓ વચ્ચે પરસ્પર હિતો સાથે જોડાયેલા પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વાતચીત થઈ હતી.

રાષ્ટ્રપતિ બન્યા પછી આ તેમની ત્રીજી અને છેલ્લા દસ વર્ષમાં પાંચમી ભારત મુલાકાત છે. વિદેશ મંત્રાલય મુજબ, આ દરમિયાન



વેપાર, રોકાણ, સંરક્ષણ સહયોગ, ઊર્જા અને વિશ્વ સાથે જોડાયેલા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વાતચીત થઈ શકે છે.બંને નેતાઓ મિડલ-ઈસ્ટની વર્તમાન પરિસ્થિતિ પર પણ ચર્ચા કરી શકે છે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે પશ્ચિમ એશિયામાં સ્થિતિ ઘણી સંવેદનશીલ બનેલી છે. યમનમાં યુએઈ અને સાઉદી અરબ વચ્ચે તણાવ યથાવત છે.

ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં યુએઈ પાસેથી ૪ લાખ કરોડ રૂપિયાની આયાત કરી છે. ભારતે યુએઈ સાથે એક વેપાર કરાર પર પણ હસ્તાક્ષર કર્યા હતા. ભારત, યુએઈને પેટ્રોલિયમ ઉત્પાદનો, મેટલ, સ્ટોન, જેમ્સ એન્ડ જ્વેલરી, ખનિજો, ખાદ્ય પદાર્થો જેવા કે અનાજ, ખાંડ, ફળો અને શાકભાજી, ચા, માંસ અને સીફૂડ, કાપડ, એન્જિનિયરિંગ મશીનરી ઉત્પાદનો અને રસાયણોની નિકાસ કરે છે.

### પીએમમોદીએ ૬ વખત યુએઈની મુલાકાત લીધી છે

ગયા વર્ષે મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન આ સમયે ભારતની મુલાકાતે આવ્યા હતા. અમદાવાદમાં તેમણે એરપોર્ટથી ગાંધી આશ્રમ સુધી વડાપ્રધાન મોદી સાથે એક ભવ્ય રોડ શોનું નેતૃત્વ કર્યું હતું. ભારત-યુએઈ મિત્રતાની મજબૂતાઈનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે વડાપ્રધાન મોદીએ તેમના લગભગ ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન છ વખત યુએઈની મુલાકાત લીધી છે.

# સ્પેનમાં બે ટ્રેનો સામસામે અથડાતા ૨૧ના મોત, અનેક ઘાયલ: મૃત્યુઆંક વધવાની દહેશત

## હાલ ૭૩ જેટલા ઘાયલોને છ અલગ-અલગ હોસ્પિટલોમાં સારવાર અર્થે ખસેડાયા

દક્ષિણ સ્પેનના કોર્ડોબા નજીક રવિવારે સાંજે એક રેલ દુર્ઘટના સર્જાઈ હતી. એક હાઈ-સ્પીડ ટ્રેન સામેથી આવતી બીજી ટ્રેન સાથે ધડાકાભેર અથડાઈ પાટા પરથી ઉતરી જતા ઓછામાં ઓછા ૨૧ મુસાફરોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ડઝનબંધ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ ટક્કર એટલી પ્રચંડ હતી કે જાણે ભૂકંપ આવ્યો હોય તેવો અનુભવ થયો હતો. અકસ્માત બાદ ટ્રેનના ડબ્બાઓમાં ધુમાડો ફેલાઈ ગયો હતો અને મુસાફરોએ જીવ બચાવવા બારીઓના કાચ તોડીને બહાર નીકળવાની ફરજ પડી હતી.આ ઘટના રાત્રે આશરે ૭:૪૫ વાગ્યે બની હતી જ્યારે લગભગ ૩૦૦ મુસાફરોને લઈ જતી માલાગા-મેડ્રિડ ટ્રેનનો પાછળનો ભાગ પાટા પરથી ઉતરીને વિરુદ્ધ ટ્રેક પર આવી ગયો હતો અને સામેથી આવતી મેડ્રિડ-હુએલ્વા ટ્રેન સાથે અથડાઈ હતી. સ્પેનના પરિવહન મંત્રી ઓસ્કાર પુએન્ટેએ ઘટનાસ્થળે બચાવ કામગીરીની સમીક્ષા કરતા જણાવ્યું હતું કે, ટ્રેનનો આગળનો ભાગ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થયો છે અને કાટમાળ નીચે હજુ પણ વધુ લોકો દબાયા હોવાની આશંકા છે, જેના કારણે મૃત્યુઆંક વધી શકે છે. હાલમાં ૭૩ જેટલા ઘાયલોને છ અલગ-અલગ હોસ્પિટલોમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. કટોકટીની આ ઘડીમાં સ્પેનનું સૈન્ય રાહત એકમ, રેડ ક્રોસ અને સ્થાનિક ફાયર બ્રિગેડની ટીમો અંધારામાં પણ યુદ્ધના ધોરણે બચાવ કામગીરી કરી રહી છે. દુર્ઘટનાના પગલે મેડ્રિડ અને એન્ડાલુસિયા વચ્ચેની તમામ ટ્રેન સેવાઓ અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરી દેવામાં આવી છે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન સહિતના વિશ્વના નેતાઓએ આ ઘટના પર ઘેરો શોક વ્યક્ત કર્યો છે

### સાલા મેતો સાબ બન ગયા

# લ્યો હવે માઈનસ ૪૦ માર્ક્સવાળો પણ સ્પેશિયાલિસ્ટ ડોક્ટર બની જશે

## મોંઘી ફી ને લીધે બેઠકો ખાલી રહે છે, બેઠકો ભરવા માટે કટ-ઓફ નીચો લઈ જાય છે જેથી પૈસાદાર વિદ્યાર્થીઓ ઓછા માર્ક્સ હોવા છતાં એડમિશન લઈ શકે

ભારતીય તબીબી શિક્ષણના ઈતિહાસમાં એક એવો વળાંક આવ્યો છે જેણે સમગ્ર દેશના બુદ્ધિજીવીઓ અને મેડિકલ સમુદાયને હચમચાવી દીધો છે. નીટ પીજી ૨૦૨૫ ના કટ-ઓફને 'ઝીરો પર્સન્ટાઈલ' સુધી ઘટાડવાનો નિર્ણય માત્ર આંકડાકીય ફેરફાર નથી, પરંતુ મેડિકલ શિક્ષણની ગુણવત્તાના પતનનો સંકેત છે. જે વ્યવસાયમાં એક નાની ભૂલ પણ જીવલેણ સાબિત થઈ શકે, ત્યાં હવે -૪૦ (નેગેટિવ) માર્ક્સ મેળવનાર ઉમેદવાર પણ 'સ્પેશિયાલિસ્ટ ડોક્ટર' બનવાની રેસમાં સામેલ થઈ શકશે. આ નિર્ણયે સાબિત કરી દીધું છે કે આજે લાયકાત કરતા લક્ષ્મીનું વજન વધી ગયું છે.આ વર્ષે લગભગ ૧૨૬ વિદ્યાર્થીઓ એવા છે જેમને શૂન્ય અથવા તેનાથી ઓછા માર્ક્સ મળ્યા છે. 'ઝીરો પર્સન્ટાઈલ' નિયમને કારણે આ તમામ વિદ્યાર્થીઓ હવે એડમિશન મેળવવા માટે લાયક ગણાશે. અગાઉ ૨૦૨૩માં પણ આવું જ કરવામાં આવ્યું હતું. ૨૦૨૨માં સરકારે કોર્ટમાં કહ્યું હતું કે તબીબી શિક્ષણનું સ્તર જાળવી રાખવા માટે લઘુત્તમ માર્ક્સ જરૂરી છે, કારણ કે આ બાબત લોકોના જીવન અને મરણ સાથે જોડાયેલી છે. તેમ છતાં હવે દર વર્ષે કટ-ઓફ ઘટાડવામાં આવી રહ્યો છે.

ભારતમાં નીટ પીજીની અંદાજે ૭૦ હજાર બેઠકો છે. પ્રાઈવેટ મેડિકલ કોલેજોમાં પીજી કરવા માટેની ફી કરોડો રૂપિયામાં હોય છે. આટલી મોંઘી ફી સામાન્ય વિદ્યાર્થીઓ ભરી શકતા નથી, જેના કારણે બેઠકો ખાલી રહી જાય છે. સરકાર આ ખાલી બેઠકો ભરવા માટે કટ-ઓફ નીચો લઈ જાય છે જેથી પૈસાદાર વિદ્યાર્થીઓ ઓછા માર્ક્સ હોવા છતાં એડમિશન લઈ શકે છે. હવે લાયકાત કરતા પૈસા વધુ મહત્વના બની રહ્યા હોય તેવું લાગે છે. જો તમારી પાસે કરોડો રૂપિયા છે, તો પરીક્ષામાં માઈનસ માર્ક્સ લાવવા છતાં તમે સ્પેશિયાલિસ્ટ ડોક્ટર બની શકો છો.

# અમરેલી ૯.૬ ડિગ્રી સાથે રાજયનું સૌથી ઠંડુ શહેર

## અમરેલી સિવાય રાજયના તમામ શહેરોમાં લઘુતમ તાપમાન ડબલ ડિજીટમાં

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજયભરમાં આજે ઠંડીના જોરમાં સામાન્ય વધારો થયો છે. અમરેલી ૯.૬ ડિગ્રી સેલ્સીયસ સાથે રાજયનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતુ. અમરેલીને બાદ કરતા આજે તમામ શહેરોમાં લઘુતમ તાપમાનનો પારો ડબલ ડીજીટમાં નોંધાયું હતુ. સવારના સમયે ગાઢ ધુમ્મસ જોવા મળે છે. બપોરના સમયે તાપમાનનો પારો થોડો ઉંચો રહે છે.



હવામાન વિભાગના જણાવ્યાનુસાર આજે રાજયમાં સૌથી નીચુ તાપમાન અમરેલીનું રહેવા પામ્યું હતુ. ૯.૬ ડિગ્રી સાથે અમરેલીનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતુ. જયારે અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૪.૧ ડિગ્રી, બરોડાનું તાપમાન ૧૪.૮ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૧૬.૬ ડિગ્રી, ભુજનું તાપમાન ૧૫.૬ ડિગ્રી, દમણનું તાપમાન ૧૬.૨ ડિગ્રી, ડિસાનું તાપમાન ૧૨.૩ ડિગ્રી, દિવનું તાપમાન ૧૨.૨ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૧૯ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૧૩.૫ ડિગ્રી, કંડલાનું તાપમાન ૧૫.૫ ડિગ્રી, નલીયાનું તાપમાન ૧૧.૨ ડિગ્રી, ઓખાનું તાપમાન ૧૯.૫ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૧૨.૮ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૧૩ ડિગ્રી, સુરતનું તાપમાન ૧૫.૨ ડિગ્રી, જૂનાગઢનું તાપમાન ૧૨.૩ ડિગ્રી, અને વેરાવળનું તાપમાન ૧૬.૪ ડિગ્રી નોંધાયું હતુ. ગીરનાર પર્વત પર તાપમાનનો પારો ૭.૭ ડિગ્રી આસપાસ રહેવા પામ્યો હતો.

આગામી ગુરૂવારથી વાતાવરણમાં ફરી એકવાર પલ્ટો આવે તેવી સંભાવના રહેલી છે. ૨૨થી ૨૭ જાન્યુઆરી દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉતર ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. હવે ક્રમશ: લઘુતમ તાપમાનમાં વધારો થશે બપોરના સમયે પારો થોડો ઉંચોરહેશે.

# ગુજરાત યુનિવર્સિટીમાં ૩૩ અભ્યાસક્રમોમાં ફીમાં રાહત આપવા માંગ

## પુરતા અનુભવી અધ્યાપકો અને ખુટતી શૈક્ષણીક વ્યવસ્થા કરવાની રજૂઆત

**અબતક,રાજકોટ**

ગુજરાત યુનિવર્સિટીનાં ૩૩ સેલ્ફ ફાઈનાન્સના અભ્યાસક્રમોમાં ફીમાં રાહત આપવાની માંગ ઉઠી છે.ગુજરાત યુનિવર્સિટી સંચાલિત વિવિધ ૩૩ સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ઊંચી ફી માંથી રાહત આપવા અને અન્ય શૈક્ષણીક સુવિધા અંગે વ્યાજબી પગલા ભરવા માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ખાનગી કંપનીઓ અને વિશેષ ભાગીદારોને મુક્ત કરવાથી તમામ ફીની આવક ગુજરાત યુનિવર્સિટીના એકાઉન્ટમાં જમા થાય છે અગાઉ ખાનગી કંપનીઓ અને વિશેષ ભાગીદારોને જે હિસ્સો આપવામાં આવતો હતો તેમાંથી યુનિવર્સિટી મુક્ત થઈ છે. તેમ છતાં અગાઉના ફીના ધોરણો ઘણા ઊંચા હતા તે જ ફી લેવામાં આવી રહી છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૩૩ થી વધુ સેલ્ફ ફાયનાન્સ સ્નાતક અને અનુસ્નાતક જેમાં ૨૭૫૬ વિદ્યાર્થીઓની બેઠક સંખ્યા હાલમાં ઉપલબ્ધ છે.

જેમાં વિવિધ સેલ્ફ અભ્યાસક્રમો માટે રૂ. ૪૦,૦૦૦ થી ૫૫,૦૦૦, રૂ. ૫૦,૦૦૦ થી ૬૫,૦૦૦, રૂ. ૭૫,૦૦૦ થી ૯૦,૦૦૦ અને અમુક અભ્યાસક્રમોના વાર્ષિક ૧,૨૦,૦૦૦ જેટલી માતબર ફી વસૂલવામાં આવી રહી છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ઊંચી ફી માંથી સામાન્ય-મધ્યમવર્ગના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને રાહત આપવામાં આવે. હાલમાં ચાલતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ફેકલ્ટી તરીકે તાજેતરમાં પાસ આઉટ થયેલ ને નિમણુંક અપાઈ છે. અગાઉ જેમની સામે અનેક ફરિયાદો થી હતી, વિવાદાસ્પદ કામગીરી કરી ચૂકેલા અનેક કર્મચારીઓને ગોઠવણ કરી દેવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઘણા સમયથી સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહ્યાં છે. જે અભ્યાસક્રમો જુદી જુદી કંપનીઓ સાથે એમ.ઓ.યુ. કરીને ગુજરાત યુનિવર્સિટી ખાતે ચલાવવામાં આવતા હતા જેમાં તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત વિવિધ લાભો જે તે કંપનીઓને આપવામાં આવ્યા હતા. આ અભ્યાસક્રમોમાં એમ.ઓ.યુ. માં વિવિધ શરતો કરીને આવકની નિશ્ચિત વહેંચણી પણ સુનિશ્ચિત ઠરાવવામાં આવી હતી. ત્યારબાદ, જે તે કંપનીઓ અને વિશેષ વ્યકિતઓની ભાગીદારી સાથે લાંબો વિવાદ ઊભો થતાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા તમામ અભ્યાસક્રમો ચલાવતી ખાનગી કંપનીઓ અને વિશેષ ભાગીદારોને મુક્ત કરવામાં આવ્યા તે આવકારદાયક બાબત છે.ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલતા ૩૩ થી વધુ સ્નાતક અને અનુસ્નાતક વિવિધ સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ફીની આવક સામે વ્યાજબી પણું તપાસીને સામાન્ય-મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને પાસેથી વસૂલાતી ફીમાં તાત્કાલીક અસરથી ઘટાડો કરવામાં આવે. જેથી વ્યાજબી ફીમાં વિશેષ અભ્યાસક્રમો દ્વારા કારકિર્દી ઘડવામાં તમામને તક મળે.

# બ્રાસ ભઠ્ઠીઓની ચિમનીઓથી ઓકાતું બેફામ હવા પ્રદૂષણ : જન આરોગ્ય ગંભીર ખતરો

## નિયમોની ખુલ્લેઆમ ઉલ્લંઘના છતાં જીપીસીબીનું રહસ્યમય મૌન

## ૧૧૦૦ જેટલી બ્રાસ ભઠ્ઠીઓ કાર્યરત હોવાથી ઝેરી ધુમાડો અને ગંદું પાણી ખુલ્લી ગટરમાં છોડવા કારણે શહેરીજનોનું આરોગ્ય





## ૩૦ ફૂટ ઊંચી ચિમની ફરજિયાત હોવા છતાં અનેક ભઠ્ઠીઓમાં માત્ર ૮થી ૧૦ ફૂટ ઊંચી ચિમનીઓ :બ્રાસ ભઠ્ઠીઓની જોહુકમી સામે કાયદો વામણો

જામનગરના ઔદ્યોગિક વિસ્તારોમાં બ્રાસ ભઠ્ઠીઓની ચિમનીઓ દ્વારા નિયમોની ખુલ્લેઆમ ઉલ્લંઘના થતી હોવાને કારણે હવા પ્રદૂષણ ભયજનક સ્તરે પહોંચી ગયું છે. ૩૦ ફૂટ ઊંચી ચિમની ફરજિયાત હોવા છતાં અનેક ભઠ્ઠીઓમાં માત્ર ૮થી ૧૦ ફૂટ ઊંચી ચિમનીઓ રાખી ઝેરી અને કેમિકલયુક્ત ધુમાડો સીધો વાતાવરણમાં છોડવામાં આવી રહ્યો છે. પરિણામે શહેરમાં હવા પ્રદૂષણમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે અને જન આરોગ્ય ગંભીર સંકટમાં મૂકાયું છે.

દરેડ જીઆઈડીસી ફેઝ-૧ અને ૨, શંકરટેકરી સહિતના ઔદ્યોગિક વિસ્તારોમાં કારખાનાઓ દ્વારા ઝેરી અને કેમિકલયુક્ત પાણીનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવાની જોગવાઈ છે, પરંતુ વાસ્તવમાં મોટાભાગના એકમો દ્વારા આ ગંદું પાણી જાહેરમાં કે ભૂગર્ભ ગટરમાં છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે જમીનનું તળ પ્રદૂષિત થવાની સાથે રંગમતી નદી પણ પ્રદૂષણથી ખદબદી રહી છે.

## હવા પ્રદૂષણથી ફેફસાના રોગોની શક્યતા વધતી

જી.જી. હોસ્પિટલના સિનિયર તબીબ ડો. એસ.એસ. ચેટર્જીએ જણાવ્યું હતું કે, હવા પ્રદૂષણથી ફેફસાના રોગો થવાની શક્યતા વધી જાય છે. ઉપરાંત દમ, શ્વાસની તકલીફ અને એલર્જી જેવી સમસ્યાઓ પણ ઊભી થઈ શકે છે. શહેરમાં વધતા હવા પ્રદૂષણને કારણે નાગરિકોમાં ભય અને ચિંતા વ્યાપી છે.

આ ગંભીર સ્થિતિ અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સ્થાનિક અધિકારીઓ જાણતા હોવા છતાં કાર્યવાહી ન કરતાં મસમોટા ભ્રષ્ટાચારની શંકાઓ ઉઠી રહી છે. જાગૃત નાગરિકો અને કેટલાક કારખાનેદારો દ્વારા મૌખિક ફરિયાદો છતાં લેખિત ફરિયાદના બહાને મુદ્દાને દબાવવાની નીતિ અપનાવવામાં આવતી હોવાની ચર્ચા છે.

શહેરમાં અંદાજે ૧૧૦૦ જેટલી બ્રાસ ભઠ્ઠીઓ કાર્યરત હોવાથી ઝેરી ધુમાડાના કારણે શહેરીજનોનું આરોગ્ય ભગવાન ભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

# સમૂહ ભોજનમાં ૧૮ હજારથી વધુ આહીર જ્ઞાતિજનોએ પ્રસાદ ગ્રહણ કરી શિસ્તતાના દર્શન કરાવ્યા

## ઉપલેટાના માલદેભાઈ આહીર, કસુંબલ કલાવૃંદ - દ્વારા ''આશરાનો ધર્મ આહીર ''ઐતિહાસિક નાટકને નાટક હોંશભેર નિહાળ્યું





### રક્તદાન કેમ્પમાં ૩૫૨ બોટલ બ્લડ એકત્રીત

જામનગર આહીર સમાજને આંગણે આહીર યુવા ગ્રુપ દ્વારા આયોજિત મકરસંક્રાંતિના અવસરે સમૂહભોજન, રક્તદાન કેમ્પ અને આશરાનો ધર્મ આહીર ઐતિહાસિક નાટકની પ્રસ્તુતિ સહિતના કાર્યક્રમ ઉજવાયા હતાં. સંસ્કૃતિ, સેવા, સંગઠન અને ઈતિહાસના સમન્વય સમાન ત્રિવેણી સંગમ કાર્યક્રમ ઉજવાયો હતા. 'અન્ન ભેગા તેના મન ભેગા'ના ભાવ સાથે સમૂહભોજનમાં અંદાજિત ૧૮ હજારથી વધુ જ્ઞાતિજનોએ પ્રસાદ ગ્રહણ કરી શિસ્તતાના દર્શન કરાવ્યા હતા. જામનગર આહીર સમાજ, અને આહીર યુવા ગુપ દ્વારા આગામી તા. ૧૪-૧-૨૦૨૬ ને બુધવાર, મકરસંક્રાંતિના પાવન પર્વ પર સમૂહભોજન અને રક્તદાન કેમ્પ સાથે આશરા ધર્મની ઐતિહાસિક ગૌરવવંતી જીવનગાથા આધારિત સિનેમેટિક મેગા નાટક આશરાનો ધર્મ આહીર નાટક પ્રસ્તુત કરવા સહિતના ત્રિવેણી સંગમ સમાન કાર્યક્રમ ઉજવાયા હતા. જેમાં સાંસદ પૂનમબેન માડમ, પૂર્વ કેબિનેટ મંત્રી ખંભાળિયાના ધારાસભ્ય મુળુભાઈ બેરા, પૂર્વસાંસદ વિક્રમભાઈ માડમ, ધારાસભ્ય હેમંતભાઈ ખવા, સમાજના પીઢ અગ્રણી ભીખુભાઈ વારોતરીયા, આહિર સમાજના પ્રમુખ રણમલભાઈ કાંબરિયા, સહિતના અગ્રણીઓના હસ્તે રકતદાન કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં જામનગર શહેરના ખૂણે ખૂણેથી સમાજના યુવાઓ અને આગેવાનો ઉમટી પડ્યા હતા. મહામૂલી માનવ જિંદગી બચાવવાના ઉદ્દેશ સાથે ૩૫૨ બોટલ જેટલું ધીંગુ રક્તદાન થાયુ હતું. ત્યારબાદ દર વખતની માફક આ વખતે પણ પરંપરાગત રીતે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શિસ્તબધ રીતે ૧૮,૦૦૦ થી વધુ જ્ઞાતિજનો એ પ્રસાદ ગ્રહણ કરી આહીર સમાજની પરંપરાને સવાઈ કરી હતી. આ કાર્યક્રમ સમાજ અને રાષ્ટ્ર માટે પ્રેરણારૂપ બને તેવા લક્ષ્ય સાથે આહીર વીર દેવાયત બોદર'' ના આશરા ધર્મની ઐતિહાસિક ગૌરવવંતી જીવનગાથા આધારિત સિનેમેટિક મેગા નાટક ''આશરાનો ધર્મ આહીર''નો પણ રાત્રે ૯: ૩૦ કલાકે યોજાયો હતો. માલદેભાઈ આહીર, કસુંબલ કલાવૃંદ - ઉપલેટા દ્વારા જામનગરની ધરતી પરના પ્રસ્તુત થયેલા આ ઐતિહાસિક નાટકને મોટી સંખ્યામાં લોકોએ ખુમારી સાથે નિહાળ્યું હતું.

# જલારામ મંદિરે ૧૧૧રોટલાનો અન્નકૂટ ઉત્સવ



જલારામ બાપાએ શરુ કરેલા સેવા યજ્ઞને ધ્યાનમા રાખીને જામનગરમા હાપા ખાતે આવેલા જલારામ મંદિર ખાતે વિવિધ રીતે લોકો અને પશુઓની નિરંતર સેવા કરવામાં આવી રહી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રોટલા અન્નકૂટ ઉત્સવ યોજવામા આવ્યો હતો જેમાં ૧૧૧ પ્રકારના રોટલાનો અન્નકૂટ પ્રસાદી રૂપે ધરવામાં આવ્યો હતો.

હાપા જલારામ મંદિરમાં દર વર્ષે ૧૭ મી જાન્યુઆરીના પરંપરાગત રીતે રોટલાનો અન્નકૂટ ઉત્સવ ઉજવવામાં આવે છે. જામનગરમા છેલ્લા ૧૧ વર્ષથી આ પ્રકારે રોટલા અન્નકૂટ ધરવામાં આવે છે. ૧૧૧ પ્રકારના રોટલામા ડ્રાયફ્રૂટ, વિવિધ કઠોર અને શાકભાજીના રોટલા તૈયાર કરવામાં આવે છે. મકાઈ, રાગી, મેથી, પાલક, સીતાફળ, સ્ટ્રોબેરી સહિતના રોટલાએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. સાથે જ ૭ બાય ૭ ફૂટનો વિશાળ રોટલો પણ બનાવવામા આવે છે જેણે ગિનિસ બૂક ઓફ વર્લ્ડમા સ્થાન પણ મેળવ્યું છે.

ભોગ ધરાવેલા વિવિધ રોટલાને મંદિરમા દર્શને આવતા લોકોને પ્રસાદી રૂપે આપવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મોટી સંખ્યામા ભક્તો રોટલા અન્નકોટના દર્શન માટે ઉમટી પડ્યા હતા.

# પટેલ કોલોનીના શાંતિનગર વિસ્તારમાં મકાનમાં આગ ભભૂકી: કોઈ જાનહાની નહીં



જામનગર શહેરના પટેલ કોલોની વિસ્તારના આવેલા શાંતિ નગર શેરી નં -૧ માં આગની ઘટના સામે આવી હતી. શાંતિ નગર -૧ નં. માં આવેલ રહેણાંક ઘરમાં આગ લાગી હતી. જે મામલે સ્થાનિકો દ્વારા ફાયર સ્ટાફને જાણ કરાતા ફાયર ફાયટર ઘટના સ્થળે દોડી ગયા હતા. જ્યાં અવિરત પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી હતી.

પ્રાથમિક દ્રષ્ટિએ સોર્ટ સર્કિટને કારણે ઘરમાં આગ લાગી હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. જોકે આગ કાબૂમાં આવે તે પહેલા આગને કારણે ઘરવખરીને સહિતનો સામાન બળીને ખાક થઈ ગયો હતો. આગ કાબુમાં આવતા આસપાસના લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

# સોશિયલ મીડિયામાં પૂર્વ કૃષિમંત્રી રાઘવજી અને બિલ્ડરને બદનામ કરનાર પિતા-પુત્ર બાદ વધુ એક ઝડપાયો

## નેપાળમાં બેસીને સોશિયલ મીડિયામાં પોસ્ટ અપલોડ કરનાર વિશાલને સ્થાનિક માહિતી સાગરીત પહોંચાડતો હતો



**અબતક, જામનગર**

જામનગર ગ્રામ્યના ધારાસભ્ય અને ગુજરાત રાજયના પૂર્વ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ તેમજ જામનગરના અગ્રણી બિલ્ડર પિતા-પુત્રને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરનાર વિશાલ કણસાગરાને જામનગર સાયબર પોલીસે ઝડપી લીધા બાદ તેના એક સાગરિત ધ્રોલના એક શખ્સને ઝડપી લેવાયો છે, અને બે દિવસના રિમાન્ડ પર લીધો છે. જે જામનગર પંથકની તમામ માહિતી નેપાળમાં બેઠેલા વિશાલ ને પૂરી પાડતો હતો, તેવું જાણવા મળવું છે.

જામનગરના અગ્રણી બિલ્ડર જમનભાઈ ફળદુ અને તેમના પુત્રને સોશિયલ મીડિયામાં બદનામ કરવાનું કાવતરું રચવા અંગે બે આઈડી ધારકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી, ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે પણ સાયબર ક્રાઈમ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ ની આ.ઈડી. ના ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. આ ઉપરાંત બિલ્ડર સ્મિત પરમારે પણ સાયબર ક્રાઈમ પોલિસ મથકમાં વિશાલ કણસાગરા નામની આઈડીના ધારક સામે પોતાની પાસે ખંડણી માંગવા સંદર્ભે અને સોશિયલ મીડિયામાં બદનામ કરવા અંગેની ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન સાઈબર ક્રાઈમ પોલીસે આ પ્રકરણમાં સૌ પ્રથમ હેમતલાલ કણસાગરા અને પરસોત્તમ પરમાર નામના બે જામનગરના આરોપીઓની અટકાયત કરી લીધી હતી. મુખ્ય સૂત્રધાર વિશાલ કણસાગરો ઝડપી લીધો છે,

પોલીસ દ્વારા તેના બે મોબાઈલ ફોન વગેરે કબજે કરવામાં આવ્યા છે, અને ઘનિષ્ઠ પૂછપરછ ચલાવાઈ રહી છે. જેમાં તેને જામનગર પંથકની તમામ માહિતી ધ્રોલમાં રહેતો રાજેન્દ્રસિંહ સોલંકી નામના સાગરીત પુરી પાડતો હોવાનું કબૂલ્યું હતું. જેથી જામનગર સાઈબર ક્રાઈમ પોલીસની ટીમે ધ્રોળના વતની રાજેન્દ્રસિંહ સોલંકી ની ધરપકડ કરી લીધી છે, અત્યાર સુધીમાં કુલ ચાર આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે, અને પાંચ મોબાઈલ ફોન કબજે કરી લેવાય છે. જે તમામની ડીટેલ મેળવવા માટેની કાર્યવાહી ચાલી રહી છે.

## સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિતે

# જામજોધપુર: આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સ્પોર્ટ્સ ડેની ઉજવણી



**અબતક, ભરત ગોહિલ**
**જામજોધપુર**

જામજોધપુરમાં એવીડીએસ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડમાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિતે સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી. જેમાં વિવિધ પ્રકારની રમતો જેવી કે એથ્લેન્ટિકસમાં દોડ, ઊંચી કૂદ, ગોળા ફેંક તેમજ દેશી રમતોમાં દડા માર, નારગોલ, રસા ખેંચ, લીંબુ ચમચી વગેરે રમતો રમાડવામાં આવી હતી. આ રમતોમાં આર્ટ્સમાં ભાઈઓ અને બહેનો તેમજ કોમર્સમાં ભાઈઓ અને બહેનો એમ કુલ ૪ વિભાગો પાડવામાં આવ્યા હતા. જેમાં આર્ટ્સના ભાઈઓ અને બહેનો વિજેતા થયા હતા.

# જગત મંદિરમાં ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ



**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દ્વારકાધીશ જગત મંદિરમાં ઠાકોરજીના ભાવિક ભક્ત દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો. શનિવારના નીલા (બ્લ્યુ) વાઘા અને શીતકાલીન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતી તથા મંગલા દર્શનનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભક્તોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.

# વૃંદાવન ગૌશાળા દ્વારા ૫૦૦ ગૌ માતાઓને લાડુ ખવડાવ્યા



જાંબુડામાં વૃંદાવન ગૌશાળા દ્વારા મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ૫૦૦ થી વધારે ગૌ માતા, નંદી, વાછરડાઓને ૨૦૦૦ હજાર કિલો લાડુના પ્રસાદનું ભોજન કરાવવામાં આવ્યું હતું.

આ સેવા કાર્યમાં મૂખ્ય મહેમાન એપી.એમ.સી ઈન્સ્પેકટર ઘનશ્યામભાઈ વાદી, જયંતીભાઈ વાદી, અરજણભાઈ રાઠોડ, ધર્મ ઈન્ડસ્ટ્રીઝના ગંભીરસિંહ સોઢા, જે .જે જાડેજા, વશરામભાઈ રાઠોડ, વલ્લભભાઈ પટેલ, ઉપસ્થિત રહ્યા હતા. આ ગૌશાળામાં હાલ નંદી, વાછરડા, તથા ગૌમાતા મળી પાંચસો થી વધુ મૂંગા પશુઓનું પાલન કરવામાં આવે છે. વૃંદાવન ગૌશાળા ટ્રસ્ટ ના પ્રમુખ ચંદુભાઈ એન.રાજયગુરૂ દ્વારા દાતાઓ ને આર્થિક સહયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે, અને (૯૭ ૧૨૫ ૭૪ ૭૭૨ ) નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# રંગમતી નદી પુનરોધ્ધાર માટે દાઉદી બોહરા સમાજનો સહયોગ



જામનગર દાઉદી બોહરા સમાજે રંગમતી નદી પુનરોદ્ધાર પ્રોજેક્ટમાં સહયોગ આપવા માટે જામનગર મહાનગરપાલિકા સાથે ભાગીદારી કરી છે. સદીઓથી વેપાર, શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે શહેરના વિકાસમાં યોગદાન આપતા સમાજે હવે પર્યાવરણ સંરક્ષણ તરફ જવાબદાર પગલું ભર્યું છે.

આ પ્રોજેક્ટ સમાજના કોમ્યુનિટી સેન્ટર અને ઐતિહાસિક 'બોહરા હજીરા' નજીક અમલમાં મૂકાઈ રહ્યો હોવાથી તેનો વિશેષ મહત્ત્વ છે. ભાગીદારીના પ્રારંભ રૂપે મ્યુનિસિપલ કમિશનર દિનેશ મોદીના નેતૃત્વમાં રંગમતી નદી ખાતે સફાઈ કાર્યક્રમ યોજાયો હતો અને પુનરોદ્ધાર માટે સમાજ દ્વારા મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું હતું.પછી કમિશનર દિનેશ મોદી અને આસિસ્ટન્ટ કમિશનર મુકેશ વણવાએ બોહરા સમાજના સેન્ટરની મુલાકાત લઈ લાંબા ગાળાના સહકાર અંગે ચર્ચા કરી હતી.રંગમતી નદીના પુનરોદ્ધાર માટે બોહરા હજીરા નજીક રિટેનિંગ વોલનું નિર્માણ, નદીના પટનું ચેનલાઈઝેશન અને લેન્ડસ્કેપિંગ કરવામાં આવશે.સિટી એન્જિનિયર ભાવેશભાઈ જાનીએ જણાવ્યું હતુ કે, સમાજનો સહયોગ નદીના ઈકોલોજીકલ સંતુલન અને સાંસ્કૃતિક મહત્વને પુનઃસ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.દાઉદી બોહરા સમાજના વરિષ્ઠ સભ્યએ જણાવ્યું કે, રંગમતી નદીના પુનરોદ્ધારમાં સહયોગ એ જામનગર તથા આવનારી પેઢીઓ પ્રત્યેની સમાજની જવાબદારી દર્શાવે છે.

# ગુજરાત ટેક્સટાઈલ પોલિસીમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવાયા:વ્યાપ વધારાયો

## મહિલા સ્વ સહાય જુથોના સશક્તિકરણના પ્રોત્સાહનને વધુ વ્યાપક બનાવાશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં પહેલીવાર ગ્રામીણ અને શહેરી વિસ્તારોની મહિલાઓના સ્વ સહાય જુથ - સેલ્ફ હેલ્પ ગ્રુપના સશક્તિકરણ અને આવક વૃદ્ધિનો અભિગમ અપનાવેલો છે.

મુખ્યમંત્રીએ મહિલા સશક્તિકરણના આ અભિગમને વધુ વ્યાપક બનાવવા માટે ટેક્સટાઈલ પોલિસીની કેટલીક જોગવાઈઓમાં મહત્વપૂર્ણ સુધારા કરવાના દિશા નિર્દેશો આપ્યા છે.

નેશનલ રૂરલ લાઈવલી હુડ મિશન તથા નેશન અર્બન લાઈવલી હુડ મિશનમાં નોંધાયેલા કે અન્ય સ્વૈચ્છિક સ્વ સહાય જુથ જેમાં આજીવિકાના સમાન હેતુ થી જોડાયેલી મહિલાઓના એક અથવા એકથી વધુ સેલ્ફ હેલ્પ ગ્રુપને ટેક્સટાઈલ પોલિસી અંતર્ગત લાભ મળી શકશે.

મુખ્યમંત્રીએ એક અન્ય નિર્ણય એવો પણ કર્યો છે કે, રાજ્યમાં મ્યુનિસીપલ એરીયાની હદમાં આવતા હોય તેવા ગારમેન્ટ, એપેરલ અને મેડઅપ્સ, સ્ટીચીંગ, એમ્બ્રોઈડરી તથા અન્ય એક્ટિવિટી સાથે સંકળાયેલા નોન પોલ્યુટીંગ ટેક્ષટાઈલ મેન્યુફેકચરીંગ એક્ટિવિટીવાળા એકમોને પણ આ ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪નો લાભ અપાશે.

રાજ્યની અર્થવ્યવસ્થા અને દેશની આર્થિક પ્રગતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવતા કાપડ ઉદ્યોગની ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનના દરેક સેગમેન્ટનું એનાલીસીઝ કરીને ગારમેન્ટ અને એપેરલ તથા ટેક્નિકલ ટેક્સટાઈલમાં વિશેષ ફોકસ કરવાનો વ્યુહ ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં મુખ્યમંત્રીએ અપનાવ્યો છે.

આના ભાગરૂપે ટેક્ષટાઈલની નોન પોલ્યુટીંગ પ્રવૃતિ ગારમેન્ટ, એપેરલ અને મેડઅપ્સ, સ્ટીંચીંગ, એમ્બ્રોડરી તથા અન્ય વેલ્યુએડેડ એક્ટિવિટિ ધરાવતા એકમો કે જે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની પ્રર્વતમાન વ્હાઈટ કેટેગરી તથા ગ્રીન કેટેગરી અથવા તેને સમકક્ષ જીપીસીબીના પ્રવર્તમાન જોગવાઈ / કેટેગરી



## નોન પોલ્યુટીંગ ટેક્સટાઈલ મેન્યુફેક્ચરીંગ એક્ટિવીટીના મ્યુનિસિપલ વિસ્તારમાં આવતા એકમોને પોલિસીનો લાભ મળશે

ક્લાસીફીકેશન હેઠળ સમાવેશ થતા તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની હદમાં સ્થાપિત એકમોને પણ ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી ૨૦૨૪ અંતર્ગત સહાય પાત્ર ગણવામાં આવશે.મુખ્મંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણયથી રાજ્યના મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની હદમાં આવેલા નોન પોલ્યુટીગ ટેક્ષટાઈલ એકમોને યોજનાનો બહોળો લાભ મળશે.

એટલું જ નહિ,શહેરી વિસ્તારમાં રોજગાર સર્જનને પ્રોત્સાહન મળશે તથા કુશળ-અર્ધકુશળ કામદારો માટે સ્થાનિક સ્તરે રોજગારની તકો વધશે.

નોન-પોલ્યુટીંગ ટેક્ષટાઈલ પ્રવૃત્તિઓને શહેરી વિસ્તારમાં માન્યતા મળવાથી સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને વિકાસ માટે પણ અનુકૂળ વાતાવરણ મળશે.

આ ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ઉપલબ્ધ આંતર માળખાકીય સુવિધાઓનો અસરકારક ઉપયોગ થશે, જેના કારણે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે અને સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન મળશે.ગારમેન્ટ, એપેરલ, સ્ટીચિંગ તથા એમ્બ્રોડરી જેવી લેબર-ઈન્ટેન્સિવ અને નોન-પોલ્યુટીંગ ટેક્ષટાઈલ પ્રવૃત્તિઓ શહેરી વિસ્તારમાં સ્થિત થવાથી મહિલા કર્મચારીઓને સ્થાનિક સ્તરે

(અનુ. આઠમા પાને)

# વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રજૂ કરશે વિકસીત ગુજરાતનો રોડ મેપ

## નાયબ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ ગુજરાતને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ તરીકે પ્રસ્તુત કરશે

**અબતક,રાજકોટ**

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકારનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે યોજાઈ રહેલી ‘વર્લ્ડ ઈકોનોમિક ફોરમ’ ૨૦૨૬માં ભાગ લેવા અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી રવાના થયા હતા.

નાયબ મુખ્યમંત્રી હર્ષ

(અનુ. આઠમા પાને)



# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી સંદર્ભે ગુજરાતના ૩૨ નેતાઓ બે દિવસ દિલ્હીમાં

**અબતક,રાજકોટ**

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયામા સામેલ થવા માટે આજથી બે દિવસ માટે ગુજરાતના ૩૨ નેતાઓ દિલ્હીમાં હાજર રહેશે મુખ્યમંત્રી સહિત ૨૦ નેતાઓ પ્રસ્તાવક તરીકે જયારે પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે ૧૨ નેતાઓ વિશેષ આમંત્રીત સભ્ય તરીકે હાજરી આપશે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે આજે નામાંકન અને આવતીકાલે જાહેરાતની પ્રક્રિયામાં ભાગ લેવા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી સહિતના અગ્રણીઓ બે દિવસના દિલ્હી પ્રવાસે ગયા છે.

## મુખ્યમંત્રી સહિત ૨૦ નેતાઓ પ્રસ્તાવક તરીકે હાજરી આપશે જયારે પ્રદેશ અધ્યક્ષ સહિત ૧૨ નેતાઓ વિશેષ આમંત્રિત સભ્ય તરીકે ઉપસ્થિત રહેશે

રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા માટે પ્રસ્તાવક તરીકે ભૂપેન્દ્રભાઈ પટેલ , સી. આર. પાટીલ , મનસુખભાઈ માંડવિયા , નિમુબેન બાંભણિયા , રાજેન્દ્રસિંહ રાણા , પરશોત્તમભાઈ રૂપાલા, જીતુભાઈ વાઘાણી - , નિતીનભાઈ પટેલ -, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા , રાજનીભાઈ પટેલ , ભરતસિંહ પરમાર , જયસિંહ ચૌહાણ , વિનોદભાઈ ચાવડા, જશવંતસિંહ , શંભુપ્રસાદ ટુંડિયા - ,



વેલજીભાઈ માસાણી , રતનસિંહ રાઠોડ , માયાબેન કોડનાની , જગદીશભાઈ પટેલ , અમીબેન પરીખ જયારે રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા માટે વિશેષ આમંત્રિત સભ્યો તરીકે જગદીશભાઈ વિશ્વકર્મા , રત્નાકરજી , આર. સી. ફળદુ , આઈ. કે. જાડેજા , , દર્શનાબેન જરદોશ , પ્રદિપસિંહ જાડેજા , ભાવનાબેન દવે , જયશ્રીબેન પટેલ - , સુરેન્દ્રભાઈ પટેલ , ગોરધનભાઈ ઝડફિયા , બાબુભાઈ જેબાલિયા , ડો. પરિનુ કે. ભગત દિલ્હી ગયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં પ્રતિનિધિત્વ માટે સ્વિટઝરલેન્ડના પ્રવાસે હોવાથી ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા માટે દિલ્હી ખાતે ઉપસ્થિત નહિ રહે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયાનો આજથી આરંભ થયો છે. આજે ઉમેદવારી ફોર્મ ભરાશે જયારે આવતીકાલે જરૂર પડશે તો મતદાન હાથ ધરાશે દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ

(અનુ. આઠમા પાને)

### હવે દુનિયાભરનો સ્વાદ એક જ જગ્યાએ!

# ગીફ્ટમાં મહેમાનોની ‘મોજ’ માટે દારૂની સાથે વ્યંજનો પીરસવા ૧૦૦ જેટલા રેસ્ટોરન્ટોને લાઈનમાં લગાડાશે

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના પ્રયાસોથી મેક્સિકન ટેકોઝ, ઈટાલિયન પાસ્તા, જાપાનીઝ સુશી અને પંજાબી-ગુજરાતી થાળી સહિત વિશ્વભરની વાનગીઓની સુગંધ એકસાથે જોવા મળશે

“મુંબઈ સે આયા મેરા દોસ્ત દોસ્ત કો સલામ કરો રાત કો ખાઓ પીઓ દીન કો આરામ કરો“ આ ગીતને હવે ટૂંક સમયમાં જ ગિફ્ટ સિટીમાં હકીકતમાં બદલાવમાં આવશે જ્યાં વિશ્વભરના વ્યક્તિઓને પોતાની મન પસંદ વાનગી એક જ સિટીમાં મળી રહેશે. અને એમ પણ ગુજરાતીઓ માટે કહેવાય છે કે ’જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ; પણ જ્યાં આ બંને ન પહોંચે ત્યાં પહોંચે ખાણી-પીણીનો શોખીન ગુજરાતી!’ આપણા આ ચટાકેદાર સ્વભાવને હવે આંતરરાષ્ટ્રીય સ્તરનું નવું સરનામું મળવા જઈ રહ્યું છે. ગાંધીનગરનું ગિફ્ટ સિટી માત્ર ડોલર અને ફાઈનાન્સનું હબ જ નહીં, પણ હવે સ્વાદના શોખીનો માટે ’ગ્લોબલ ફૂડ કોર્ટ’ બનવા જઈ રહ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તાજેતરમાં દેશ-વિદેશની ૧૦૦ થી વધુ દિગ્ગજ રેસ્ટોરન્ટ બ્રાન્ડ્સના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજીને તેમને ગુજરાતના આંગણે હૃદયપૂર્વકનું આમંત્રણ આપ્યું છે.

ગિફ્ટ સિટી જે રીતે આંતરરાષ્ટ્રીય ફિનટેક હબ તરીકે ઉભરી રહ્યું છે, ત્યાં કામ કરતા વિદેશી મહેમાનો અને દેશના ખૂણેખૂણેથી આવેલા પ્રોફેશનલ્સ માટે હવે હાઈ-ક્લાસ ડાઈનિંગ એક્સપિરિયન્સ અનિવાર્ય બન્યો છે. સરકારનો ઉદ્દેશ્ય માત્ર ’ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ’ જ નહીં, પણ





’ઈઝ ઓફ લિવિંગ’ સુધારવાનો પણ છે. ગિફ્ટ સિટીમાં વિશ્વસ્તરીય ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાવીને સરકાર અહીંના સામાજિક જીવનને વધુ જીવંત બનાવવા માંગે છે, જેથી અહીં સ્થાયી થયેલા પરિવારોને ગ્લોબલ સ્ટાન્ડર્ડની લાઈફસ્ટાઈલ અને લિજ્જતદાર વાનગીઓ એક જ છત નીચે મળી રહે. સાથે જ દેશ અને વિશ્વ ભરમાંથી આવતા લોકોને તેમનું મન પસંદ વ્યંજન એક જ જગ્યા પર મળી રહે જેથી તેઓ તેનો સ્વાદ એક જ જગ્યાએ મેળવી શકે.

સ્વાદના આ આંતરરાષ્ટ્રીય મેળાવડા પાછળનું એક મહત્વનું આકર્ષણ ગિફ્ટ સિટીમાં મળેલી વાઈન એન્ડ ડાઈનની વિશેષ છૂટછાટ પણ છે. આ છૂટછાટને કારણે હવે વિશ્વભરના ટોચના બિઝનેસ ટાયકૂન્સ, આંતરરાષ્ટ્રીય બેંકર્સ અને ટેકનોક્રેટ્સ જ્યારે ગુજરાતના મહેમાન બનશે, ત્યારે તેમને તેમના દેશ જેવો જ ’ગ્લોબલ કલ્ચરલ માહોલ’ અને પ્રીમિયમ લાઈફસ્ટાઈલનો અનુભવ મળશે. હર્ષ સંઘવીની આ બેઠકનો મુખ્ય હેતુ જ એ હતો કે જ્યારે વિશ્વભરના મહેમાનો ગિફ્ટ સિટીમાં પધારે, ત્યારે તેમને માત્ર બિઝનેસની જ નહીં, પરંતુ શ્રેષ્ઠ વાઈન અને ડાઈનિંગની સુવિધા પણ ઉપલબ્ધ હોય. આ બદલાવથી માત્ર પ્રવાસન જ નહીં, પણ આંતરરાષ્ટ્રીય સ્તરનું

(અનુ. આઠમા પાને)

### ફાર્મા હબ અમદાવાદ મેડિકલ ટુરિઝમની ગરજ સારશે

# કલોલ નજીક હોસ્પિટલ, કોલેજ, આર એન્ડ ડી સેન્ટર અને તબીબી પૂર્જા સહિતની “મેડિસિટી” બનશે

## દુબઈ હેલ્થકેર સિટીની તર્જ પર ગુજરાત સરકારનો માસ્ટર પ્લાન: ૨૦૨૮ સુધીમાં પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક, મેડિકલ વેલ્યુ ટ્રાવેલ બોર્ડ દ્વારા થશે સંચાલન

**અબતક , ગાંધીનગર**

ગુજરાતને મેડિકલ ક્ષેત્રે વૈશ્વિક હબ બનાવવાની દિશામાં રાજ્ય સરકારે એક મક્કમ ડગલું માંડ્યું છે. અમદાવાદને મેડિકલ સુવિધાઓના મુખ્ય મથક તરીકે પ્રમોટ કરવાના હેતુથી કડી-કલોલ વચ્ચે આંતરરાષ્ટ્રીય સ્તરની ’મેડિસિટી’ સ્થાપવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ સંપૂર્ણપણે દુબઈ હેલ્થકેર સિટી ના મોડેલ પર આધારિત હશે, જે રાજ્યમાં મેડિકલ ટુરિઝમના નવા દ્વાર ખોલશે.

### શા માટે કડી-કલોલની પસંદગી?

આ વિસ્તાર પસંદ કરવા પાછળનું મુખ્ય કારણ અહીં પહેલેથી અસ્તિત્વમાં રહેલી મેડિકલ અને નર્સિંગ કોલેજો છે. ઉપરાંત, આ ક્ષેત્ર અમદાવાદ એરપોર્ટની અત્યંત નજીક છે અને અગાઉથી સ્થાપિત ફાર્મા ક્લસ્ટરની નિકટ હોવાથી લોજિસ્ટિક્સ અને સંશોધન ક્ષેત્રે મોટી મદદ મળશે.

અંદાજે ₹૧૩ કરોડના ખર્ચે આકાર લેનારા આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં અત્યાધુનિક સુવિધાઓનો સમન્વય કરવામાં આવશે. જેમાં જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ દ્વારા

(અનુ. આઠમા પાને)



# રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં સવા લાખ મણ મગફળીની આવક

## વિવિધ જણસી ભરીને ૧૧૫૦ વાહનો આવતા યાર્ડની બહાર લાંબી કતારો

**અબતક, રાજકોટ**

રાજકોટ માર્કેટીંગ યાર્ડ આજે વિવિધ પ્રકારની જણસીથી ઉભરાય ગયું હતું. મગફળીની સવા લાખ મણથી વધુની આવક થવા પામી હતી. આજે જણસી ભરીને ૧૧૫૦ જેટલા વાહનો આવી પડતા યાર્ડની બહાર બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી જવા પામી હતી. ઉતરાઈ વ્યવસ્થામાં ખુદ યાર્ડના ચેરમેન



(અનુ. આઠમા પાને)

# મહાશિવરાત્રીના પર્વે કરી શકાશે માત્ર રૂ. ૨૫માં સોમનાથદાદાની ઓનલાઈન બિલ્વપુજા

**અબતક, રાજકોટ**

શિવ ભક્તો માટે વર્ષના સૌથી મોટા ઉત્સવ એવા મહાશિવરાત્રીના પર્વ પર શ્રી સોમનાથ મહાદેવ પર પ્રતિદિન લાખો બિલ્વપત્રો અર્પણ કરવામાં આવનાર છે. આપેલ ક્યુઆર તથા શ્રી સોમનાથ ટ્રસ્ટની વેબસાઈટ somnath.org પરથી ભક્તો બિલ્વ પૂજા ઘરેબેઠાનોંધાવી શકશે, અને આ બિલ્વાર્ચન સોમનાથ મહાદેવ ને પૂજારીશ્રી દ્વારા કરવામાં આવશે. ત્યારે પ્રત્યેક ભક્ત પ્રથમ જ્યોતિર્લીંગ સોમનાથ મહાદેવ ને કરવામાં આવતી બિલ્વ પૂજાનો લાભ લઈ પુણ્ય પ્રાપ્ત કરી શકસે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આજરોજ આ પુજાનું લોન્ચીંગ શ્રી સોમનાથ મંદિરના મુખ્ય પુજારી ના હસ્તે અભિજીત મુહર્તમાં કરવામાં આવ્યું છે. ત્યાર બાદ પ્રથમ પૂજા નોંધાવી પુજાનો વિધિવત પ્રારંભ કરવામાં આવેલ હતો. જેમાં ટ્રસ્ટના અધિકારીઓ તેમજ ભક્તો જોડાયા હતા. વિશેષમાં આ વર્ષ સોમનાથ સ્વાભિમાન પર્વ ઉજવવાનું નક્કિ કરવામાં આવેલ છે, ત્યારે આ બિલ્વ પૂજાનો લાભ લઈ સ્વાભિમાન પર્વની ઉજવણીમાં જોડાવાનો લાભ લેવા શ્રદ્ધાળુઓને અપીલ કરવામાં આવે છે.





## ભકતોને પોસ્ટ મારફત નમન, રૂદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ મોકલાશે

છેલ્લા ૩ વર્ષથી શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રી અને શ્રાવણ પર્વે ભક્તો માટે આ વિશેષ બિલ્વપુજા સેવા શરૂ કરવામાં આવી રહી છે. જેમાંમોટી સંખ્યામાં ભક્તો તરફથી

(અનુ. આઠમા પાને)

